
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ છવ્વીસમું · અંક છઠ્ઠો · જૂન ઓગણીસ સો ઓગણપચાસ

સંસ્થાપક રવિશંકર રાવળ · અંક ૩૦૬ · તંત્રી બચુભાઈ રાવત



પ્રાચીન હિંદી માટીકામની પ્રણાલિએ, પોણી સદી પર મુંબાઈની
કળાશાળાએ કાઢેલો નમૂનો : વિસ્તૃત નોંધ આ પૂઠાંને ત્રીજે પાને



ઇ. ૧૯૪૭માં અમેરિકાએ ઊજવેલી બે શતાબ્દીઓ નિમિત્તે એ દેશે કાઢેલી ખાસ ટિકિટો તથા તે બહાર પડે તે દિવસે ચોડવા માટે કાઢેલાં બે 'ફર્સ્ટ-ડે કવર'નાં ચિત્રો ઉપર આપ્યાં છે. ડાબી બાજુનું ચિત્ર, 'વીજળીના જાદુગર'ના નામથી જગવિખ્યાત થનાર એ દેશના મહાન વૈજ્ઞાનિક ટૉમસ આલ્વા એડીસનની જન્મ-શતાબ્દી પ્રસંગે ૧૯૪૭ના ફેબ્રુઆરીની ૧૧મી તારીખે બહાર પડેલી ટિકિટ માટેના ફર્સ્ટ-ડે કવરનું છે. તેમાં વચ્ચોવચ, અમેરિકાના ઓહાયો પરગણાના મિલાન નામના ગામડામાં એડીસન જ્યાં જન્મ્યો હતો તે મકાનનું ચિત્ર છે અને તેની નીચે 'માનવજાતના ઉપકારક ટૉમસ આલ્વા એડિસનના ૧૦૦મા જન્મોત્સવના માનમાં' એવા શબ્દો લખેલા છે. એ મકાનની આસપાસ કરેલાં સુશોભનમાં મથાળે વચ્ચોવચ મશાલ પકડેલા હાથમાં વીજળીનો ગોળો જેની નીચે '(Darkness To Light)' (તમસો મા જ્યોતિર્ગમય) એવા શબ્દો છે. એની બંને બાજુ એડીસનની બીજી શોધો—ગ્રામોફોન, સીનેમા આદિનાં પ્રતીક-ચિત્રો આલેખેલાં છે, જેને મથાળે બે બાજુ 'પોર્ટ હુરોન' અને 'મેન્લો પાર્ક' એ તેનાં બે કાર્યસ્થળોનાં નામ છે તથા નીચે બે તકતીઓમાં ૧૮૪૭–૧૯૪૭ એમ તેના જન્મની તથા શતાબ્દીની સાલ દર્શાવી છે.

જમણી તરફનું ફર્સ્ટ-ડે કવર, એ જ વર્ષે ૧૯૪૭માં અમેરિકામાં પ્રથમ બહાર પડેલી ટપાલની ટિકિટોને પણ ૧૦૦ વરસ પૂરાં થતાં હોઇ તેના સ્મરણમાં બહાર પાડેલી ટિકિટો ચોડવા કાઢેલું છે. એ પ્રસંગે અમેરિકાએ પોતાને ત્યાં 'આંતરરાષ્ટ્રીય ટિકિટસંગ્રહ પ્રદર્શન' યોજેલું તેના ઉલ્લેખ સાથે એ દેશના બે મહાન પુરુષો બેન્જામિન ફ્રાંકલિન ને જ્યૉર્જ વૉશિંગ્ટનનાં ચિત્રો એના પર છે અને નીચે '૧૮૪૭-શતાબ્દી-૧૯૪૭' એવા ઉલ્લેખ સાથે એ ૧૦૦ વર્ષ દરમ્યાન અમેરિકામાં વપરાએલાં વાહનવ્યવહાર-સાધનોનાં ચિત્રો છે. ટિકિટ પર પણ એમનાં આલેખન છે.

નામાક્ષરોમાં ઋતુનિર્દેશ

આ અંકના પૂઠાના નામાક્ષરો વાદળરેખાઓ નીચે મોરની આકૃતિમાં ગૂંથેલા છે, જેમાં વર્ષાનું સૂચન છે.

કુમાર

જૂન ૧૯૪૯
અંક ૩૦૬

ચિત્રો —

પ્રાચીન પ્રણાલિનું હિંદી માટીકામ		પૃ.૬
બે શતાબ્દીઓનાં ફ્રંટ-ડે કવર		આગલા પૂઠાની અંદર
નિસર્ગદશ્યોની તકતીઓ [ભીંતચિત્રોમાં]	સત્યેન્દ્રનાથ બીસી	મુખચિત્રની પાછળ
ત્યાગ	કૃષ્ણલાલ ભટ્ટ.	ત્રિરંગી મુખચિત્ર
મદ્રાસ કળાશાળામાં નવું માટીકામ		પાછલા પૂઠાની અંદર

કાવ્યો —

હાર માની'તી એ જ શું મારો જય રે ?	રાજેન્દ્ર શાહ	૧૬૧
પ્રણયીની ઉક્તિ	ગુલાબદાસ બ્રોકર	૧૬૧

ચરિત્ર

આચાર્ય જાવડેકર	અશોક હર્ષ	૧૬૨

નાટિકા —

વિલોપન [મૂળ કથા: સ્વ૦ ઝવેરચંદ મેઘાણી]	નિરંજન ત્રિપાઠી	૧૬૪

લેખો

ત્યાગ	બ. રા.	૧૬૧
લશ્કરી તાલીમના ત્રણ માસ	હૃષીકેશ નાનુભાઇ પાઠક	૧૬૯
શ્રી સત્યેન્દ્ર બીસી : કલાકાર ને કલાશિક્ષક	રવિશંકર રાવળ	૧૭૨
માટી [રોજિંદા જીવનમાં વિજ્ઞાન-૨૬]	નરસિંહ મૂ. શાહ	૧૭૩
કરંજ [આપણી વનસ્પતિ-૨૮]	જયંતીલાલ દે. ઓઝા	૧૭૪
ગુજરાતનું સર્જન—૬	અમૃતલાલ વ. પંડયા	૧૭૬
અમેરિકામાં અભ્યાસ		૧૭૭
પાત્ર-લક્ષણ [નાટ્યશાસ્ત્ર-૩૪]	યોગેન્દ્ર પ્રિયદર્શી	૧૮૧

વિભાગો —


પચ્ચીસ વર્ષ પહેલાં	૧૮૩
પરદેશના પત્રમિત્રો	૧૮૫
માધુકરી	૧૮૭
અગન [માસમાસનાં પંખી-૪૧]	૧૮૭
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ: સર જોન મિલે]	૧૯૦
છેલ્લું પાનું	૧૯૨

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ



નિસર્ગદૃશ્યોની તકતીઓ (ભીંતચિત્રોમાં) — ચિત્રકાર : સત્યેન્દ્રનાથ બીસી

કલાકાર અને કલાશિક્ષક શ્રી સત્યેન્દ્રનાથ બીસીના આ અંકમાં અન્યત્ર આપેલા પરિચયલેખમાં જણાવ્યા મુજબ તેમણે વિદ્યાર્થીઓની સૌન્દર્યભાવના ખીલવવા તથા તેમનામાં કળાનો રસ પ્રદીપ્ત કરવા રાજકોટની રાજકુમાર કૉલેજના ભોજનખંડની ભીંતો ઉપર નિસર્ગદૃશ્યોની આ તકતીઓ આલેખેલી છે.



ત્યાગ · ચિત્રકાર : કૃષ્ણલાલ ભટ્ટ

(ચિત્રનો પરિચય આ અંકમાં અન્યત્ર આપ્યો છે)

કુમાર જૂન · ૧૯૪૯
આવતી કાલનાં નાગરિકોનું માસિક

હાર માની'તી એ જ શું મારો જય રે?

હાર માની'તી એ જ શું મારો જય રે!
નેણુ થાકેલાં મીંચિયાં ત્યારે
તેજફુવારે
ઢૂંઢતો તેનો પામિયો પરિચય રે—હાર૦

વનગિરિના સિંહ સામે જે
ઘન ગોરંભ્યો ગાજે,
ઝરમર જલ વચ્ચે એ તો
ઝૂરતા વિહગ કાજે,
આજ હું એનો ઓળખી રહ્યો
સકલ અભિનય રે—હાર૦

દૂરને ક્ષિતિજદેશે જેને
મળવાની 'તી આશા,
એજ તો સદા સંગમાં રહ્યો
મુજ બની અભિલાષા,
ઝંખેલી તે જ્યોતનો લહું
ઉરમાં અભ્યુદય રે—હાર૦

આજ તો ગભીર અંભોધિનાં
ઘટમાં ગાજે ગાન,
આજ તો રોમેરોમને જાણે
મળિયાં સુધાપાન
અવ નહિ સંશય, નહિ ભય,
અવ હું આનંદમય રે—હાર૦

રાજેન્દ્ર શાહ

પ્રણયીની ઉક્તિ

· વસંતતિલકા ·

મારા પ્રિયે! હૃદયમાં કવિતાની માલા
ગૂંથાઈ જે પડી હતી સ્વયમેવ છંદે,
જે જાત ક્યાંક કરમાઇ પડી રહેતાં,
તે આજ સાર્થક બની તુજ કંઠ પામ્યે.

મારા પ્રિયે! હૃદયની સહુ ભાવનાઓ
જે સુપ્ત, ગુપ્ત, ઉરમાંહીં કયંહીં પડેલી,
તે આજ બાહુ તુજ, કંઠ વિશે ભરાતાં
જાગી, પ્રકાશી રહી ઉન્નત કાર્યપંથ.

મારું પ્રિયે! હૃદય આર્દ્ર ભલે, પરંતુ,
જે રાચતું'તું નિજનાં લઘુ વર્તુલોમાં,
તારો મૃદુ શ્વસન-સ્પંદન-સ્પર્શ થાતાં
તે આજ વિશ્વ સહુને નિજમાં સમાવે.

ગુલાબદાસ બ્રોકર

ત્યાગ

[આ અંકના (સામેના) ત્રિરંગી મુખચિત્રનો પરિચય]

જિંદગી આખી પુરુષાર્થ ખેડીખેડીને કાયા ઘસી નાખી છે; વાળ ધોળા કરી નાખ્યા છે. જીવનની કોઇ કામના રહી નથી, પુત્ર કે પરિવાર રહ્યો નથી, આસક્તિ કે એષણા રહી નથી. ચેતનાભર્યા બાલ્યનો બગીચો ને જોમભરી જુવાનીનાં મહાજળ ભમી ખેડીને આયુકાંઠે ઊતરેલો જિંદગીનો સોદાગર વૃદ્ધાવસ્થાના કાંતારમાં લુપ્ત થવા ચાલી નીકળ્યો છે.

ત્રણ કુડી વર્ષ સુધી જેને રોજ નિરખ્યા કર્યો છે, છેક બાળપણથી જેના પર છાયા ઢાળીઢાળી રક્ષા કરી છે, જેના યૌવનના અભિલાષ ને પ્રૌઢ વયના પુરુષાર્થ પર વર્ષોવર્ષ નવપલ્લવિત હાસ્યથી આશિષ વરસાવી છે, તેની આ વિદાય પેલાં વત્સલ વૃક્ષ કેમ સાંખી શકે? વસમે અંતરે નમીનમીને જાણે તેને વીનવી રહ્યાં છે, વળીવળીને તેને ખાળી રાખવાનો જાણે પ્રયત્ન કરી રહ્યાં છે.

પણ એણે તો નિરધાર કરી નાખ્યો છે. દૃઢ નિશ્ચય જેવા દંડને ટેકે એ ચાલી નીકળ્યો છે. વીનવતા વૃક્ષના વળાંક આગળ એ સીધા દંડનો સોટો કેવો લાગે છે?

વૃદ્ધાવસ્થાની સફર જેમ એ લાકડીને ટેકે કરવાની રહી છે, તેમ હવેના જીવનની સફરનો એકમાત્ર ટેકો ખભે નાખેલો ખડિયો છે. તેને સાચવતો ટકાઈ રહેલો ડાબો હાથ સૂચવે છે કે જીવનનું શેષ જે કાંઇ હવે રહ્યું હોય તે એ ખડિયો જ. રાત્રે આરામ વખતે જેમ એ માથા નીચે ઓશીકા તરીકે રહેશે, તેમ શેષ જીવનનું ઓશીકું હવે એ જ છે.

ચિત્રની કર્ણરેખાએ પડીને તેને બે ભાગમાં વહેંચી નાખતું પ્રૌઢ વૃક્ષનું તોતીંગ થડ ચિત્રના મુખ્ય ભાવનું સૂચક છે. પરસ્પરથી ભિન્ન એવા બે વિભાગમાં જીવનને વહેંચી નાખતા વાનપ્રસ્થના ત્યાગની પેઠે એ થડ ચિત્રનાં જાણે બે ફાડિયાં કરી નાખે છે. પણ જિંદગીમાં જુદાજુદા તબક્કા આવવા છતાં જીવનની સળંગ રેખ જેમ નાબૂદ થતી નથી તેમ, આડા પડેલા એ થડને લીધે ચિત્ર વિભાગાએલું છતાં, નીચલે છેડે બીજા થડના સંબંધથી ને ઉપરના છેડાને મળતા ડેલીની અંદરના થડથી સમગ્રતાની સળંગ રેખ સાચવી રહ્યું છે. એ ત્રણે થડની વચ્ચે ડેલીનું બારણું કેવું સુસ્થિતપણે ગોઠવાઈ રહેલું છે!

ભલેને ચિત્રનો મોટો ભાગ એ થડે રોક્યો હોય, છતાં ચિત્રને તે રૂંધી શકતું નથી. અનેકવિધ આવરણોથી છવાઇ રહેલા જીવનમાંથી પણ જેમ માણસનો તેજસ્વી આત્મા ચમકી રહે છે, તેમ એ થડના વળાંક સાથે વૃદ્ધાવસ્થાના વાંકની સંગતતા મેળવતું, જીવનના બધા રંગ ધોવાઇને સફેદ બનેલાં વસ્ત્ર ધારતું ડોસાનું શરીર, આખા ચિત્રમાં કેન્દ્ર રૂપે તરી આવીને ટમકી રહે છે.

એ શ્વેત વસ્ત્રધારી વૃદ્ધ સિવાય સમગ્ર ચિત્ર ઉપર—વૃક્ષનાં પલ્લવિત પાન ઉપર પણ—ઉત્તર અવસ્થાના ને અસ્ત કાળના ભગવા રંગની છાયા છે. ત્યાગના કષાય રંગે રંગાએલું એ ચિત્ર નજર આગળથી ખસ્યા પછી પણ અંતર પરથી એની છાપ ખસતી નથી.

બ. શા.

['નવચેતન'ના સૌજન્યથી]

આચાર્ય જાવડેકર



આપણે ત્યાં થોડા સમય પૂર્વે કાકાસાહેબ કાલેલકરને સાહિત્યકાર ગણવા સામે જે સાક્ષરી સૂગ પ્રવર્તતી હતી એવી જ મહારાષ્ટ્રના સાક્ષરોમાં પણ ત્યાંના જીવનદર્શી સાહિત્યકારો પ્રત્યે પ્રવર્તે છે. તાજેતરમાં પૂના મુકામે ભરાઇ ગએલા મરાઠી સાહિત્ય સંમેલનના પ્રમુખપદે ચુંટાએલા આચાર્ય જાવડેકર માટે ઘણા મરાઠી સાક્ષરોએ આશ્ચર્ય વ્યક્ત કરેલું અને એક પત્રે તો ટીકા પણ કરેલી કે, હવે પછી જો ડા. ગાડગીલને સાહિત્ય સંમેલનના પ્રમુખપદે લાવવામાં આવે તો પણ વાંધો નહિ !

વિશાળતાને સ્થાને આવી સંકુચિતતાનું કારણ એ છે કે, પરંપરાપ્રાપ્ત અર્થમાં આચાર્ય જાવડેકર સાહિત્યકાર નથી, પરંતુ ગાંધીજીએ જીવનદર્શી સાહિત્યકારોની જે નવી ફોજ ઊભી કરેલી છે એમાંના જ એક છે. માત્ર કલ્પનાવિલાસને બદલે જીવનમાં સત્ય, સમતા અને શુચિતાને સ્થાન આપવા મથતી વ્યક્તિ આ કારણે એવા કલ્પનાવિલાસીઓને એકાદ અંત્યજ સમી લાગે એમાં નવાઈ નહિ.

આચાર્ય જાવડેકરને જે સમયે આચાર્યપદ પ્રાપ્ત થયું એ સમય ગાંધીજીએ ચેતવેલા અસહકારનો કાળ હતો. રશિયાની રાજક્રાન્તિ પછી ધસવા માંડેલાં માર્ક્સવાદનાં પૂરનો એ જમાનો હતો. ગાંધીજી અને માર્ક્સ બંનેની વિચારસરણીઓના પરસ્પર વિરોધી પ્રવાહો દેશમાં વહેવા લાગ્યા હતા. એ વિરોધ ટાળીને ગાંધીવાદ અને માર્ક્સવાદનો સુયોગ સાધી આપનાર કોઈ વ્યક્તિ હોય તો તે આચાર્ય જાવડેકર છે, અને એમાં જ એમના આચાર્યપદની કૃતાર્થતા છે. ગાંધીયુગમાં જેલ એ તો મોસાળ બની ગઈ હતી અને એ જેલવાસે અનેક ભાગ્યશાળીઓને વાચન, અધ્યયન અને મનોમંથનની તક પૂરી પાડેલી. ઇ. સ. ૧૯૩૦ થી ૧૯૪૪ સુધીનાં કુલ ચૌદ વર્ષમાં આચાર્ય જાવડેકરે નહિનહિ તો યે ચારેક વર્ષ જેલમાં ગાળ્યાં હશે. એ દરમિયાન અખંડ વિદ્યા વ્યાસંગ ચાલુ રાખ્યો હતો. ગાંધીજીના તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરીને મહારાષ્ટ્રમાં ઘણા લેખકો આગળ આવ્યા છે, પરંતુ આચાર્ય જાવડેકરની તોલે એમાંનો કોઈ આવી શકે તેમ નથી. તેમની રાજકીય ભૂમિકા કે તત્ત્વજ્ઞાન સંબંધે ભલે મતભેદ પ્રવર્તતો હોય, પરંતુ તેમના અપરિગ્રહી, તપોધન, ચિંતનશીલ અને સૌજન્યમય વ્યક્તિમત્ત્વ વિષે ભાગ્યે જ મતભેદ સંભવે છે. મહારાષ્ટ્રીયો જો ચિપળૂણકર, લોકહિતવાદી, લોકમાન્ય કે આગરકરને સાહિત્યકાર ગણતા હોય તો આચાર્ય જાવડેકરની ગણના પણ એ જ કક્ષામાં હોવી જોઇએ.

આચાર્ય શંકર દત્તાત્રેય જાવડેકરનો જન્મ ઈ. સ. ૧૮૯૪માં સપ્ટેમ્બરની ૨૬મીએ કોલ્હાપુરના એક ગામડામાં થયો હતો દેશી તિથિ પ્રમાણે એ દિવસ ગાંધીજયંતી અથવા રેંટિયા બારસનો એટલે ભાદરવા વદિ બારસનો આવે છે. એમનું કુટુંબ મૂળ તો પૂના જિલ્લાના ઈંદાપુર ગામનું, પરંતુ કેટલાં યે વર્ષોથી એમના પૂર્વજો ઉપર્યુક્ત સ્થાને આવી વસેલા.

જાવડેકરનાં માતાનું એમની બે વર્ષની ઉંમરે જ અવસાન થએલું. બીજી વાર લગ્ન કરવાથી પ્રથમ વારની સંતતિની થતી દુર્દશાનો ખ્યાલ કરીને એમના પિતાએ બીજી વાર લગ્ન નહોતાં કરેલાં. લોકોમાં એમના પિતા 'રાવસાહેબ' તરીકે જ પરિચિત હતા. મહર્ષિ ગોખલે, લોકમાન્ય ટિળક, અણ્ણાસાહેબ વિજાપુરકર વગેરે સાથે એમને ઘનિષ્ઠ સંબંધ હતો, અને તેમાં યે વિજાપુરકર સાથે ખાસ. આ સંબંધને કારણે જ તેમને પોતાની નોકરીથી હાથ ધોવા પડ્યા. આમ છતાં એમણે મૈત્રી ટકાવી રાખી, એટલું જ નહિ પણ એમના પરના કેસમાં એમને કાનૂની સહાય પણ કરી, જે અપરાધ અક્ષમ્ય ગણીને પોલિટિકલ એજન્ટે એમને નોકરીમાંથી છૂટા કરી દીધા.

વિજાપુરકરની મૈત્રીને કારણે એમને નિર્વાસન સ્વીકારીને કોલ્હાપુરમાંના ઈસ્લામપુર સ્થાને પોતાની પુત્રીને ત્યાં રહેવાનું આવ્યું. આ નિર્વાસન પાછળનું કારણ કેવળ રાજકીય જ નહોતું; સામાજિક પણ હતું. કોલ્હાપુરના એ વખતના શાસક શાહુ મહારાજ કટ્ટર બ્રાહ્મણદ્વેષી હોય ને એમણે વિજાપુરકર, વામન મલ્હાર જોશી વગેરેની સાથે રાવસાહેબનું નામ પણ સરકારમાં પેશ કરી દીધેલું. ઈ.સ. ૧૯૧૨માં એમનું અવસાન થયું.

પિતા પાસેથી આચાર્ય જાવડેકરને ત્રણ વસ્તુઓ વારસામાં મળેલી : એક તો રાજનૈતિક પ્રતિભા, બીજી ઉદાર સ્વભાવ અને ત્રીજી પ્રાણાન્ત પણ ધ્યેયનિષ્ઠા. એમનું શરૂઆતનું શિક્ષણ ખૂબ અનિયમિત હતું. ૧૯૧૨માં પૂનાની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાંથી મૅટ્રિક થઇને તે ડેક્કન કૉલેજમાં પ્રવેશ્યા અને ત્યાંથી તત્ત્વજ્ઞાનનો વિષય લઇને ૧૯૧૭માં વિલ્સન કૉલેજમાંથી બી. એ. થયા. એની વળતી જ સાંજે શ્રી સુશીલાબાઈ સાથે એમનાં લગ્ન થયાં.

આગળ એમ. એ. નો અભ્યાસ કરવાનો એમનો વિચાર હતો. ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજકારણ એ વિષયો લઇને ઇ. સ.

૧૯૨૧ના જાન્યુઆરી માસમાં એમણે પરીક્ષા માટે સાઠ રૂપિયા ફીના ભરી દીધા, ત્યાં તો બીજે જ દિવસે અસહકારની ચળવળની જાહેરાત થઈ. જાવડેકરે પણ કૉલેજ-શિક્ષણનો બહિષ્કાર કરી દીધો અને પરીક્ષા નહિ આપવાનો નિશ્ચય કર્યો.

એ વખતે એમના એક મિત્ર દ્વારા તેઓ શ્રી શંકરરાવ દેવના પરિચયમાં આવ્યા. દેવે એમને પોતાની જોડે લોકસંગ્રહનું કામ કરવા કહ્યું, પણ તેને બદલે જાવડેકર પાછા ઈસ્લામપુર ગયા અને ત્યાં શ્રી ઠોંજલગી સાથે તાલુકા કૉંગ્રેસ સમિતિનું કાર્ય કરવા લાગ્યા. જાવડેકરના મિત્રો મોટે ભાગે રાજકીય વિચારસરણીના હતા. વળી કૉમરેડ રૂઈકર તથા પ્રો. આળતેકર તો નાનપણથી જ એમને ઘેર રહેતા હતા. એમના પિતા રાવસાહેબ જ ખરું જોતાં એ બંનેના પાલકો હતા. રૂઇકર તો જાવડેકરના સમવયસ્ક અને સહાધ્યાયી હતા. શાળા-કૉલેજમાં ભણતાં બંને સાર્વજનિક પ્રશ્નોના એકત્ર અભ્યાસ અને વિચારવિનિમય કરતા.

નાનપણથી જ જાવડેકરની વૃત્તિ લલિત સાહિત્ય કરતાં ગહન અને ગંભીર વિષયો તરફ વિશેષ હતી. એમણે જૂના સંત કવિઓની કવિતાઓ સારી પેઠે વાંચેલી છે, પરંતુ તે તેમાંના કાવ્યગુણથી પ્રેરાઇને નહિ પણ તેમાંના આધ્યાત્મિક વિચારોને કારણે. આધુનિક મરાઠી લલિત સાહિત્યમાં એમનું વાચન હરિભાઉ આપ્ટેની નવલકથાઓ અને કેશવસુતની કવિતાઓ પૂરતું જ મર્યાદિત છે. સાહિત્યને ખાતર જ સાહિત્ય, એવા મતવાદથી તેઓ વિરુદ્ધ છે. પોતાને કશુંક વિશિષ્ટ કહેવાનું હોય તો જ સાહિત્યની વાટે જવું એ એમનો અભિપ્રાય છે. અને એ અભિપ્રાય સકારણ છે. એમના પર જેમની વધુમાં વધુ છાપ પડી હોય એવા લેખકો ચાર જ છે: ટિળક, આગરકર, ગાંધીજી અને ટાગોર. ટિળકના 'ગીતા રહસ્ય' અને અરવિંદના 'ગીતા-નિબંધ'ને એમનાં પ્રિય પુસ્તકો ગણાવી શકાય. ગીતા દ્વારા તેમજ ગાંધીજી દ્વારા કર્મયોગનું મહત્ત્વ એમને સમજાયું; આગરકર દ્વારા તેઓ માનવ ધર્મ શીખ્યા. ગાંધીજીને વધુ સમજવા એમણે ટૉલ્સ્ટૉયને પણ વાંચી નાખેલો છે. ચિપળૂકરનું સાહિત્ય એમણે ખૂબ મોટી ઉંમરે વાંચેલું હોઇને તેમની કશી અસર એમના મન પર હોવી સંભવિત નથી.

રાજનીતિશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો સમજવા માટે જ એમણે બી. એ.માં તત્ત્વજ્ઞાનનો વિષય લીધેલો. ફક્ત ટર્મ ભરવા પૂરતી જ કૉલેજમાં એ હાજરી આપતા અને બાકીનો વખત પોતાનાં મનપસંદ પુસ્તકોના વાચનમાં ગાળતા.

અંગ્રેજ લેખકોમાંથી ફૅબિયન સમાજવાદીઓની વિચારસરણીનો એમના ઉપર ખૂબ પ્રભાવ છે. મિલથી માંડીને રસેલ સુધીના સઘળા લેખકો તેઓ વાંચી ગયા છે. ૧૯૨૭માં રશિયન ક્રાન્તિના પ્રથમ દશવાર્ષિક ઉત્સવસમયથી એમણે માર્કસવાદનો અભ્યાસ આરંભ્યો અને તેના ભૌતિકવાદ તથા વિરોધવિકાસવાદનો ગાંધીવાદ જોડે સમન્વય કરીને 'સત્યાગ્રહી વિરોધવિકાસવાદ' નામનું નવું સમીકરણ દેશ સમક્ષ મૂક્યું.

ઈ. સ. ૧૯૨૩થી ૧૯૨૬ સુધી એમણે ઇસ્લામપુરથી ત્રણ માઈલ દૂર આવેલા પેઠ મુકામે અસ્પૃશ્ય વિદ્યાર્થીઓ માટે 'મહાત્મા બોર્ડિંગ હાઉસ' ચલાવેલું. આ 'મહાત્મા' શબ્દમાં એમણે જ્યોતિબા ફુલે અને ગાંધીજી બંનેનો મેળ સાધેલો. એમના 'રાજનીતિશાસ્ત્રપરિચય' ગ્રંથની રચના પણ એ જ અરસામાં થઈ. ગ્રંથની પ્રસિદ્ધિ પછી ટિળક મહાવિદ્યાલય તરફથી નિમંત્રણ મળતાં ૧૯૨૬માં તેઓ અધ્યાપક તરીકે ત્યાં ગયા. ત્યાં જ એમને આચાર્ય ભાગવત જોડે મૈત્રી બંધાઈ જે આજ દિવસ સુધી ટકી રહી છે. બંનેના રાજકીય અને જીવનવિષયક મત લગભગ સરખા જ હોવાનું કારણ એ મૈત્રી પાછળ રહેલું છે.

ગાંધીજીના કાર્યક્રમની મહારાષ્ટ્રમાં જે હાંસી ઉડાવવામાં આવતી એ કારણે એ કાર્યક્રમનો અંગીકાર કરનાર વ્યક્તિ મૂર્ખમાં જ ખપતી હતી. ગાંધીજીના વિરોધીઓને તો શ્રી ન. ચિં. કેળકર જેવા નેતા મળી ગએલા, પણ ગાંધીવાદીઓના કોઇ નેતા મળવા મુશ્કેલ હતા. સમાન દરજ્જા અને અધિકારની વ્યક્તિઓ વચ્ચે સ્પર્ધા કે ઘર્ષણ થવા ન પામે એટલા માટે જાવડેકરે જ શ્રી શંકરરાવ દેવને મહારાષ્ટ્રીય ગાંધીમાર્ગીઓના નેતા નિયત કરવાનો માર્ગ કાઢ્યો.

ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૩૭ સુધી એમણે 'લોકશક્તિ'નું સંપાદન કર્યું. એમના સંપાદન વિષે આચાર્ય ભાગવતે લખ્યું છે: 'ટિળક-આગરકર પછી નવવિચારના રાષ્ટ્રીય સંપાદક તરીકે મહારાષ્ટ્રીય વૃત્તપત્રોના ઇતિહાસમાં જાવડેકરનો ઉલ્લેખ કરવો પડે એટલી મહત્ત્વની એમની સંપાદકીય કામગીરી છે.'

કણિકા

'તમે બિલકુલ લાગણીશૂન્ય છો.' વાયુની લહરના સ્પર્શથી નાચી ઊઠેલા પાંદડાં બોલ્યાં.

થડે પોતાની સૂચક દૃષ્ટિ મૂળિયાં ઉપર માંડીને કહ્યું. 'અમે લાચાર છીએ.'

બધું સાંભળતાં અને સમજતાં મૂળિયાં કશું જ બોલ્યા નહિ.

'જીવન કેટલું આનંદમય છે?' હસ્યા કરતું કમળનું ફૂલ કહેતું હતું.

એને અદ્ધર ધરી રહેલો કમલનો દંડ કાદવમાં અણનમ અને અબોલ ઊભો હતો.

વરસાદનાં ફોરાં કેળનાં વિશાળ પાન ઉપરથી સરી પડયાં અને બાલ તૃણના નાના હૈયામાં સમાઈ ગયાં!

પુરુષોત્તમ સંઘવી

અંતમાં, આ માત્ર પરિચયાત્મક લેખ એમની પ્રકાશિત કૃતિઓ આપણે ત્યાંના વાચકોના લક્ષ પર લાવીને સમાપ્ત કરીએ: ૧ મહારાષ્ટ્રાંતીલ રાષ્ટ્રીય પક્ષાચી ઉત્ક્રાન્તિ; ૨ હિન્દી રાજકારણાચે સ્વરૂપ; ૩ રાજનીતિશાસ્ત્ર-પરિચય; ૪ વિશ્વકુટુંબવાદ; ૫ રાજ્યશાસ્ત્રમીમાંસા; ૬ આધુનિક ભારત; ૭ શાસ્ત્રીય સમાજવાદ; ૮ લોકશાહી; ૯ ગાંધીવાદ; ૧૦ આધુનિક રાજ્યમીમાંસા ભાગ ૧–૨; ૧૧ અર્થશાસ્ત્ર કી અનર્થશાસ્ત્ર ? ૧૨ પુરોગામી સાહિત્ય; ૧૩ હિન્દુ-મુસ્લિમ ઐક્ય; ૧૪ વાલ્મીકિ આશ્રમાંતીલ પ્રવચનેં; ૧૫ કૉંગ્રેસ આણિ મહાયુદ્ધ; ૧૬ લો૦ ટિળક વ મ૦ ગાંધી; ૧૭ ભારતીય ક્રાન્તિ આણિ રાષ્ટ્રસભા; ૧૮ ગાંધી–જીવનરહસ્ય.

અને એમનું વ્યક્તિત્વ તો શ્રી શંકરરાવ દેવે એમના પર લખેલા લેખમાંના આ શબ્દો જ પ્રતિબિંબિત કરી રહે છે કે: 'શ્રી શંકરરાવના જેટલી અનાસક્તિથી ખાનગી જીવન અને અનહંકાર વૃત્તિએ સાર્વજનિક જીવન વ્યતીત કરનારી વ્યક્તિઓ મેં જવલ્લે જ જોઇ છે.'

અશોક હર્ષ

વિલોપન

ફરજ, લોક-કલ્યાણ, ઉત્કટ ભક્તિ, આત્મોન્નતિ,—
એવાં પોતાની માન્યતા મુજબનાં
ધર્મનાં અનેક ઉદાત્ત સ્વરૂપોને ખાતર
માનવીએ પોતાની જાતનું વિલોપન કર્યું છે.

મૂળ કથા
સ્વ. ઝવેરચંદ મેઘાણી

રેડિયો રૂપક
નિરંજન ત્રિપાઠી

ચિત્રકાર
રવિશંકર રાવળ

એવા એક અનોખા આત્મવિલોપનની સાચી કથા

સ્થળ : અમદાવાદની ચાંલ્લા ઓળમાં હરદાસનું ઘર

પાત્રો : હરદાસ, હરદાસનો પિતા, રળીઆત અને બે ડોશીઓ.

[હરદાસ એના ઘરમાં ચિત્રફલક લઇને બેઠો છે. બાજુમાં રંગની પ્યાલીઓ અને પીંછીઓ પડેલી છે. થોડે દૂર ગાદી ઉપર તકિયાને અઢેલીને હરદાસનો વૃદ્ધ પિતા સૂતેલો છે]

વૃદ્ધ : જો ભાઇ હરદાસ ! પરથમ પહેલું માન સરોવરનું ધ્યાન ધરવું. એમાં નહાઇને રાજકુંવરી જેમ મરદ બની ગઈ હતી, એમ એની કલ્પનામાં સ્નાન કરનાર ચિતારાની પીંછી પુરુષાતન પ્રાપ્ત કરે છે. એકલી આંગળાની કરામત નકામી છે. મારી મા ત્રૂઠવી જોઇએ... કલ્પાય છે મા બોચરીનું માન સરોવર?

હરદાસ : હા બાપુ. નિર્મળાં જળ રૂપસે છે હવે તો.

વૃદ્ધ: વાહ બેટા! હવે માનો કૂકડો આલેખ. માંજરને બરાબર ઘૂંટજે હોં કે! માનો કૂકડો મોળો ન થાય તે જોજે. મોગરાના ફૂલ જેવો ધોળો કરીને પૂછડીએ જાંબુડિયાં બે પીછાં કાઢવાં. મા અંબાજીનો જેવો વાઘ તેવો જ બંકો કરજે આપણી બોચરીનો કૂકડો. પણ ચિતારાની ખરી ખૂબી તો કૂકડાની માંજરમાં જ પ્રગટવી જોઇએ, હોં હરદાસ! મારી મા કંઈ સવારીની જેવીતેવી શોખીન છે? મા વાઘેશ્વરી એના સિંહ ઉપર શું ચડશે? એવી મા બોચરી કૂકડે રાંગ વાળે છે. શો બંકો એની ડોકનો મરોડ! શી એની કલગીની છટા! માંજર તો જાણે કંકુડાં ઢોળતી હોયને!—આલેખ્યું બેટા?

હરદાસ : હા બાપુ. હવે તો પીંછીને મારે ચલાવવી નથી પડતી, એની મેળેમેળે જ ચાલે છે એ તો.

વૃદ્ધ : હેં! એની મેળે ચાલે છે? બસ ત્યારે, મારી મા પ્રસન્ન થઈ ગઈ. હવે જ તને અધિકાર છે માની મૂર્તિ આલેખવાનો. ચીતરવા લાગ, બેટા. પરથમ પહેલાં માનાં ચરણો કર. ચરણોની રજ લઈ પછી ઊંચે ચડતો જા... ચરણો કર્યાં? હાં, તો હવે ચરણો શણગાર. માને પગે નૂપુર ઝાંઝર સોહે, રણે ચડે તોય મા પગે અડવી ન રહે. ધરતીનાં ધીંગા પડને માડી રણઝણ રણઝણ ઝાંઝરે ઝણકાવતી જાય, હોં હરદાસ! માનો સંગ્રામ પણ રમણલીલા જેવો હોવો જોઇએ. ને માને કછોટો ભિડાવજે. પછી માની છાતી : દૂધે ભરી, વજ્રે મઢી, વાત્સલ્યે ને વીરત્વે છલકાતી માની છાતી; ગળે એકાવળ હાર, મુખડું કરુણાર્દ્ર ને કઠોર, મીઠું ને ભયાનક : એ બે રસની મેળવણી કરી જાણી તેં?

હરદાસ (અવાજ સહેજ બદલીને): બાપુ, મારે નથી કરવું પડતું. મા જ કરાવી રહી છે મારી પાસે.

વૃદ્ધ: કંઠે ઢળકતી કેશવાળી માને; કાને કનકનાં કુંડળ માને; હસતા હોઠ, નમણું નાક, નાકે નથડી, શુભ્ર લલાટ, સિંદૂરભર્યો સેંથો ને શિરપર મુગટ હોં કે! અને હવે આલેખ બાહુ. હાથમાં ખળકતો ચૂડો દે, પહોળા પાનાનું ચગકતું ખડ્ગ દે, ખપ્પર દે, ફૂલહાર દે, મરદાઇનો કુંભ દે. હરદાસ! ભાઈ! મા તો પૌરુષદાત્રી છે, તેત્રીસ કરોડ દેવતામાં પુરુષાતનનો કુંભ તો આપણી ચુંવાળવાળી બોચરીને હાથ જ છે. આલેખ્યુંને એ રૂપ? જોજે હોં, એ છટા—એ પ્રભાવ જાય નહિ. દર્શન કરનારને તો લાગવું જોઇએ કે મા જાણે હાજરાહજૂર ઊભી છે. હં...હં...બેટા...એમ...એમ જ.

[બહારથી અવાજ આવે છે : હરદાસ, ઓ હરદાસ. બારણું ઉઘાડીને એક ડોશી પ્રવેશે છે.]

ડોશી : મને થયું તો ખરું કે જવાબ કેમ ન દીધો? પણ તું તો ચીતરવા બેઠો છે એટલે ખલાસ. ભાન જ ન રહેને! વાહ રે ભઈ! ખરી છબી ચીતરી છે! (મોટેથી બૂમ પાડી) અરે ઓ જમનાબા! ઓ મોટી ફઈ! અહીં તો આવો. આ છબિ જુઓ તો ખરાં, આ હરદાસે તો સાક્ષાત માને પ્રગટાવ્યાં છે માને,—મા બોચરીને. અરે ઝટ આવો ઝટ.

મોટી ફઇ : (પ્રવેશીને) હા રે બઈ, ખરી વાત. ઓહોહો! શાં રૂપ છે! શાં તેજ છે! તું તો ખરો ચિતારો છે હરદાસ! જે મારી મા!

જમનાબા: તે કંઇ ઓછાં તપ તપ્યો છે હરદાસ? આ રસણિયા—ને ઢાલગરોની જીનગરોની છોકરીઓ એની પાછળ ભમતી હતી પણ ઊંચી નજર કરી નથી એણે. આ રાજા-બાદશા તેડાવતા હતા છબીઓ ચીતરવા, મોં માગ્યાં દામ દેતા હતા, પણ કહે કે પહેલાં આલેખીશ દેવતાને, પછી માંડીશ માનવીનાં મોરાં. આકાશે તાકીને કેટલાં જાગરણ કર્યાં છે બઇ! મસાણે બેસીને કાળી રાતે માનું ધ્યાન ધર્યું છે. ભલે ફળ્યાં માડી! સપાત્રે ત્રૂઠયાં છો!

મોટી ફઈ: આટલું કર્યું છે તો ભેગાભેગું માનું એક થાનક અહીં બંધઈ જાય તો...

વૃદ્ધા : છાની મર, પાત્છાનાં રાજ છે એ તો વિચાર. એ દે'રાં તોડશે કે બાંધવા દેશે? આ એક શ્રાવકોનું ચિંતામણ અને બીજું માણેકનાથનું, એ વના ત્રીજું દે'રૂં દીઠું કોઇએ? એ તો તોડશે કે બાંધવા દેશે મારી બે?

જમના: તોડશે જૂઠાં હશે તેને, સાચાને કોઇ તોડી શકતું હશે બે.

મોટી ફઈ: હવે પાત્છા પાત્છા શું કરો છો? કોઇ સાંભળશે તો મોત આવશે. ચાલો હવે. (જાય છે.)

[પગમાં ઝાંઝર ઝમકાવતી રળીઆત પ્રવેશે છે.]

રળીઆત: હરદાસ!

હરદાસ : કોણ રળીઆત! આવ. જોઈ આ માની છબિ? માએ જાતે જ ચીતરાવી હોં.

રળીઆત: હેં! માએ ચીતરાવી? તારી પાસે? તો તો તને હાજરાહજૂર છે બહુચરી. આવ, આપણે બન્ને માને પગે લાગીએ. (પાસે જઇ છબિને પગે લાગતાં) અમારા પ્રેમની, અમારા લગ્નની સાક્ષી થજે, હોં મા! (થોડીવાર શાંત રહી) હરદાસ, એક વાત કહું?



કેટલી શાન્તિ થાય છે હૈયાગાં! માનું સૌમ્ય તેજ અને શાન્ત મૂર્તિ માનવીના મદ ગળાવે છે.

આપણી ન્યાતનું એકેય દે'રૂં નથી તે તું બંધાવીશ ? આ પાદશાહ કોઇનુંય માનતો નથી એને તું ગનાવીશ ? બહુચરીને અહીં અમદાવાદગાં પધરાવીશ ? કેટલી શાંતિ થાય છે હૈયાગાં. ગાનું સૌમ્ય તેજ અને શાંત મૂર્તિ ગાનવીના મદ ગળાવે છે.

હરદાસ: દે'રૂં ? હા, માતાનું મંદિર: એક દે'રૂં, માણેક નદીનો નિર્મળ આરો, પંખીના શોરે ગાજતી એક નાની વનરાજી, તેની વચ્ચે એક—એક જ દે'રૂં. દે'રૂં કે જ્યાં મારી માનાં દર્શને જોબનના મદ ગળી જાય. (નિસાસો નાખી) એકેય દે'રૂં નથી, કોઇ બેસવાનું ઠેકાણું નથી, ક્યાંય છકેલાના મદ ઉતારતું બૉચરીનું મંદિર નથી. (એકદમ) પણ એ કેવી રીતે બનશે ? અમદાવાદનાં તોરણ બાંધનાર મુસલમાન બાદશાહ કેમ માને ? ભલભલાની વિનતિને ઠોકરે ચડાવનાર મને એક ચિતારાને તો દેમ બાંધવા દે? કોઇ રસ્તો નથી.

રળીઆત: માનશે. બાદશાહ તારી વાત જરૂર માનશે. આખા શહેરમાં તારી કળાનાં આટઆટલાં વખાણ થાય છે અને હજી હમણાં જ તને બાદશાહે છબિ ચીતરવા આવવાનું કહેવડાવ્યું હતું એ તો યાદ છે ને ? બસ ત્યારે, એમાંથી જ તને કોઇ રસ્તો સૂઝી આવશે. મા બૉચરી તને રસ્તો સૂઝાડશે.

દૃશ્ય બીજું

સ્થળ : અમદાવાદમાં બાદશાહના મહેલનો ચોક.

પાત્રો : હરદાસ અને બાદશાહ.

પાદશાહ: દેખ ચિતારા. તને તો તારી દેવી સહાય કરે છે ને ? તો જો આ પાણી ભરેલી ચાંદીની તાસકમાં. દેખાય છે મારી બેગમનું મુખ? બસ, તો એ મુખને જોઇને ચીતરજે એ બેગમનું રૂપ. એની આખીય કાયા. ચીતરાશેને ? તું તો બડો ચિતારો છે કેમ ?

હરદાસ: બાદશાહ સલામત, મારી મા બૉચરી બધુંય પાર ઉતારી દેશે. આપ ચિંતા ન કરશો.

પાદશાહ: અચ્છા, તો કામ શરૂ કરો. ઉજાસ તો બરાબર છેને?

હરદાસ: જી, હા. [નેપથ્યમાંથી લેખક બોલે છે.]

[લેખક: અને હરદાસે, શાંત જળમાં ઉપર અટારીમાં બેઠેલી બેગમના મુખનું પ્રતિબિંબ જોયું. જોયું ન જોયું અને એની પીંછીએ રંગલીલા આદરી. જળછવાયા પ્રતિબિંબને જ આંખોમાં મઢી એણે રેશમી પટ પર રેખાઓ તાણવા માંડી. રેશમી સરખા વાળની લટે ઢાંક્યું નમણું લલાટ, ભમ્મરની કમાનો, આંખોની કાજળકીકીઓ, દીવાની શગ સમું નાક, ખંજનિયાળા ગાલ, હંસી શી ડોક—બધાંય ઉપસવા લાગ્યાં. બાકીનું અર્ધું અંગ તો એણે કલ્પનાથી જ નિહાળ્યું. અણસારે અણસારે હરદાસે બેગમની નખશીખ પ્રતિકૃતિ ચીતરી અને બાદશાહની સન્મુખે ધરી. હરદાસ ઘેર આવ્યો. બીજે દિવસ ઊગ્યો. બાદશાહનું તેડું આવ્યું, હરદાસ હાજર થયો.]

બાદશાહ: ચિતારા હરદાસ, આ તસ્વીર તારી જ ચીતરેલી છે ને?

હરદાસ: હા નામવર, આપની સન્મુખે ચીતરેલી હતી ને ?

બાદશાહ: બીજા કોઇનો ય હાથ નથી આમાં ?

હરદાસ: જી ના.

બાદશાહ: નજીક આવીને બરાબર નિહાળી લે આ આખું ય ચિત્રકામ તારું જ છે ને ?

હરદાસ: હા જી, મારું, મારું પોતાનું જ—

બાદશાહ: તો અહીં જો. આ શું છે ?

હરદાસ: એક કાળું ટપકું, નામવર.

બાદશાહ: એટલે ?

હરદાસ: કોણ જાણે ? હું પોતે જ સમજી શકતો નથી.

બાદશાહ: હં. સમજી શકતો નથી? સુંદરીઓનાં ગુલબદન સારી પેઠે જોયાં લાગે છે, છતાંય સમજી શકતો નથી?

હરદાસ: નામવર! કોઈ સુંદરીઓનાં શરીર મેં જોયાં નથી. આ ટપકાની મને બિલકુલ ખબર નથી.

બાદશાહ: ખબર નથી? હરદાસ! આ ટપકું તો મારી બેગમની જાંઘ પરનો તલ છે, સમજ્યો હવે? (અવાજ વધારીને) એ તલ તારા ચિત્રમાં કયાંથી? તને એ માહિતી કોણે આપી? તેં તો બેગમને જોઈ નથી. તો બોલ, આ તલ મૂકવાનું તને કોણે કહેલું?

હરદાસ: કોઇએ નહિ, નામવર! હું મારી મેળે સ્વતંત્રપણે જ ચિત્ર ચીતરૂં છું.

બાદશાહ: તો આ ટપકું અહીં જ કેમ મૂકયું?

હરદાસ: પણ મેં એ મૂકયું જ નથી. અને પછી તો તરત મેં ગઈકાલે આપને જ એ સોંપેલું. આપે એને કયાં મૂકેલું?

બાદશાહ: સખ્ત તાળાવાળી મારી ખાનગી પેટીમાં.

હરદાસ: તે પહેલાં આપે આ ચિત્રને જોએલું?

બાદશાહ: ના બિલકુલ નહિ.

હરદાસ: (સંતોષથી) બસ. તો તો, એ કદાચ માખીએ મૂકેલો ડાઘ હશે. આપ એને ઘસી નાખો કદાચ એ જતો રહેશે.

બાદશાહ: (ઘસીને) યા પરવર દિગાર! ખરી વાત છે. આ ડાઘ જતો રહ્યો. પણ એ માખી આવી કયાંથી?

હરદાસ: મારી મા બૌચરીએ-મારી જગદમ્બાએ મોકલેલી.

બાદશાહ: વાહ હરદાસ! ધન્ય છે તારી કલાને. બોલ શું ઇનામ આપું? કઈ ચીજથી તારી કલાની કદર કરું?

હરદાસ: જહાંપનાહ, આપશો ખરા? માગું?

બાદશાહ: હા જરૂર આપીશ. માગ, બાદશાહનો બોલ છે.

હરદાસ: તો માગું છું, એક ચાબુક ફરે એટલી જમીન.

બાદશાહ: જમીન? કયાં? તારે શું કરવી છે?

હરદાસ: મહિ નદીને કિનારે. દે'રૂં બંધાવવા-મારી મા બૌચરીનું.

બાદશાહ: કમબખ્ત કાફર, આ તેં શું માગ્યું? (અટકીને) પણ જા, બાદશાહનો બોલ પાછો ન ફરે. લઇ જા એટલી જમીન.

હરદાસ: કૃપા નામવર (જાય છે).

દૃશ્ય ત્રીજું

[લેખક: (નેપથ્યમાંથી) મોચી કોમની કુળદેવી બહુચરાનું દહેરૂં બંધાયે ધીમે ધીમે ચાળીસ વર્ષ વહી ગયાં. અમદાવાદના તખ્ત ઉપર ગુજરાતના રાજપુત લોહી-માંસનો અવાજ દિવસે દિવસે તીણો ને ઝીણો પડતો ગયો. હરદાસ પણ એકના એક પુત્રને પીંછી ને વિદ્યા ભળાવી વાનપ્રસ્થમાં પ્રવેશી ગયો હતો. એક સાંજે એની પત્ની રળીઆતે એને વાત કરી.]

રળીઆત: સાંભળ્યું કંઇ?

હરદાસ: હાં, શું છે?

રળીઆત: હું કાલે વૈકુંઠરાયને ઘેર ગઈ'તી. એની દીકરી પરણે છે તેને માંડણ કરવા. ત્યાં વાત થતી હતી કે એની ન્યાતનું પ્રાચીન શિવાલય પરમ દા'ડે તોડશે.

હરદાસ: તોડશે? કેમ?

રળીઆત: નહિ ત્યારે? આ પાદશા' તો કહે છે કે હવે તો જૂનાં દે'રાં પણ નહિ રહેવા દઇએ.

હરદાસ: (નિસાસાથી) હં અં?

રળીઆત: એટલે બધાં દે'રાંને ખાલી કરવા લાગ્યા છે. આ કેટલી ય પોળોવાળાએ મૂર્તિઓ કઢાવીકઢાવીને ભોંયરાંમાં તેની સ્થાપના કરી છે. દે'રાં પરથી ધજા કળશેય ઉતારી નાખ્યા છે.

હરદાસ: ત્યારે આરતીઓનું શું થાય છે?

રળીઆત: આરતીઓ તો સવારસાંજ ભોંયરાંમાં જ જરા ટન ટન કરીને ઉતારી નાખે છે. મારું તો આજે કાળજું બળે છે કંઇ કાળજું! અરેરે, વૈકુંઠ ખત્રીની દીકરીનાં લગન રખડી પડયાં. કેવા કોડે મેં એનું માંડણ કર્યું હતું! અને આજે જઇને જોઉં છું તો ઘરબારને તાળાં! પૂછતાં કોઇ જવાબ જ ન આપે તો! કહ્યું કે અરે બ્હેનો! બેઓ! મારે ઘેર પણ રૂડાં દેવસ્થાનાં છે, મને તો કંઇ કહો. બહુ કગરી ત્યારે કે' કે એમનું દે'રૂં તોડવાનાં છે એથી શહેર છોડીને આજ ને આજ વહેલી પરોઢે ઊપડી ગયાં કયાંક દેશાવરે.

હરદાસ: અરેરે બીચારાં.

[બહારથી અવાજ! અરે હરદાસ, એ હરદાસ ભગત! છો કે?]

હરદાસ: એ કોણ? ઓહો હો જ્ઞાતિજનો?! આવો, આવો ભાઈઓ, પધારો. કહો, કેમ પધારવું થયું?

પહેલો જ્ઞાતિજન: તમે તો જાણ્યું હશે હરદાસ, આ જૂનાં દે'રાંની નોંધણી શહેરમાં સપાટાબંધ ચાલે છે તે.

હરદાસ: હા જાણ્યું છે ને!

બીજો: તો આપણી માતાના દે'રાને તો...

હરદાસ: ના રે, એને કંઇ નડતર નહિ કરે. એ તો પાદશા'ની જ બક્ષિસ છે ને? દસ્તાવેજ આપણી પાસે છે પછી શો વાંધો છે?

પહેલો: અને એવું કંઈ લાગશે તો આપણે પણ માની પ્રતિમાને અહીં પોળમાં ભોંયરે રાખીશું અને વાડીમાં ચામડાં ભરી દઇશું.

હરદાસ: માની મરજી હશે એમ થશે.

ત્રીજો: અને ભગત, એ લોકો તો કહે છે કે કાં તો મૂર્તિ ને દે'રૂં તોડીએ, નહિતો આગેવાન કલમા પઢવા કબૂલે. અરર! આ મનખા દેહને ભ્રષ્ટ કરવાની વાતથી તો ત્રાસી જવાય છે હોં! પતઈ રાવળ જેવો ચાંપાનેરનો ધણી વટલવા કરતાં છેદાઈ જવા તૈયાર થયો, અને પેલો જૂનાગઢનો રા'માંડલિક આ વટલીને આપણી નજર સામે તકિયામાં ભૂંડે હાલે ભટકે ને એઠાં પાણી પીએ. કેટકેટલા વટલાવા લાગ્યા છે? માટે, આજે તો હરદાસ, વેળાસર માને બેસવવાની જ વાત છે. આ જતે જન્મારે તમારાથી બીજું કશું થાય નહિ અને અમારાથી જોયું જાય નહિ. વળી પાછી વેળા પલટાશે. આજ આ પાદશા' છે, તો કાલ વળી કો'ક દયાવાન પાદશા' આવશે ત્યારે ફરી પ્રતિષ્ઠા કરીશું. આ ભલભલા દેવને ભોંયરામાં મૂકવા માંડયાં છે ત્યાં આપણાં શાં ગજાં? સમજ્યાને, વેળાસર ચેતવું જ સારું.

હરદાસ: હા ભાઈ, મા જેમ કહેશે એમ કરશું, ભાઇ.

પહેલો: ઠીક ત્યારે વિચાર કરજો. આ અમે તો તમને કહ્યું. હવે બેસો ત્યારે (જાય છે).

રળીઆત: વાત તો ખરી છે હોં. દે'રૂ ખાલી કરીએ તો...

હરદાસ: ગાંડી, ઘર ખાલી થાય, દેહનાં ખોળિયાં ખાલી થાય, પણ દે'રાં ખાલી ન થાય, રળી.

રળીઆત: એટલે?

હરદાસ: સૂઇ જા, રળી, સૂઈ જા. માણસમાંથી માણસપણું જવા દીધે દેવસ્થાનો અને દેવતાઓનો શો ખપ રહેવાનો છે? આ મંદિરો કોને માટે? હજારો લાખો માનવીઓ માટે. ને આપણે ઘરના ચાર જીવડા જીવીએ તે કોને માટે?

રળીઆત: મને તો કશું સમજાતું નથી.

હરદાસ: મને પણ કંઇ સમજ પડતી નથી. હું કંઇ વાણીને

ગોઠવતો નથી, કશુંક બોલબોલ કરે છે મારા હૈયામાં. આપણે નીચલી વરણ. આપણી અક્કલ કામ કરે નહિ. મા સુઝાડશે. વાટ જોઈએ, શી ઉતાવળ છે? આપણી પાસે તો દસ્તાવેજ છે ને? પાદશા'નું જ દીધેલ દે'રું, એને કોઈ કંઈ કરે નહિ તો.

રળીઆત : બસ ત્યારે આપણી મા બેઠી છે ત્યાં આપણે શી ચિંતા છે? ચાલો સૂઈ જઈએ.

દૃશ્ય ચોથું

પાત્રો : હરદાસ, તેની પત્ની રળીઆત, કાજી અને અમલદાર.
સ્થળ : મંદિર.

[ઘંટનો રણકાર. હરદાસ અને રળીઆત પ્રવેશે છે.]

હરદાસ : આ તો જો રળી, આ દીવો, આ કોડિયું. આપણી દેહ શું આ માટીના લોંદાથીય જશે? આ રૂનો ધાગો તો જો! પોતે સળગી જઈને માની જ્યોતને અણીશુદ્ધ રાખી રહ્યો છે. માએ કેટકેટલું કહી નાખ્યું આ બે જણ દ્વારા? મા બોલે છે રળી, અને માનાં નેત્રો તો જો, કેવાં હસે છે! હા, એ કહે છે—એ અનુમોદે છે કે દીવો ન ઠરવો જોઈએ. માનવ દેહ માટીનાં કોડિયાંથી પણ ન જવો જોઈએ. આપણે કોડિયાં તો બની શકીશું ને રળી? આ મળમૂતર ભરેલી કાયાનાં મૂલ્ય કેટલાં? આ તો અમસ્તો જ કહું છું હોં! બાકી આપણું દે'રું તો ના જ તોડે. પાદશા'નું વેણ છે.

[અમલદારો મજૂરો સાથે ઘોંઘાટ કરતા પ્રવેશે છે.]

અમલદાર : તારું નામ હરદાસ મોચી કે?

હરદાસ : હા.

અમલદાર : અમારે આ મંદિર જમીનદોસ્ત કરવાનું છે. બાદશાહી ફરમાન છે.

હરદાસ : પણ એમ ન થાય. મને પાદશા'એ બક્ષિશ કર્યું છે ને? જુઓ આ દસ્તાવેજ.

અમલદાર : દસ્તાવેજ! લાવ. (હાથમાં લઈ ફાડી નાખે છે.) તારા દસ્તાવેજની આટલી કિંમત. એય! ચાલો શરૂ કરો તમારું કામ!

હરદાસ : સાંભળો. મેં... મેં એ છબિ ચીતરી હતી; એ સુલ્તાનની બેગમની હતી; એ છબિ મારી માએ ચીતરાવી હતી. મારી મા વિના ત્યાં તલનું ટપકું કોણ મૂકત?

અમલદાર : શું બકે છે આ?

રળીઆત : ન તોડો પાદશા'. આ માનાં નેત્રો મેં કંઈ રાત જાગીને શોધ્યાં હતાં. માની આંખો તો જુઓ! એમાંથી અમી વરસે છે. મા બહુચરી તમને આશિષો આપશે ભઈ.

અમલદાર : ચૂપ! લવારી ન કર.

હરદાસ : ન તોડો, ન ભાંગો. મને કહો તો ખરા. બીજું જે કંઈ હોય તે કરવા તૈયાર છું. મને મારવો હોય તો મારો, પણ દે'રું ન ભાંગો, ભલે મને મારી નાખો.

અમલદાર : સબૂર. તું મુસ્લિમ થવા તૈયાર છે?

હરદાસ : મુસ્લિમ! હું વટલું? શું કહો છો તમે? મને મારી નાંખો એ બસ નથી શું? હું વટલું! મનખા દેહ હારું? હેં રળી? આ મને વટલવા કહે છે. (અટકીને) એ સુબાસાહેબ, બીજું કંઈ કહોને!

અમલદાર : કશું જ નહિ. બોલ, કલ્મા પઢીશ? તો જ દે'રું રહેશે.

હરદાસ : પણ હું માથું દઉં તો?

અમલદાર : માથાં તો અમે ઘણાં લીધાં, મોચી. હવે તો એનો તોટો નથી. જાન લઈને તો થાક્યા છીએ; હવે તો જાત લેવી છે.

કાજી : અને તો જ આ દે'રાંનો અંત આવશે કો'ક દા'ડો.

અમલદાર : બોલ, જલદી ફેંસલો કર, કાફર.

હરદાસ : ફેંસલો? હા હમણાં જ કરું છું, વાર નહિ લગાડું. મને છેલ્લી વાર જોઈ લેવા દો. હું વટલાઉં તો આ દે'રું ઊભું રહેશે. માની મંગલમય મૂર્તિ અખંડિત રહેશે. મોડિયાળી અને ચૂંદડિયાળી મા બોચરી સૌની સામે નીરખી રહેશે. સૌના ઉપર માનાં અમીભર્યાં નેત્રો વરસશે. એ કંઈ ઓછી વાત છે? (અટકીને) ભલે કાજી સાહેબ મને કલ્મા પઢાવો; હું તૈયાર છું. (મૂર્તિ સામે જોઇ) અને મા, તું અને રહીમ કંઈ જુદાં છો? તું મા રૂપિણી છે ને એ પિતાસ્વરૂપ છે. તું અને એ અભિન્ન છો! હે મંગલા, હે અલ્લા! હે જગદંબા તુંહિ છો એક અને અભિન્ન. ચાલો, કાજી સાહેબ.

દૃશ્ય પાંચમું

સ્થળ : મંદિરની બહાર પગથિયાં પાસે.
પાત્રો : હરદાસ, રળીઆત.

હરદાસ : રળી, કેટલો બધો વખત વીતી ગયો? કેટલાં વર્ષો વીતી ગયાં આ માતાના કોટ બહાર રળતાં? રોજ ઊઠીને આ જાત્રાળુની હારને, પેલી ફરકતી ધ્વજાને, પેલા શિખરને જોઈ રહું છું.... હવે સહન નથી થતું હોં. કેમ કંઈ બોલતી નથી, રળી? પેલા કોટની પાછળ મંદિરમાં મારી મા બેઠી હશે, ઘંટના રણકારે મંદિર ગાજતું હશે અને સદાય કરુણા વરસાવતી માની આંખો સૌના ઉપર મંડાઈ રહી હશે. આપણે જ એવાં અભાગી ને કે એ અમીમય દૃષ્ટિની છાંટ સરખીય નથી મેળવી શકતાં?

રળીઆત : ભગત, આપણે માનાં બાળકોને તો મા ખેલાવે એમ ખેલવાનું છે. અને જોઈ વિચારીને લીધેલા ભેખ માટે દુઃખ કેવું? આપણા ભાગ્યમાંથી માનાં દર્શન ગયાં, પણ એને લીધે તો આ મંદિર હેમખેમ ઊભું છે. તમે જ નો'તા કહેતા કે માની કરુણા તો સૌના માટે છે. આપણે બે જીવ એ વિણ રહ્યાં તોય શું?

હરદાસ : રળી! ખરું છે. મને તો ક્યારેક લાગે છે કે જાણે આ મંદિરને કોટ નથી, દહેરાને ભીંતો નથી, મા અને મારી વચ્ચે કોઈ દીવાલો નથી...આ—આ ઊભી મારી મા! (ભાનમાં આવતાં) માની મંગલમૂર્તિના દર્શન તો ભલે ગયાં, મારી કલ્પનાની આંખો મને એવી ને એવી જુએ છે. આજ જશે, કાલ જશે, આંખોના દીવા હોલવાઈ જશે, અને આ નશ્વર દેહ અહીં ધરતી પર પડયાં રહેવા દઈ આપણે માનાં ચરણોમાં પોઢીશું. અત્યારે એ એક જ ઇચ્છા છે.

રળીઆત : ચાલો, હવે તો જે જિંદગી વીતાવવાની છે એ નેકદિલીથી જીંગેજ છૂટકો. ઊઠો, નમાઝનો વખત થઈ ગયો.



દૃશ્ય છઠ્ઠું

સ્થળ : મંદિરના પ્રવેશદ્વાર બહાર હરદાસ મૃત્યુશય્યા પર સૂતો છે.

પાત્રો : હરદાસ, રળીઆત અને તેના ન્યાતીલાઓ.

પહેલો : પેલા બેઠા હરદાસ, કેટલાંય વર્ષો થયાં. પાદશા'એ કહ્યું કે કાં તો મુસ્લિમ બન, કાં તો દે'રૂં તોડવા દે. અને તે દિવસથી એમણે ધરમ છોડચો.

બીજો: આ જોયુંને, ધરમ છોડચો એનું પરિણામ! ન તો પાદશાહે મહેલમોલાતો આપી કે ન તો બીચારો માનાં દર્શન પામ્યો. અમે તો પહેલેથી કહ્યું હતું કે, ભાઈ હરદાસ, મૂર્તિ ઘરમાં લાવીને વાડીમાં ચામડાં ભરી દો. પણ માને કોણ? એ ત્યારથી આમનેઆમ પડયો છે. જતાંઆવતાં લોક આંગળી ચીંધે છે, પણ એ તો અહીં પડયો રહે છે.

ત્રીજો : કહો ના કહો પણ એના દિલમાં કંઈ દુઃખ રહી ગયું છે. એ વિના અહીં પડયો ન રહે. એનું મોં જ જુઓને! કયાં એ લાલચટ્ટક હરદાસ અને કયાં આ દાઢીવાળો ફકીર હરદાસ. મને તો થાય છે કે વટલ્યા પછી અહીં શું કરવા પડયો રહ્યો છે? હજી ય શામાટે દે'રાના કોટ ઉપર નજર ઠેરવીને બેસી રહ્યો છે?

પહેલો : હમણાંહમણાંથી એમની તબિયત લથડી લાગે છે. ચાલો એમની પાસે જઈશું?

ત્રીજો : ચા...આ...લો. (ત્રણે હરદાસ પાસે આવે છે.)

પહેલો : હરદાસ, ભગત, કેમ છો હવે? તબિયત નરમ છે?

રળીઆત : ભગત, જુઓ તો, આ ન્યાતવાળા આવ્યા છે.

હરદાસ : કોણ? હં...આવો ભાઈ. હવે તો હું જઈશ, બસ મા પાસે. મેં તમને બહુ દુભવ્યા હોં. મેં મારો ધરમ છોડચો, હું વટલ્યો, મંદિર ઊભું રાખવા હું મંદિર બહાર બેઠો, અને...અને...માથી સદાય દૂર બેઠો. પણ...હવે ફક્ત...હવે...

બીજો : બોલો, બોલો હરદાસ, હવે શું?

હરદાસ : હવે એક જ ઇચ્છા છે... ના, ના, કંઈ નથી.

રળીઆત : શી ઇચ્છા છે ભગત? બોલોને!

હરદાસ : કંઈ નથી. એ બને જ કેમ? એવી માગણી મારાથી થાય જ કેમ? અને કરું તો પણ બનવા યે કોણ દે? જવા દો, મરતા માણસનું મગજ ઠેકાણે ન હોય.

પહેલો : સંકોચ ન રાખો, હરદાસ બેધડક કહો.

હરદાસ : તો એટલું...ફક્ત એટલું કરશો? મને આ વાડીના બારણાની વચ્ચે દફનાવશો? અને મારી કબર ખડકીની બહાર માર્ગમાં જ બનાવશો?

બીજો : કબર! હિન્દુ દહેરાંના ઉંબરમાં જ ધોરખાનું? શા માટે?

ત્રીજો : આ શું કહો છો, હરદાસ?

હરદાસ : મા પાસે આ જન્મે કે પરજન્મે નહિ પહોંચી શકું, પણ માનાં દર્શન કરનારાઓની ચરણરજ મારે માથે અડકશે તો યે હું જંપીને પડયાં રહીશ. જિંદગીભર મેં માની જ પ્રતીક્ષા કરી છે. હવે મરણ બાદ એટલું થાય તો...

[કોઈ કંઇ બોલતું નથી. આછું સંગીત શરૂ થાય છે]

હરદાસ : કહો, એટલું કરશો? મારી મા પાસે મને રાખશો?

પહેલો : કરશું, હરદાસ. મા ખાતર જાત હોમીને જીવતેજીવત નરકવાસ વેઠનાર અમારા હરદાસ માટે એટલુંય નહિ કરીએ અમે?

હરદાસ : (ઉન્માદથી) કરશો? હેં! ખરેખર? મને તમે માના જાત્રાળુઓની ચરણરજ લેવા દેશો? હેં, લેવા દેશો? મા! મા! યા અલ્લા!

[ધબ દઇને પડી જાય છે. આછું સંગીત વધુ તીવ્ર બને છે.]

[ભજવતાં પહેલાં પુછાવવું જરૂરી છે.]

નવાં પુસ્તકો

પ્રતિપદા : ગુજરાતના એક ઉદીયમાન કવિ સ્વ. ગોવિન્દ સ્વામીનાં કાવ્યોનો સંગ્રહ—સંપાદકો: સુન્દરમ્, ઉમાશંકર જોષી તથા પ્રજારામ રાવળ; પ્રાપ્તિસ્થાન : શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨-૮-૦; **ભારતનું નૃત્યશાસ્ત્ર :** નૃત્યના પ્રકારો, તેનો પરિચય વગેરે સમજાવતું પુસ્તક. લેખક : શિરીષ હ. મહેતા પ્રકાશક : શ્રી કૃષ્ણ મુદ્રણાલય, અમદાવાદ. ૩-૦-૦; **હાંકપિછોડી :** આધુનિકતાપાશી ત્રણ વાર્તાદેહી નાટકો—કર્તા ને પ્રકાશક : ઉમેશ કવિ, ભાવનગર, ૨-૦-૦; **વિદ્રોહી આત્મા :** વિખ્યાત સાહિત્યકાર ખલીલ જિબ્રાનનો વાર્તાસંગ્રહ—અનુવાદક: શિવમ્ સુંદરમ્. પ્રકાશક: આદર્શ પુસ્તક ભંડાર. ૩-૧૨-૦; **વિશ્વકર્મા શિલ્પશાસ્ત્ર :** (પ્રથમ નિધિ) પ્રાચીન ભારતીય સ્થાપત્યશાસ્ત્રનું સંશોધન કરી એ વિષયોના અજાણ માણસને સરળતાપૂર્વક સમજાય તેમ રચેલું પાઠય પુસ્તક-સંશોધક—પ્રકાશક : કેશવલાલ હરગોવિંદ આચાર્ય (શિલ્પી સોમપુરા) વિલેપાર્લે, મુંબાઇ, ૨-૦-૦; My Pocket Dictionary: પ્રમાણિત ઉચ્ચાર, શુદ્ધ જોડણી, ચોક્કસ અર્થ અને ઉપયોગી દૃષ્ટાંતનો ખ્યાલ નજર સામે રાખીને રચેલો અંગ્રેજી-ગુજરાતી શબ્દકોષ—રચનાર : પ્રીતમલાલ મજમુદાર, પ્રકાશક : ધી પૉપ્યુલર બુક સ્ટૉર, સૂરત. ૩-૦-૦; **બોરસદનો ઇતિહાસ :** લગભગ બે હજાર વરસની ઐતિહાસિક માહિતીઓ સાથે બોરસદનો પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ઇતિહાસ—લેખક ને પ્રકાશક : જીવણજી આર. ઠાકર, વડોદરા, ૨-૦-૦; **શ્રી રામકૃષ્ણ :** સહેલી ભાષા ને ટૂંકાણમાં શ્રી રામકૃષ્ણ પરમહંસની જીવનરેખા ને ઉપદેશાનું સંસ્કરણ. અનુવાદક : જયંતીલાલ મંગળજી ઓઝા, પ્રકાશક : શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, ૦-૮-૦; **સ્ફુલિંગ :** શાંતિલાલ ઠાકરના અપ્રકટ લેખોનો સંગ્રહ, પ્રકાશક : શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય અમદાવાદ ૧-૪-૦; **અશક્ત ને નબળાઓએ તંદુરસ્ત કેમ થવું?** તે માટેના ૨૨ નિયમોની પુસ્તિકા-લેખક અને પ્રકાશક : ત્રીભોવનદાસ પ્રાગજી, ગોવિંદ કેની રોડ, મુંબાઇ-૧૨, ૦-૨-૦; **તમારા દાંત જાળવો :** દાંતની સંભાળ, તેનાં દરદો, ઉપચાર અને તેને લગતા લોકસાહિત્યના દાખલાઓ સાથેની પુસ્તિકા—લેખક : ડૉ. કેખશરૂ દોરાબજી જીલા, પ્રકાશક : જીલા બ્રધર્સ નવસારી; **દેવના દીકરા :** આણંદથી લેખક ઉમિયાશંકર ઠાકરે પોતાના સ્વ. પિતાશ્રી જીવણલાલ ગો. ઠાકરની પુણ્યસ્મૃતિમાં ટપાલખર્ચ મોકલનારને વિના મૂલ્ય આપવા માટે બહાર પાડેલો, પિતૃતર્પણ, પ્રાર્થનાઓ અને રાષ્ટ્રગીતોનો સંગ્રહ; **મગન મંથન માળા** પુસ્તક ૧લું : સ્વ. શ્રી મગનલાલ કેવળરામ દલાલનો કાવ્યસંગ્રહ, પ્રકાશકો : નાનાલાલ કેવળરામ દલાલ ને નગીનદાસ કે. દલાલ સુરત; અમૂલ્ય. **પહેલી ચોપડી** પ્રૌઢ શિક્ષણ વાચનમાળાની સચિત્ર પુસ્તિકા-લેખક : શંકરભાઈ સો. પટેલ, પ્રકાશક : પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા. ૦-૪-૦; **ખુશાલદાસ પારેખ ષષ્ઠિપૂર્તિ અભિનંદન ગ્રંથ :** સંપાદકો : ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા, પ્રતાપરાય ગિરધરલાલ મહેતા, કનુભાઈ લહેરી ને હીરાલાલ મૂલજી, મુનિ. પ્રકાશક: હીરક મહોત્સવસમિતિ; **ખેલકૂદ હરિફાઈના નિયમો :** ગુજરાત વ્યાયામ પ્રસારક મંડળ (જવાહર બજાર ભરૂચ) શાસ્ત્રીય પદ્ધતિએ તૈયાર કરેલો આધારભૂત ગ્રંથ. ૨-૦-૦.

લશ્કરી તાલીમના ત્રણ માસ

લેખક
હૃષીકેશ નાનુભાઇ પાઠક



★

'સ્વાધીન ભારતનો પહેલો પ્રશ્ન તે એના મુશ્કેલીએ મેળવેલા સ્વાતંત્ર્યને સુગઠિત કરવાનો અને તેના રક્ષણને સંગીન બનાવવાનો છે.' એ પં૦ જવાહરલાલના શબ્દો પાછળ રહેલી ગંભીરતનો ખરો ખ્યાલ આપણને કોઈને હજી આવ્યો જણાતો નથી. અંગ્રેજ અમલ દરમ્યાન હતા તેવા જ આપણે આપણા લશ્કરથી અલિપ્ત, આપણા અસ્તિત્વ વિષે નચિંત અને આપણી જવાબદારી પ્રત્યે લાપરવા છીએ. પણ આવતા સમયનાં પગલાં પારખીને એ પરત્વે આપણે સજાગ બન્યે જ છુટકો છે. હિં. સરકારે એ દિશામાં પ્રજાને પ્રવેશ કરાવવાના પ્રયત્ન તરીકે શરુ કરેલી 'નૅશનલ કડેટ કૉર્પ્સ'–રાષ્ટ્રીય સૈનિકદળની યોજનામાં તાલીમ લઈ આવેલા પ્રો૦ પાઠકનો આ લેખ તો તેના માત્ર પરિચયરૂપ જ છે. આપણે વિસારે પાડેલી એ આખી દિશામાં સવિશેષ માહિતી આપતા વિસ્તૃત લેખો આપતા રહેવાની અમારી યોજના છે.

લશ્કર અને લશ્કરી જીવન વિષે આપણામાં સાચા કરતાં ખોટા ખ્યાલો વધુ છે. આવી વિમુખી વૃત્તિ કદાચ બીજા સ્વતંત્ર દેશોમાં અને—ગુજરાત સિવાય બીજા પ્રાંતોમાં નહિ હોય. જોકે આપણો એ અભાવ અને અજ્ઞાન સાવ અકારણ તો નથી જ. આજ સુધી આપણા દેશમાં પરદેશી સત્તા રાજ્ય કરતી હતી. એની સ્થિરતાનું મુખ્ય અંગ લશ્કર હતું. પરિણામે, દેશના શિક્ષિત સ્વરાજવાંછુ, અને અશિક્ષિત સમાજથી અહીંનું લશ્કર જુદું જ પડી જતું સમાજને લશ્કર પ્રત્યે અને લશ્કરને સમાજ પ્રત્યે તિરસ્કાર રહેતો. વળી પરદેશી સરકાર એ ખાસ જોતી કે લશ્કરમાં જોડાએલો કોઇપણ હિંદી યુવાન સામાજિક જીવનનાં આકર્ષણો કે પ્રલોભનોનો ભોગ ન બને. કાં તો રાજામહારાજાઓ તથા સરકારમાં ઊંચો હોદ્દો ભોગવનાર વફાદાર પ્રજાના સગાઓ અને બીજી તરફ સમાજના સાવ નીચલા થરના, બેકારીમાં ફસાએલા લોકો જ બ્રિટિશ સરકારના લશ્કરમાં જવાનું પસંદ કરતા. સ્વરાજપ્રાપ્તિ જેવા કોઇ ધ્યેયની આ વર્ગોને ખબર નહોતી. વફાદારી અને ફરજના આકરા 'ડોઝ' આપીઆપીને પરદેશી સરકારે હિંદી લશ્કરનો પ્રાણ કચડી નાખ્યો હતો. આવાં ઐતિહાસિક કારણોને લીધે સામાન્ય શિક્ષિત નાગરિકોમાં લશ્કર માટે કોઇ જ માન કે પ્રશંસા રહ્યાં નહિ. હિંદી સૈન્ય શૌર્ય અને પરાક્રમ માટે છેલ્લાં બે વિશ્વયુદ્ધોમાં દુનિયાભરમાં પંકાયું. બીજા વિશ્વયુદ્ધમાં ટ્યૂનિસિયા, ઈટાલી અને બ્રહ્મદેશમાં તો હિંદી સૈન્ય વગર વિજય મેળવવો મુશ્કેલ હતો. ટ્યૂનિસિયામાં મહાન જર્મન સેનાપતિ રોમેલ જેવાને પણ કબૂલ કરવું પડ્યું હતું કે હિંદી સૈનિકો આગળ એની ટૅન્કો નકામી ઠરી હતી. પરંતુ આવી જ્વલંત પરાક્રમગાથાઓ ને સિદ્ધિઓ આપણને 'આપણી' નહોતી લાગતી; કારણ હિંદી લશ્કર હિંદી રાષ્ટ્રનું અંગ નહોતું.

રાષ્ટ્રીય લશ્કરની શરૂઆત નેતાજી સુભાષ બોઝે આઝાદ હિંદ ફોજથી કરી. હિંદી લશ્કરના ઈતિહાસમાં એ એક નવું જ પ્રકરણ હતું. એમાં નાગરિકમાત્ર સૈનિક હતો ને એની ભૂમિકા આપણે માટે નવીન અને ક્રાંતિકારી હતી. લશ્કર હમેશાં રાજકીય પક્ષાપક્ષીથી પર હોવું જોઇએ એ સિદ્ધાન્ત આઝાદ ફોજને સ્વીકાર્યું નહોતો. એ તો હિંદની સ્વતંત્રતા જેવા મહાન રાજકીય હેતુ ઉપર જ રચાયું હતું. આખું રાષ્ટ્ર આઝાદી અને સંરક્ષણ માટે એક લશ્કર જ હોવું જોઇએ એ વિચાર મૂળ તો ફ્રાન્સની ૧૭૮૯ની ક્રાંતિમાં બહાર આવ્યો હતો. તાજા જ સ્વતંત્ર થએલા આપણા દેશ માટે Nation in arms (યુદ્ધસજ્જ પ્રજા)નો આ વિચાર ખૂબ ઉપયોગી કહેવાય

પ્રજા સમસ્તને લશ્કરી તાલીમની આવશ્યકતા હિંદમાં તો અનેક રીતે અગત્યની અને આવશ્યક છે આપણા જીવનમાં શિસ્તનું તો નામનિશાન નથી. જીવનના નાના કે મોટા કોઈ કાર્યમાં આપણી કોઈ ચોક્કસ પદ્ધતિ કે રીત હોતી નથી. પરિણામે, બુદ્ધિ હોવા છતાં ઘણાં કામોમાં આપણને ધારી સફળતા નથી મળતી. આની સાથે લશ્કરી તાલીમને શો સંબંધ તમને એમ લાગશે; પણ એ તાલીમથી એક 'માનસ' તૈયાર થાય છે. કડક શિસ્તના અમલમાં કરેલી કવાયત, તત્કાળ હુકમ માનવાની ટેવ અને કોઈપણ કામ કરી શકવાની શરીરની શક્તિ તથા શકયતા વિષેની અપૂર્વ શ્રદ્ધાથી માણસમાં આત્મશ્રદ્ધા પ્રગટ થાય છે. અલબત્ત, મુઠ્ઠીભર હાડકાંના માણસમાં પણ પહેલવાનને શરમાવે અને હંફાવે એવી આત્મશ્રદ્ધા હોઇ શકે, પરંતુ આવા અપવાદો બાદ કરતાં સામાન્ય માણસ માટે તો શારીરિક બળ એ જ આત્મશ્રદ્ધાનું મુખ્ય અંગ ગણાય. એટલે ફરજિયાત લશ્કરી તાલીમ આપણા દેશમાં જેટલી વહેલી શરૂ થાય તેટલી આપણા લાભમાં છે. ઉપર કહેલા આત્મશ્રદ્ધા અને બીજા ગુણો પ્રગટ નહિ થાય તો પણ રસ્તા ઉપર લોકો જરા માણસની અદાથી ચાલશે એ પણ કોઈ ઓછા સંતોષની વાત નથી.

૧૯૪૮ના જૂન માસમાં પૂરો લશ્કરી એવો એક પરિપત્ર મુંબઈ ઇલાકાની કૉલેજો ઉપર આવ્યો ત્યારે અમને આ નવા જીવનમાં ડોકિયું કરવાની તક મળી. પરિપત્રમાં ચોખ્ખું લખેલું કે જે કૉલેજો નેશનલ કૅડેટ કોરની રાષ્ટ્રવ્યાપી યોજનામાં ભાગ નહિ લે તેમની સામે સરકાર કડક પગલાં લેશે. એસ. એલ. ડી. આર્ટ્સ કૉલેજના જુવાન અધ્યાપકોમાંથી અમને ત્રણને (પ્રો. વ્યાસ, પ્રો. જાની અને હું) ત્રણ માસ માટે લશ્કરી તાલીમ સારુ મોકલવામાં આવ્યા. અમને હતું કે એ બહાને અમદાવાદની બહાર જવાશે. પણ અમારે નસીબે અમદાવાદનો જ તડકો લખેલો હતો. તા. ૧૬મી જૂનથી તા. ૧૬મી સપ્ટેમ્બર સુધી અમે અમદાવાદમાં તે અરસામાં રહેલી ફર્સ્ટ મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી સાથે લશ્કરી છાવણીમાં ત્રણ માસ રહ્યા. આ લેખમાં એ સમય દરમિયાનના અનુભવો અને એમાંથી ઉદ્‌ભવેલા કેટલાક વિચારો આપવા પ્રયત્ન કરીશ. અમારે માટે આ જીવન તદ્દન નવું જ હતું, મનમાં શંકા પણ હતી કે અમે બધા શિંગોડુ શણગાર્યાં જેમ આવ્યા તો છીએ પણ ટકી શકીશું? નવા અનુભવોની અપેક્ષાનો આનંદ ને ઊંડેઊંડેથી ડોકિયું કરતી આ બીક, આવી મિશ્ર લાગણીઓમાં અમે કામ શરૂ કર્યું.

મરાઠા ઇન્ફન્ટ્રીના નાના મોટા બધા ઑફિસરોની અમારા તરફ ખૂબ મમતા હતી. અમારી સ્થિતિ એક દૃષ્ટિએ વિચિત્ર હતી: જ્ઞાનમાં અમે એ બધા કરતાં આગળ હતા; જ્યારે એમના વિષયમાં અમે સામાન્ય ભરતી થઈ આવેલા 'રંગરૂટો' (Recruit શબ્દનો અપભ્રંશ) જેવા જ હતા. અમારી ભૂલો કોઇકવાર એમને ખૂબ જ હાસ્યાસ્પદ(અને એક ઑફિસર મિત્રની મશ્કરીની ભાષા વાપરું તો 'મૌલિક')લાગતી. પણ અમારી સાથેનો વર્તાવ સભ્ય પુરુષનો રહ્યો હતો. અમારો પહેલો દિવસ મને આજે પણ બરાબર યાદ છે. મેજર ગરુડ અમને સાત જણને (બીજા ચાર બીજી કૉલેજોમાંથી આવેલા.) સ્ટોરમાં લઇ ગયા અને ત્યાંના એક હવાલદારને કહ્યું કે આ બધાને રંગરૂટોની જેમ સામાન આપો. થોડીવારે અમારે માટે બે ભૂરાં શર્ટ, બે પાટલૂન, બે ચડ્ડી અને અમારે માટે 'નવા' એવા જોડા આવ્યા. જોડા પસંદ કરવામાં અમે હલકી જોડની શોધાશોધ કરી મૂકી, પણ બધા લગભગ સરખા જ વજનના હતા. આ જોડામાં અંદર ખૂબ જ ફુમાશવાળું ચામડું જોઇ અમને નવાઇ લાગી, પણ એ પહેર્યા પછી પગને કેદ કર્યા હોય એવું લાગ્યું. પરંતુ એ જોડા સાથે ત્રણ માસ કાઢવાના છે એમ વિચારી એને વિશ્વાસમાં લેવા પ્રયત્ન કર્યો; અને એ મુદ્દતને અંતે તો એ જોડા અમને સાદા ચંપલ જેવા જ લાગતા હતા!

તે દિવસે અમને મરાઠા ઈન્ફન્ટ્રીના કમાન્ડર કર્નલ મોઘેએ અમારા કાર્યક્રમની રૂપરેખા આપી. કર્નલ મોઘે સાવ જુવાન છે. એમની માંજરી ચકળવકળ થતી આંખો, સપ્રમાણ સશક્ત શરીર અને વાત તથા કામ કરવાની છટા જોઇને હું એમને છલંગ મારવા તૈયાર થએલા ચિત્તા સાથે સરખાવતો. એ માણસમાં દાબ બેસાડવાની શક્તિ અજબ હતી. મેજર ગરુડ એક ઠંડા પણ અત્યંત તાકાતવાન માણસ છે. એમની લશ્કરી જીવનની કારકિર્દી સામાન્ય સિપાઈથી શરૂ થઈ હતી. ત્યાંથી ક્રમે ક્રમે વધતા એ મેજરપદ પામ્યા અને છેવટે તો કર્નલ પણ બન્યા. એમના યુદ્ધના અનુભવો એ ખૂબ જ રસિક રીતે કહી શકતા. જર્મનીમાં બે અઢી વર્ષ યુદ્ધકેદી તરીકેનું એમનું જીવન પણ એ અમને કહેતા. એ સમયમાં એમણે પાણી પીધું જ નહોતું! ફક્ત ખાંડ વગરની કાળી કૉફી ગમતી.

અમારે કવાયત, હથિયારોનો ઉપયોગ, લશ્કરોની વ્યૂહરચના અને હેરફેર (Field-craft), નકશાની સમજ અને લશ્કરનું તંત્ર આટલા વિષયો ભણવાના હતા. સવારે સવા છ વાગ્યે હજામત કરી કપડાં વ્યવસ્થિતરીતે પહેરીને અમારે કવાયત માટે તૈયાર રહેવાનું હતું. આને માટે પાંચે ઊઠી જવું પડતું. વહેલું ઊઠવું એ સાવ અશક્ય નહોતું, પણ અમને અમારી જાત પર વિશ્વાસ નહોતો. એથી શરૂઆતમાં અમે નોકર રાખેલા. થોડા વખત પછી અમને જણાયું કે નોકર એ અમારી પામરતાની નિશાની છે. બુટપૉલિશ કરવું, ધોબીને કપડાં આપવાં-લેવાં અને વહેલા ઉઠાડવા માટે નોકરના પૈસા જરા પણ યોગ્ય નહોતા. વળી પહેલે જ દિવસે કર્નલ મોઘેએ અમને કહ્યું હતું કે તમે કોઈ કામ કરવામાં શરમ ન રાખશો. આ વાક્ય અમારાં મનમાં રમી રહ્યું હતું. આથી નોકરોને રજા આપી દીધી ને સ્વાશ્રય કેળવવા પ્રયત્ન શરૂ કર્યો. પછી તો નવા જીવનથી અમે ધીમેધીમે એવા ટેવાઈ ગયા કે પાંચ વાગે આંખ ઊઘડી જ જતી.

લશ્કર એટલે કડક શિસ્ત અને નિયમિતતા, આવો ખ્યાલ અમને શરૂઆતમાં આવ્યો હતો. જેમજેમ આગળ વધતા ગયા તેમતેમ એ ખ્યાલ સંપૂર્ણ સાચો નથી એમ સમજાયું. લશ્કરનો સૈનિક માત્ર પાંચ વાગ્યે જ ઊઠે એવું નથી; હોતું પણ જ્યારે કહો ત્યારે એ તૈયાર જ હોય છે. એના મન અને સ્નાયુઓ ઉપર એનો કે એના ઉપરીનો કાબૂ સંપૂર્ણ હોય છે. એક દિવસ મેજર ગરુડે કહ્યું કે પોતે રાત્રે ચોકીપહેરો જોવા જવાના છે. મેં સાથે જવા પૂછ્યું અને એમણે હા પાડી.




છાવણીમાં એક ખાસ તૈયાર કરેલી જગ્યાએ હથિયારો રાખવામાં આવે છે. દરરોજ સવાર-સાંજ એની ગણત્રી કરવામાં આવે છે. રાત્રે ત્યાં ભરી રાઈફલે પહેરો ચાલે છે અને ત્રણ વાર પડકાર દીધા પછી જો કોઇ માણસ ન થોભે તો એને વીંધી નાખવાનો પહેરેગીરનો અધિકાર છે. એને Shoot to kill કહે છે. આ પહેરો જોવા તપાસવા મેજર જવાના હતા. રાત્રે એ ક્યારે જાય તે નક્કી નહોતું. એ હમેશાં ખાનગી રહે છે. અચાનક જઇને એ જોઈ લેવાના કે પહેરો કેવો ભરાય છે. હું તો ઊંઘી ગયો. બરાબર દોઢ વાગ્યાના શુમારે મેજરે મને બોલાવ્યો. હું પહેલી જ બૂમે ઊઠી ગયો. તરત બૂટ પહેરીને મેજર સાથે નીકળ્યો. રાત શાંત હતી. કોઈ જાગતું નહોતું. મેજરે એમની વાતો શરૂ કરી. મેં કહ્યું 'ગમે તે ક્ષણે સંપૂર્ણ સાવધતા પૂર્વક તૈયાર થઈ શકે તો જ એ સાચો સૈનિક. યંત્રવત્ નિયમિતતા એ તો બહુ અપૂર્ણ કહેવાય.' એ ખુશ થયા. એમણે ચાલુ કર્યું, 'હા; લડાઈમાં તમે અમુક જ સ્થિતિમાં હશો એમ કેમ કહેવાય? પાંચ દિવસ જમીન ઉપર સૂઇ રહેવું પડે ને બીજા દસ દિવસ પાણીથી ભરેલી ખાઇઓમાં મટકું માર્યા વગર પહેરો ભરવો પડે. અમે લોકો શરીરને હદપાર કસી નાખીએ છીએ; અને એટલે જ આરામની ખરી કિંમત સમજીએ છીએ.' આમ વાતો થતી હતી ત્યાં અમને પડકારવામાં આવ્યા. પહેલો હાકોટો ગણકાર્યા વગર મેજર આગળ ચાલ્યા. બીજા હાકોટા વખતે તો અમે પહેરેગીરની ખૂબ જ પાસે આવી ગયા. એણે અમારી ઓળખ માગી. મેજરે એ દિવસની સંજ્ઞા કહી. દરમિયાનમાં બીજા પહેરેગીરો હથિયારની કોટડીના જુદાજુદા ખૂણાઓમાં ગોઠવાઇ ગયા. તપાસ પૂરી કરીને મેજરે પોતાની નોંધ લખી. મેજર ખૂબ માયાળુ હતા પરંતુ કડક પણ ખૂબ થઇ શકતા. નોંધ જોતાં પહેરેગીર ગભરાયો. બહાર નીકળીને મેં એમને કહ્યું, 'તમે

પેલાને જવા દીધો હોત તો?' એમણે કહ્યું.'લશ્કરમાં અમુક કામમાં દયા ન રખાય. ધારો કે હથિયારો ચોરાય તો? પહેરેગીરે સાવધ રહેવું જ જોઇએ.' આ પછી અમે છૂટા પડયા.

એક વાર મારે પણ આ રીતે પહેરો ભરવાનો હતો. ઉઘાડી સંગીને અને ભરી રાયફલે હું પહેરો ભરતો હતો. રાત્રે સાડા ત્રણે મને ઝોકાં આવવા માંડયાં; પણ મારાથી બેસાય નહિ તેમ એક જગ્યાએ ઊભા પણ ન રહેવાય. મારે નક્કી કરેલી જગ્યાએ ફરવું જ જોઇએ. મારાં પગલાં ખૂબ ધીમાં અને આડાંઅવળાં પડતાં હતાં – હું લશ્કરી રીત જાણે ભૂલી ગયો એવું લાગ્યું. ઊંઘ અને ફરજ વચ્ચે ઝોકાં ખાતો હતો ત્યાં કોઈ સાઇકલનો અવાજ આવ્યો. મને થયું મારી કસોટી આવી પહોંચી. આવનાર વ્યક્તિ એક જમાદાર હતા. એમણે ખાનગી રીતે મારો ચોકીનો વારો જાણી લીધો હતો અને મારું કામ જોવા આવ્યા હતા. મેં પડકાર કર્યો, બીજાઓને ઉઠાડયા અને જમાદારને અંદર આવવા દીધા. એમણે નોંધ પૂરી કરી અને પછી મને કહ્યું,'સા'બ' અબ સો જાઇયે.' અમે સૂતા, પણ થોડીવારમાં બીજા કોઈ ઑફિસર અમને જોવા આવ્યા. મને થયું આ હેરાન કરવાની દાનતના લાગે છે. સૂતી વખતે રાઇફલનો પટ્ટો અમારે હમેશાં કાંડા સાથે બાંધી રાખવો જોઇએ, નહિ તો કોઈ રાઇફલ ચોરી જાય. બધા ઊઠયા. એ ઑફિસર તો મારા ખાસ મિત્ર નીકળ્યા. મને કહે 'તને જોવા માટે આવ્યો છું. મઝામાં ને?' એ મિત્ર એવા હતા કે કોઈ કોઇ વાર તો એક રાતમાં એકસામટા ત્રણ વાર છાપો મારતા અને એકાદ વાર તો પહેરેગીરને ગભરાવી મૂકતા. પહેરાની ફરજ ખૂબ આકરી છે અને એમાં સફળતા મેળવનાર માન મેળવે છે જ.

અમને કવાયત શીખવનાર જમાદાર જાદવ અમારા મિત્ર થઇ ગયા હતા. એમનામાં



શરીરના કદ જેટલો જ આનંદ હતો. સવારના દોઢ કલાક સખ્ત કવાયત કર્યા છતાં અમને કશું લાગતું નહિ. આનું કારણ જાદવ સાહેબનો આનંદી સ્વભાવ. પહેલાં અમને હથિયાર વગર ને પછી રાઇફલ સાથે કવાયત કરાવી. એક વાર અમારી કવાયત વખતે સવારમાં કર્નલ મોઘે આવીને ઊભા. સામાન્યરીતે એ દરરોજ સવારે કવાયતના મેદાન ઉપર હોય જ. એમની નજર બીજે છે એમ માનીને તમે એમને છેતરી ન જ શકો. આજે કર્નલ ખાસ અમારી કવાયત જોવા આવ્યા હતા. અમને બધાને વ્યક્તિગત કવાયત કરવા કહ્યું અને અમારામાંથી એક બે સિવાય બધાએ ભૂલ કરી. હું તો ઠંડો જ થઇ ગયો. આ માણસ શું કરશે એ વિચારે ભૂલ કરી બેઠો. પરિણામે અમને વધારાની કવાયત મળી. દરરોજ અમે અઢી વાગ્યે જમીને પરવારતા. એ પછી પોણા ત્રણે, ખરે તડકે, ચોરને કાંધ મારે એવે વખતે એ કવાયત શરૂ થતી! અમે ફરિયાદ કરી કે જમ્યા પછી આમ કસરત કરવી તે આરોગ્યના બધા નિયમોની વિરુદ્ધ છે. પણ અમને જવાબ મળ્યો કે આવી કવાયત કરીને કોઇ સૈનિક હજુ સુધી મરી નથી ગયો, અને તમે પણ કોઇ મરી નહિ જાવ! આવો જવાબ અમે નહિ ધારેલો, એટલે કવાયત ચાલુ રાખી. પરંતુ અમારું કામ સંતોષકારક જણાતાં જ કવાયત બંધ કરવામાં આવી.

અમે ત્યાં હતા એ દરમિયાનમાં મુંબઈ વિસ્તારના કમાન્ડર મેજર જનરલ બાર ત્યાં આવ્યા હતા. એમના માનમાં એક ખાસ પરેડ યોજવામાં આવી હતી. અમારે માટે આવી પરેડ જોવાનો પહેલો પ્રસંગ હતો. પરંતુ એ પછીની ૧૫મી ઑગસ્ટ સ્વાતંત્ર્ય દિનની પરેડમાં અમે ભાગ લીધો. રાષ્ટ્રધ્વજને અમે સંપૂર્ણ લશ્કરી અદાથી સલામી આપી અને માર્ચ કરી. ૧૫મી ઑગસ્ટ અમે લશ્કરી દબદબાથી ઊજવી. ફરી આવી રીતે સ્વાતંત્ર્યદિન ક્યારે ઊજવીશું એ કહી ન શકાય, અને એ દૃષ્ટિએ અમને એ દિવસ ખાસ યાદ રહેશે.

બીજી એક વાત અમને ખાસ કવાયતના દોઢ કલાક પૂરતી યાદ રહેશે. જે કાંઈ અમે શીખતા તે અમારે પાછા આવીને વિદ્યાર્થીઓને શીખવવાનું હતું. આ માટે અમને ખાસ તાલીમ આપવામાં આવતી. ખાસ તો કવાયતમાં હુકમ કરવાની રીત શીખી લેવાની હોય છે. તમારો અવાજ ચોખ્ખો ને સામેના માણસને હુકમ લાગે તેવો પડછંદ હોવો જોઇએ. આનો સફળ પ્રયોગ કરવા માટે જમાદાર જાદવ અમને સામસામા સો સો વારના અંતરે ઊભા રાખતા અને હુકમ આપવાનું કહેતા. એકસામટા સાત માણસો ઊંચે સાદે હુકમ આપવા માંડતા ત્યારે મેદાનમાં શોરબકોર થઈ જતો. પણ એમાં તમારો માણસ બીજાનો હુકમ માને અને કદાચ ન પણ માને. આ અમને સમજાયું નહિ. હું મારી સામેના માણસને હુકમ કરું, એ કાંઈ જ કરે નહિ. મેં ખૂબ ઘાંટા પાડયા ત્યારે એ હાલ્યો. મને સજા કરવાની છૂટ હતી મેં એને દોડાવ્યો. થાકયા પછી ખબર પડી કે જમાદારે બધાને કહી રાખેલું કે આ સાહેબ લોકો બૂમો મારે એવા નથી એટલે તમે કોઈ હુકમ માનશો જ નહિ. જમાદારને આવી મીઠી મશ્કરી કરવાની ટેવ હતી!

શરૂઆતમાં અમારો ડાયરી રાખવાનો વિચાર હતો. દરરોજ રાત્રે થોડા દિવસ ડાયરી લખી; પણ પછી તો રાત્રે અગિયાર વાગ્યે જમીને આવતા ત્યારે થાકીને એવા લોથ થઇ જતા કે લાકડાના કટકાની જેમ જડ બની ઊંઘી જતા. પાંચમું અને છઠ્ઠું અઠવાડિયું અમારે માટે ખૂબ જ મહેનતનું હતું. આખો દિવસ કામ કામ ને કામ. અને એ પણ શારીરિક કસરત. સાંજનો સમય જે નવરાશનો હતો એમાં કસરત દાખલ કરી. લશ્કરના માણસ માટેની કસરત કરી શકવી એ શારીરિક શક્તિનું પ્રમાણ ગણાય. તમે થાકો, તમારા સ્નાયુઓ એટલા દુઃખે કે તમે ઊંઘી પણ ન શકો, અને છતાં લશ્કરનો એક સિદ્ધાંત છે—જે એક માણસ કરી શક્યો તે બીજો ન કરી શકે એવું કાંઇ છે જ નહિ–એ પ્રમાણે દરેક સૈનિકે આ કસરત કરવી જ પડે છે.

એક દિવસ પચ્ચીસ ફૂટ ઊંચે બાંધેલા એક દોરડા ઉપર અમારે ચડવાનું હતું. હું ઉપલે છેડે પહોંચ્યો. શ્વાસ માતો નહોતો. અને મેં ભૂલ કરી! ભૂલથી મેં નીચે જોયું. પચ્ચીસ ફૂટ સો ફૂટ જેટલા લાગ્યા. હાથમાંથી દોરડું છૂટી જ જાત; પણ અમારા શિક્ષકે મને નીચે ઊભા ઊભા હિંમત આપી. ચડવા કરતાં નીચે ઊતરવું મુશ્કેલ છે. હાથ લસરી જવાની અને છોલાઈ જવાની પૂરી શક્યતા ખરી. આ અનુભવ પછી હું બત્રીસ ફૂટનું દોરડું પણ ચડી શક્યો હતો.

શરીર દુખવાનો આ એક પ્રયોગ ચાલુ હતો ત્યાં અમારે સંગીનના દાવ અને



યુદ્ધ શીખવાં પડયાં. લડાઇમાં જ્યારે તમારી પાસેની ગોળીઓ ખૂટી જાય અને બીજો કોઈ ઉપાય ન રહે ત્યારે તમે સંગીન કાઢીને કૂદી પડો. આ સંગીન એક તોબાહ બોલાવે એવી કસરત છે. થાકથી તમે પાંદડાની (અનુ. પૃ. ૧૭૫મે)



—પોતે જ પાડેલો પોતાનો ફોટોગ્રાફ



નાટ્યગૃહની ભીંત ઉપર કરેલી ચિત્રકતી (ચિત્રકાર · શ્રી સત્યેન્દ્રનાથ બીસી)

શ્રી સત્યેન્દ્ર બીસી: કલાકાર ને કલાશિક્ષક

ઘણાં વર્ષોથી શાળાઓના શિક્ષણક્રમમાં ચિત્રકામને સ્થાન મળ્યું છે તેમજ તે માટેની પરીક્ષાઓમાં હજારો વિદ્યાર્થીઓ પસાર પણ થાય છે; છતાં એ શિક્ષણના પ્રત્યક્ષ ફળ રૂપે જે કળાસંસ્કારોની આશા રાખવામાં આવે છે તે મૂર્તિમંત થતી દેખાતી નથી. ચિત્રકામમાં પ્રવીણતા પામેલા વિદ્યાર્થીઓમાં અવલોકન અને વ્યવસ્થાની ચીવટ સહજ હોવી જોઈએ, તેમજ તેમના આવાસમાં અને આસપાસ રંગ કે રૂપની કોઈ ને કોઈ યોજના દ્વારા તેમની રુચિનું ઊંચું ધોરણ દેખાવું જોઈએ. માત્ર પરીક્ષાનાં સર્ટિફિકેટો તેમની કળાવૃત્તિ કે પ્રવૃત્તિનું યોગ્ય પ્રમાણ ઠરતાં નથી. વિદ્યાર્થીના હાથમાં આવતી વસ્તુઓને તે કેમ ગોઠવે છે, કેમ શણગારે છે અથવા તેનાં આંગળાંમાં કેવી આવડત ઊતરી છે તે તો તેના વ્યવહારમાં તે કંઈ કરી બતાવે ત્યારે જણાય છે. વળી જે ચિત્રશિક્ષણક્રમમાંથી તેઓ પસાર થયા હોય તેમાં, સર્જકતાને ફણગો આવે એવું સાધન જે માટી તેનો તો પરિચય જ થતો નથી, અને તેમનું ચિત્રકામ એક લૂખો પ્રયોગ બની જાય છે, યા તે હલકી નકલખોરીમાં પરિણમે છે.

આવાં વિચિત્ર પરિણામોથી બચીને વિદ્યાર્થીઓ સ્ફૂર્તિ અને ઉત્સાહથી માટીકામ, ચિત્રકામ કે કોતરકામ કરતા હોય ત્યારે તેમનો આનંદ અને પ્રેરણા જ તેમના અભ્યાસની પહેલી સફળતા બની જાય છે. કામમાં આનંદ અને આત્મપ્રેરણા લાવી ન શકાય ત્યારે વિષયની પસંદગી તેમજ કાર્યયોજનાનો દોષ કરનાર શિક્ષક જ ઠરે છે. પણ શ્રી સત્યેન બીસીના વર્ગો જોનારને ઉપર જણાવેલા સર્વ વિરોધોથી જુદું જ શિક્ષણકાર્ય જોવાનું મળે છે.

શ્રી બીસી કેટલાંક વર્ષોથી સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટની રાજકુમાર કૉલેજમાં કલાશિક્ષક નિમાયા છે અને તેમણે મુંબાઈની ચિત્રપરીક્ષાઓનાં ધોરણો બાજુએ રાખી સ્વતંત્રપણે વિદ્યાર્થીઓની સર્જકશક્તિ, ક્રિયાશક્તિ તેમજ સૌંદર્યભાવના ખીલે એવા પ્રયોગો કર્યા છે, તે બીજી ઘણી સંસ્થાઓને ધડો લેવા જેવા છે.

અભિનવ ભારતીય ચિત્રકળાનો પ્રથમ પરિચય તેમને શાળાજીવનથી જ કલાકાર શ્રી ચારુ રૉયથી થયો અને તેમની પાસે ચિત્રકલાનો પ્રારંભ કર્યો. તે પછી ડૉ. અવનીન્દ્રનાથ ઠાકુર પાસે થોડો વખત તાલીમ મેળવી બાર વર્ષની વયે તો તેમનાં ચિત્રો 'પ્રવાસી' અને 'મૉડર્ન રીવ્યુ'માં પ્રસિદ્ધ થએલાં. તે પછી શાંતિનિકેતન કલાભવનમાં શ્રી નંદબાબુ પાસે શિષ્ય તરીકે તેમણે સ્થાન મેળવ્યું અને ચિત્ર, મૃદ્‌વિધાન(માટીકામ), કાષ્ઠમુદ્રા(વૂડકટ), લીનોમુદ્રા, વગેરે ક્રિયાત્મક કલાઓમાં પ્રાવીણ્ય મેળવી વિશ્વભારતીના સ્નાતક થયા. ફોટોગ્રાફીમાં તેમની નજર નવો ચીલો પાડી શકી છે. અને તેમનાં ફોટોચિત્રો હિંદ અને બહારનાં પત્રોમાં આકર્ષણ બન્યાં છે. તે ઉપરાંત તેમણે ભાતીગળ ચિત્રો, અલંકારચિત્રો વગેરે સાથે નેપથ્ય-સજાવટમાં પણ સફળ કામ કરી બતાવ્યું છે.

શ્રી બીસીએ પોતાના વિદ્યાર્થીઓમાં કળાનો રસ પ્રદીપ્ત કરવા રાજકુમાર કૉલેજના ભોજનખંડ તેમજ નાટ્યગૃહમાં મોટાં ભીંતચિત્રો મૂકી વાતાવરણને કલાથી કેવું ઉલ્લાસપૂર્ણ કરી શકાય તેનો સફળ પ્રયોગ કરી બતાવ્યો છે. માટીકામની યોજના માટે તેમણે વર્ગની સજાવટ, ભઠ્ઠીઓ વગેરે સાધનોની રચના કરી વિદ્યાર્થીઓ આગળ રૂપનિર્માણ, ક્રિયાકૌશલ્ય ને સ્વચ્છ વ્યવસ્થાના પ્રત્યક્ષ પાઠો આપ્યા છે. સૌરાષ્ટ્રના નવઘડતરમાં શિક્ષણમાં પ્રગતિ લાવવા શ્રી બીસીની શિક્ષણપ્રથા તથા અનુભવ બહુ ઉપયોગી થઈ શકે એવાં છે.

રવિશંકર રાવળ



'લીનોકટ'માં બે વિદ્યાર્થીઓની કૃતિઓ: ડાબી બાજુ - વિક્રમસિંહ (વય ૧૪)ની કૃતિ: જમણી બાજુ · મહીપતસિંહ (વય ૧૫)ની કૃતિ

ઘરના લીંપણથી માંડી રૂપસુંદર ચીની વાસણો સુધીની સૃષ્ટિમાં વ્યાપી રહેલી

ઘરઘરની પરિચિત માટી

[રોજિંદા જીવનમાં વિજ્ઞાન ૨૬]

લેખક-ડા. નરસિંહ મૂ. શાહ, એમ. એ., પીએચ. ડી.

ઘરની લીંપેલી ભોંયથી માંડીને રૂપસુંદર ચીની વાસણો સુધીના આપણા રોજિંદા જીવન સાધનોમાં વ્યાપી રહેલી માટી તો આપણી સૌની પરિચિત છે. જો કે એના જે અનેકવિધ પ્રકારો થાય છે તે ઘણાને જાણીતા નહિ હોય.

માટી, એ આપણી પૃથ્વીની રચનામાં આવેલી શિલાઓમાંથી ઉત્પન્ન થાય છે. એ શિલાઓ અનેક પ્રકારના સીલીકેટોની બનેલી છે અને શિલાઓ પર પાણી તથા વાતાવરણના વાયુઓ ખાસ કરીને કાર્બન ડાયોકસાઇડની—અસર થતાં તેમાંથી ઘણા ઉપયોગી પદાર્થો પરિણમે છે. દાખલા તરીકે, ઓલીવાઇન નામના મૅગ્નેશ્યમ સીલીકેટમાંથી મૅગ્નેશ્યમ કાર્બોનેટ ને સર્પેન્ટાઈન નામનો ખનિજ પેદા થાય છે. એવી જ રીતે હોર્નબ્લેન્ડ તથા ઓગાઈટ નામના સીલીકેટોમાંથી શંખજીરું(ટાલ્કા)બને છે. ફેલ્સ્પાર નામના સીલીકેટોમાંથી વાતાવરણની અસરને લીધે ચીની માટી બને છે. ચીની માટી તરીકે ઓળખાતી સફેદ માટીની ઉત્પત્તિ આવા પ્રકારની છે. ચીની માટી એટલે લગભગ શુદ્ધ ઍલ્યુમીનિયમ સીલીકેટ.

જમીનમાં માટી રેતી સાથે મળેલી જડી આવે છે. આવી માટી રેતિયા માટી કહેવાય છે. જો ચૂના-પથ્થર સાથે તે ભળેલી મળી આવે તો ચૂના-માટી તરીકે ઓળખાય છે. માટી જો શુદ્ધ હોય તો રંગ વિનાની હોય છે. પરંતુ તેમાં ભરતની અશુદ્ધિ હોય તો રાતો રંગ પેદા કરે છે. કાર્બનિક અશુદ્ધિઓ હોય તો કાળો રંગ થાય છે.

ચીનાઇ માટીનાં વાસણોના ઉદ્યોગ ને (Ceramic) કહે છે. અશુદ્ધ માટી સામાન્ય ઉપયોગનાં વાસણો જેવાં કે પાણી ભરવાના ગોળા, માટલાં, રાંધવાનાં હાંડલાં અને એવા બરનાં વાસણો બનાવવા માટે તેમજ નળિયાં (દેશી તેમજ વિલાયતી) અને ઈંટોની બનાવટમાં ઉપયોગમાં લેવાય છે. રંગીન અશુદ્ધિઓ વિનાની માટી સફેદ બરણીઓ અને એવા બીજો સામાન બનાવવા માટે વપરાય છે. આવી ચીજો સ્ટોન વેર (stone-ware) તરીકે ઓળખાય છે. તદ્દન શુદ્ધ ચીની માટી પૉર્સિલેઇન વૅર (porcline ware)ની બનાવટમાં કામમાં લેવામાં આવે છે, જેમાં ઊંચી જાતનાં ચીની વાસણો અને વિજ્ઞાનમાં ઉપયોગી મૂષક જેવા સરંજામ વગેરેનો સમાવેશ થાય છે.

ચીની માટીમાંથી અશુદ્ધિઓ કાઢી નાખવા માટે અને સારી ઊંચી જાતની સફેદ માટી બનાવવા સારૂ તેના બારીક ભૂકાને પાણી સાથે મેળવીને હલાવવામાં આવે છે. આ દૂધિયા મિશ્રણને એક પછી એક ગોઠવેલી મોટી ચોરસ ટાંકીઓમાંથી પસાર થવા દેવામાં આવે છે. આ ક્રિયા દરમિયાન માટીના ઝીણા કણો દરેક ટાંકીમાં નીચે બેસી જાય છે. છેલ્લી ટાંકીમાં જે માટી ભેગી થાય છે તે સારામાં સારી જાતની માટી હોય છે. કુંભારની માટીમાં અને આ માટીમાં ફેર માત્ર એટલો કે પહેલીમાં અશુદ્ધિઓ હોય છે, એટલે કુંભારનાં બનાવેલાં વાસણો રાતાં યા કાળાં હોય છે: બીજી માટી શુદ્ધ કરેલી હોવાથી તેમાંથી સફેદ ચીજો બને છે. દાખલા તરીકે ચાના પ્યાલા રકાબી તથા તાસકો અને બીજી અનેક ચીજો. બાકી તો કુંભાર જેમ માટીનાં વાસણો બનાવે છે તેવી જ રીતે આ કામ થાય છે. કુંભાર જેમ નીંભાડામાં કાચાં વાસણો પકાવે છે તેમ ચીની માટીની ચીજોને પણ ભઠ્ઠીમાં પકવવામાં આવે છે. કુંભારનું કામ અનુભવમૂલક પરંપરાએ ચાલે છે, તો ચીની માટીની ચીજોની બનાવટમાં ઉષ્ણતાપર કાબૂ રાખવામાં આવે છે, ને તેની ભઠ્ઠીની બનાવટ વિચારપૂર્વક કરેલી હોય છે. પૉર્સિલેઈનની બનાવટ ચીનમાં સાતમાં યા આઠમાં સૈકામાં શોધવામાં આવી હતી. અને તે એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી કે ચીનાઓ શુદ્ધ સફેદ અર્ધ પારદર્શક ને ગજવેલ જેટલું કઠણ પૉર્સિલેઇન બનાવતા. આ પ્રમાણે તૈયાર થએલું વાસણ 'બિસ્કિટ બૉડી' કહેવાય છે. તે છિદ્રાળુ હોય છે. પછી તેની પર ગ્લેઈઝ (ઓપ) ચડાવવામાં આવે છે. એ ગ્લેઈઝ એટલે બિસ્કિટ બૉડી પર તેની સાથે જડાએલી ચકચકિત સપાટી. આથી વસ્તુ છિદ્રાળુ મટી જાય છે. સસ્તી ચીજો પર ગ્લેઈઝ ચડાવવા મીઠું વપરાય છે. ભઠ્ઠીમાં મીઠું નાખવામાં આવે છે; ભઠ્ઠીની ઉષ્ણતાથી તેની બાષ્પ બને છે અને વાસણની સપાટી પર એ ઓગળી ગએલા સીલીકેટનું પાતળું પડ બંધાઈ જાય છે. આવી ચીજો પર તેજાબની અસર થતી નથી, એટલે મીઠાના ગ્લેઇઝવાળો માલ ઍસિડ ભરવા માટે વપરાય છે. ચાના કપ રકાબી ને ખાણાના ટેબલ પર વપરાતી બીજી ચીજો સામાન્યતઃ સીસાના ગ્લેઈઝ વાળી હોય છે. ૬૦ ભાગ સીસાની ભસ્મ, ૧૦ ભાગ માટી અને ૩૦ ભાગ બારીક ફ્લિન્ટના ભૂકાની પાણી સાથે ચીકણી પેસ્ટ કરીને વાસણ પર ચોપડવામાં આવે છે. પછી તેને ગરમ કરવામાં આવે છે. પૉર્સિલેઇન પર ગ્લેઇઝ ચડાવવા માટે દળેલા ફેલ્સ્પાર, ચકમક, માટી અને પૉર્સિલીન મેળવીને તેની ચીકણી પેસ્ટમાં પૉર્સિલેઈનના વાસણને બોળવામાં આવે છે અને પછી તેને ગરમ કરવામાં આવે છે. તેના પર જો ચિત્રામણ કરવાનું હોય તો તે પ્રથમ કરવામાં આવે છે, અથવા તો ગ્લેઈઝ પર રંગકામ કરવામાં આવે છે.

શુદ્ધ ચીની માટી સાથે રેતી યા દળેલી, બાળેલી માટી મેળવીને તૈયાર કરેલ મિશ્રણમાંથી મૂષકો (Crucibles) તૈયાર કરવામાં આવે છે.

ગુજરાતમાં ઈડરમાં ને કાઠિયાવાડમાં થાન પાસે માટીનો ઉદ્યોગ ચાલે છે. ત્યાંનાં કારખાનાંમાં ચાના પ્યાલારકાબી ને બીજી અનેક ઘરગથ્થુ ચીજો બનાવાય છે. ઇંદોરમાં પણ સારી જાતની ચીની માટીની ચીજો તૈયાર થાય છે.

કપડાં ધોઇને તેને સફેદ ઓપ આપવા વપરાતો અને સામાન્ય ભાષામાં ગળી તરીકે ઓળખાતો વાદળી પદાર્થ, લેપીઝ લઝુલી નામના એક વિરલ ખનીજને મળતો આવે છે. તેના બનાવટી રૂપને અલ્ટ્રામરીન કહે છે. બંધ મૂષકોમાં શુદ્ધ ચીની માટી, સોડા ઍશ યા સોડા સલ્ફેટ, ગંધક અને બેરજીયા કોયલાના મિશ્રણને લાલચોળ થાય ત્યાં સુધી ગરમ કરવાથી એ અલ્ટ્રામરીન બને છે.

ઇનૅમલ (enamal) (જેને આપણે 'ચીનો' કહીએ) એ ગરમીમાં ઓગળી જાય એવા સીલીકેટો છે. લોઢાના પતરા પર તેને ચોપડી પછી ગરમ કરવામાં આવે છે એટલે લીસી ચકચકિત સપાટી બને છે. આનો ઉપયોગ જાહેર ખબરોનાં સાઇનબોર્ડ વગેરે તૈયાર કરવા માટે થાય છે.

સીમેન્ટની બનાવટમાં માટી તો પુષ્કળ વપરાય છે. ચૂનાપત્થર તથા માટીને ૩:૧ના પ્રમાણમાં મેળવીને પછી એ મિશ્રણને દળીને ભઠ્ઠીમાં કાળજીપૂર્વક બાળવામાં આવે છે. આ બળેલા ગઠ્ઠાઓને અત્યંત બારીક દળવાથી સીમેન્ટ થાય છે. ભૂકો જેટલો બારીક તેટલા પ્રમાણમાં

સારી જાતનો સીમેન્ટ બને છે. આપણા દેશમાં રાજપુતાનામાં બુંદી, મધ્ય પ્રાંતોમાં કટની ને કાઠિયાવાડમાં દ્વારકા, પોરબંદર ને બીજી જગ્યાઓએ સીમેન્ટનાં જંગી કારખાનાં છે. સાત ટકાથી વિશેષ માટીવાળી ચૂના-માટીમાંથી ચૂનો બનાવવામાં આવે તો મોર્ટર (mortar) બને છે. તેમાં સીમેન્ટના ગુણો છે. પાણી સાથે રાખવાથી તે ઘટ્ટ બને છે એટલે તેને જલવાહક મોર્ટર કહેવામાં આવે છે. સીમેન્ટ મોર્ટર બાંધકામમાં પુષ્કળ વપરાય છે. બાંધકામમાં તો આજે સીમેન્ટનો યુગ જ ચાલે છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

માટીનો ઉપયોગ ફટકડીની બનાવટમાં પણ થાય છે. માટીને ભુંજવાથી તેમાં રહેલી લોહભસ્મ અદ્રાવ્ય થઈ જાય છે. પછી તેને સલ્ફ્યુરિક ઍસિડ સાથે મેળવીને ગરમ કરવાથી તેનું વિઘટન થાય છે અને ઍલ્યુમિનિયમ સલ્ફેટ બને છે. આ સલ્ફેટ જુદો કાઢી લેવામાં આવે અને તેમાં પોટાશ્યમ સલ્ફેટ ઉમેરીને રાખવાથી ફટકડીના સ્ફટિકો જુદા પાડે છે.

આમ, માટી જેવી નિર્માલ્ય વસ્તુમાંથી આપણા રોજીંદા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવનાર અનેક પદાર્થો બને છે.

સ્લેટ

સ્લેટનો પત્થર જમીનમાંથી નીકળે છે. પૃથ્વીના પડોમાં દબાણ વડે સખત થઈ ગયેલી માટીના સપાટ પડો એટલે સ્લેટનો પત્થર. આવા પત્થરના ભરાણો આપણા દેશમાં ઘણી જગ્યાએથી મળી આવે છે. મદ્રાસ ઇલાકાના કુરનૂલ જિલ્લામાં મારકાપુર નજીક સ્લેટ બનાવવાનું કારખાનું આજથી ત્રીસ વર્ષ પૂર્વે શરૂ થયું હતું. પતિયાળા રાજ્યમાં અટેલી, પૂર્વ પંજાબમાં કુંડ અને ગ્વાલિયરમાં પીપલીઆ સ્લેટ બનાવવાના અગત્યના મથકો છે.

સ્લેટીયા પત્થરમાંથી બનાવેલી સ્લેટો ઉપરાંત સોપસ્ટોન (શંખજીરૂં) વાળી પાટીમાંથી બનાવેલી ધાતુના પતરાવાળી ન તૂટે એવી સ્લેટો બનાવવા માટે પણ પુષ્કળ અવકાશ છે.

આ ઉદ્યોગને ગયા યુદ્ધ દરમિયાન ખૂબ ઉત્તેજન મળ્યું હતું કારણ કે પરદેશોમાંથી આવતી સ્લેટોની આયાત બંધ હતી. અત્યારે આખા દેશમાં ૧૬૦ નાનાં મોટાં કારખાનાંઓ સ્લેટ બનાવવાનું કામ કરે છે. સ્લેટમાં લખવાની પેનો પણ બનાવાય છે.

આ ઉદ્યોગ માટે આપણા દેશમાં પુષ્કળ કાચો માલ મળી શકે છે. એટલે કોઇ ખાસ મોટી મૂડી રોકયા વિના આ ઉદ્યોગની ખીલવણી માટે પુષ્કળ તકો છે. દેશમાં કેળવણી પ્રચારની યોજનામાં આ ઉદ્યોગને ઉપયોગી સ્થાન છે.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા

આપણી વનસ્પતિ [૨૮]

કરંજ

લેખક
પ્રો. જયંતીલાલ દે. ઓઝા
એમ. એસસી.



રૂપમનોહર, ગુલાબી તેમજ આસમાની ઝાંય લેતાં સફેદ ફૂલોથી શોભતા અને 'કણુઝી' નામથી પણ ઓળખાતા આ વૃક્ષને સંસ્કૃતમાં 'નક્તમાલ' ને 'કરંજ', હિંદીમાં 'કંજા' કે 'કરંજ' તથા મરાઠીમાં 'ઘાણેરા-કરંજ', કે 'કરંજ' કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'પૉનગૅમિયા ગ્લેબ્રા' (Pongamia glabra Vent.) 'પૉનગમિયા' નામની ઉત્પત્તિ આ વૃક્ષના તામિલ નામ 'પૉન્ગા' અથવા 'પૉન્ગમ્' પરથી થએલી છે; લૅટીન શબ્દ 'ગ્લેબ્રા' નો અર્થ 'લીસાં' થાય છે, અને તે નામ આ વૃક્ષનાં લીસાં પાનનું અર્થસૂચક છે. કરંજના વૃક્ષની રમણીયતા કવિ કાલિદાસે રઘુવંશમાં સુંદર રીતે વર્ણવી છે.

હિંદ, સિલોન, બ્રહ્મદેશ ને આંદામાન ટાપુઓ આ વૃક્ષના ઉત્પત્તિસ્થાન. વહેળા અને નદીઓના કાંઠા પહાડી જંગલોમાં તે ખાસ કરીને જોવામાં આવે છે. શોભા અને છાયાવૃક્ષ તરીકે બાગબગીચા ને સડકો પર હિંદભરમાં બધે તે ઉગાડવામાં આવે છે.

કરંજનું વૃક્ષ મધ્યમ કદનું – ૪૦ થી ૬૦ ફીટ ઊંચુ ઊગે છે. તેની છાલ ભૂરી યા ભસ્મી રંગની અને શાખાઓ આસપાસ ફેલાએલી હોય છે. પાન એકાંતરે આવેલાં, સંયુક્ત, દાંડીવાળાં અને ૫ થી ૧૦ ઇંચ લાંબાં હોય છે. સંયુક્ત પાન ૫ થી ૯ નાનાં પાનનાં બનેલાં હોય છે. આ નાનાં પાન લગભગ લંબગોળ અગર ઇંડાકાર, તળિયે ગોળાકાર અગર સાંકડાં થતાં પરંતુ ટોચે અણીદાર, લીસાં, ઘેરા લીલાં રંગનાં, ૨½ થી ૫ ઇંચ લાંબાં અને ૧½ થી ૩ ઇંચ પહોળાં ને દાંડી પર સામસામાં ગોઠવાએલાં, પરંતુ ટોચે એક અટૂલા પાન રૂપે હોય છે. એ નાનું પાન બધાં નાનાં પાનમાં સૌથી મોટું હોય છે. દરેક નાના પાનને એક ટૂંકી દાંડી હોય છે.

કરંજના ફૂલોનો ઉદ્ભવકાળ એપ્રિલથી જૂન અગર જુલાઇ માસ. ગુલાબી તેમજ આસમાની ઝાંય લેતાં સફેદ ફૂલો ફૂલ ધારણ કરતી દાંડીપર સમૂહમાં આવેલાં હોય છે. ફૂલનું વજ નાનું, પ્યાલી આકારનું ને તપખીરિયા રંગનું હોય છે. તેના ફૂલમણિની ગુલાબી તેમજ આસમાની ઝાંય લેતી પાંચ સફેદ પાંખડીઓએ વજની પ્યાલીમાં સુંદર રીતે ગોઠવાએલી હોય છે. વર્ષાના આરંભમાં કરંજના વૃક્ષનો દેખાવ તેના મનોહર ફૂલોને લીધે ખૂબ રમણીય હોય છે. આ વખતે વૃક્ષ-પરથી નીચે ખરેલાં અસંખ્ય ફૂલો જમીન પર સુંદર સેજ બિછાવે છે અને વેરાએલાં મોતી જેવો નયનમનોહર દેખાવ આપે છે.

કરંજ શિમ્બી વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ – શીંગ ૧½ થી ૨ ઇંચ લાંબી અને ¾ થી ૧ ઇંચ પહોળી, ચપટી, બદામ જેવા આકારની અને ૧ થી ૨ (સામાન્ય રીતે ૧) બીજવાળી હોય છે. શીંગો ઝુમખાંમાં થાય છે. કરંજ બીજ વડે ઊગે છે.

શોભા તેમજ છાયાવૃક્ષ ઉપરાંત કરંજ ઉપયોગી વનસ્પતિ છે. તેનું લાકડું સાધારણ કઠણ અને સફેદ, પરંતુ હવામાં રહેતાં પીળું હોય છે, ને તે દક્ષિણ હિંદમાં ગાડાનાં પૈડાં રમકડાં, તલવારનાં મ્યાન વગેરે બનાવવામાં વપરાય છે. કરંજના લાકડાની રાખ રંગવાના કામમાં વપરાય છે. તેનાં પાનનો ખાતર તરીકે ઉપયોગ થાય છે. તેમાં જંતુનાશક ગુણો હોઈ તે ખેતીને નુકસાન કરતી જમીનમાંની જીવાતનો નાશ કરે છે. કરંજનું ફળ ખાવાના ઉપયોગમાં લેવાય છે. તેના બીજમાંથી કડવું, રાતું-ભૂરું ઘટ્ટ તેલ મળે છે જે દિવા બાળવા તેમજ ઔષધ તરીકે વપરાય છે.

કરંજની ઔષધીય ઉપયોગિતા વિષે આયુર્વેદના સંસ્કૃત ગ્રંથોમાં ઘણી જગ્યાએ ઉલ્લેખ છે. હિંદ ઉપરાંત ચીન, હિંદી ચીન, ફિલિપ્પાઈન ટાપુઓ ને ઑસ્ટ્રેલિયામાં કરંજનો ઔષધીય વનસ્પતિ તરીકે ઉપયોગ થાય છે. આયુર્વેદમાં કરંજનાં બીજનું તેલ ચામડીનાં દર્દો-ખસ, ખુજલી, દાદર, ખરજવાં વગેરે-પર લગાડવા માટે બહુ ઉપયોગી ગણાય છે. તેમાં જંતુનાશક ગુણ રહેલા છે. તે સંધિવામાં પણ અસરકારક ગણાય છે. કરંજના તેલનું રાસાયનિક પૃથક્કરણ થયું છે અને તેમાં ૯૩.૩ ટકા કેટલાંક- 'સ્ટીઅરિક'. 'પામીટિક', 'ઑલિક' વગેરે-ચરબીવાળા તેજાબો રહેલા છે. કરંજનું તેલ કુષ્ઠનાં (રક્તપિત્તનાં) ચાંદામાં ઉપયોગી છે.

કરંજનાં તાજાં કોમળ પાન લોહી પડતા અર્શ પર બાંધવામાં આવે છે, તેમજ છાલ વાટીને પીવાથી અર્શમાંથી પડતું લોહી બંધ થાય છે. તેનાં પાનની પોટીસ જંતુવાળાં ચાંદાં મટાડે છે. કરંજ અને ચિત્રાનાં પાન, પીપર, મીઠું અને દહીં સાથે કોઢમાં ખાવામાં આપવામાં આવે છે. તેનાં પાન ઝાડા અને અરુચિમાં અપાય છે. સંધિવામાં તેનાં પાનનો ઉકાળો સ્નાન કરવા તેમજ શેક માટે ઉપયોગમાં લેવાય છે.

સિલોનમાં કરંજના મૂળનો રસ સોજા પર લગાડવા વપરાય છે; તેમજ દાંત સાફ કરવા અને પેઢાં મજબૂત કરવા માટે તેનો ઉપયોગ થાય છે. તાંજોરમાં તેનાં મૂળનો રસ નાળિયેરના પાણી ને લીંબુના રસ સાથે પ્રમેહમાં આપવામાં આવે છે. કરંજની શાખા ને મૂળના રસમાં જંતુનાશક ગુણ રહેલા છે.

કરંજનાં ફૂલ મધુપ્રમેહમાં અપાય છે. બાળક ભરાઈ ગયું હોય ત્યારે તેના ફળની માળા કરીને બાળકને ગળે બાંધવામાં આવે છે. તેમાં કરંજના બીજ ખાવા માટે અપાય છે તેમજ તેના ફળની છાલનો ભૂકો પણ ઉપયોગી ગણાય છે. કરંજનાં બીજ કફનાશક, ગ્રાહી, પિત્તશામક અને તૃષાશામક ગણાય છે તેનો ગર્ભ કોઢમાં ઉપયોગી છે. કરંજના બીજનું ચૂર્ણ કેસુડાના રસ સાથે આંખના રોગો માટે અંજન બનાવવા ઉપયોગમાં લેવાય છે.

ચરક, સુશ્રુત, વાગ્ભટ વગેરે સર્પ તેમજ વીંછીના દંશ પર કરંજનો ઉપયોગ સૂચવે છે. સીલોનમાં સર્પદંશમાં કરંજના તાજાં બીજ તેમજ મૂળને પાણી અગર માણસના મૂત્ર સાથે વાટીને આંખો પર લગાડવામાં આવે છે, તેમજ તેનો થોડો ભાગ નસકોરાંમાં રેડવામાં આવે છે. પરંતુ કાયસ ને મ્હસ્કરના સંશોધન અનુસાર કરંજનો કોઈ પણ ભાગ સર્પ તેમજ વીંછીના દંશ પર ઉપયોગી નથી.

(લશ્કરી તાલીમના ત્રણ માસ અનુ૦ પૃ. ૧૭૨થી) જેમ થરથર કંપો, છતાં તમારે યુદ્ધ ચાલુ રાખવું પડે. એ પરિસ્થિતિ વાસ્તવ સિવાય કલ્પી જ નથી શકાતી. પણ અમારા સુબેદાર ચોહાણ અમને એની ભયાનકતાનો પૂરો ખ્યાલ આપી શકતા. એ સુબેદાર ચોહાણે અમને રાયફલ ને મશીનગનની તાલીમ પણ ખૂબ સારી આપી. પરિણામે અમે સારા ગોળીબાર કરી શકયા હતા. મશીનગન જેવું કામયાબ હથિયાર મેં હજુ સુધી જોયું નથી, અલબત્ત, બીજાં યે હથિયારો છે ખરાં. એ એક નવાઇની વાત છે કે લશ્કરના લોકો હમેશાં એમ કહે છે કે અમારા શાસ્ત્રની પ્રગતિ યુદ્ધ ઉપર અવલંબે છે: એટલેકે એ શાસ્ત્રની પ્રગતિ માટે યુદ્ધો થવાં જોઈએ!

અમે લગભગ લશ્કરી માણસો જેવા થવા આવ્યા એટલે પછી અમારે એક નાનું સરખું યુદ્ધ ખેલવું પડ્યું. એક ગીચ ઝાડીવાળી જગ્યામાં અમારા દુશ્મનોને સંતાડવામાં આવ્યા. એ વિસ્તારનું સંપૂર્ણ વર્ણન અમને કહેવામાં આવ્યું અને દુશ્મનોને પકડવાનો હુકમ મળ્યો. બબ્બેની ટુકડીમાં અમે નીકળ્યા. થોડે ગયા ત્યાં ધડાકા શરૂ થયા. નીચેની જમીન કેવી છે તે જોયા વગર હું જમીન પર પડ્યો. જમીન થોડા વરસાદથી ભીની થએલી હતી અને એમાંના એક બે કાંટા શરીરમાં પેસી ગયા! ગોળીબારના ધડાકા ચાલુ રહ્યા. અગિયાર વાગ્યા હતા; સવા અગિયારે અમારે દુશ્મનોને કેદ કરવાના હતા. ધડાકા બંધ થયા અને હું જમીન ઉપર સર્પ જેમ સરકવા લાગ્યો. જરા માથું ઉંચકાયું ત્યાં એક સામટી પાંચ ગોળીઓના ધડાકા થયા! મને ખરેખર જ થઈ ગયું કે મૂઆ પડયા! ખરા યુદ્ધની ભયાનકતાનું ભાન થયું. સૈનિકોની કર્તવ્યનિષ્ઠા માટે ખૂબ માન થયું. મનમાં લાગ્યું કે જીવન અને મૃત્યુની સાથે કાયમ ઝઝૂમતો હોય તે જ સાચો સૈનિક. અલબત્ત, જીવનના કોઈપણ ક્ષેત્રને તમે આ ઉદાત્ત-ધોરણ ઉપર મૂકી શકો તો એ ખરું જીવન કહેવાય. બાકીના આપણે જીવીએ છીએ તે શ્વાસ લઈએ છીએ એટલું જ. આપણા જીવનની બહુ ઓછી ક્ષણોમાં મૃત્યુનો સામનો આપણે કરવો પડે છે; એટલે જ કદાચ આપણા નિશ્ચયો મોળા હોય છે ને એટલે જ આપણે જીવનમાં ખૂબ વધારે સંખ્યામાં વ્રતો અને નિશ્ચયો કરીએ છીએ! સૈનિકને આવું કાંઇ નથી. એને જે કામ મળ્યું એની સામે એને મૃત્યુને મૂકવાનું હોય છે. 'કરેંગે યા મરેંગે'નો અર્થ લશ્કરી માણસ જીવનમાં ઉતારી શક્યો હોય છે. જોતજોતાંમાં સવા અગિયાર થયા. સીસોટી વાગી ને અમે એકઠા થયા. પ્રથમ તો અમે હાર્યાં એની અમને શરમ લાગી હતી. મને જે ઝાડનું થડ લાગેલું એ એક માણસ હતો. એણે વેશપલટો બરાબર કર્યો હતો. હસવા જેવી વાત તો એ હતી કે જે ધડાકા કરવામાં આવ્યા હતા તે બધા ખાલી દારૂના જ હતા. અમને બીકમાં પણ નવાઈ લાગતી હતી કે અમે કેમ ઘાયલ નથી થતા તે સાચી નીકળી; પણ આવી હાસ્યાસ્પદ રીતે!

લશ્કરી જીવન અને સામાજિક જીવનમાં મને મુખ્ય તફાવત આ લાગ્યો છે: આપણા જીવનમાં પણ સામાન્યરીતે સ્વીકારેલી શિસ્ત છે; પણ એની પાછળ કોઈ નિયમ કે બંધન નથી. લશ્કરી જીવનમાં શિસ્તભંગના નાનામાં નાના ગુના માટે સજા છે,—એટલે સુધી કે તમને મૅલેરિયા થાય તો તમારી દવા થાય, પણ સાજા થયા પછી મૅલેરિયા થવા દીધાની બેદરકારી માટે તમારે સજા ભોગવવી પડે! આથી બધું નિયમિત અને શિસ્તમય રહે છે. આપણા જેવા, શિસ્તના અભાવને લીધે તદ્દન અંધેર જેવી સ્થિતિમાં રહેતા સમાજ માટે તો લશ્કરી તાલીમ સિવાય બીજો ઉપાય જ નથી એમ મને લાગે છે.



અકીક, લસુણિયા ઑનિક્સ વગેરે ગુજરાતના ભૂગર્ભમાં પાકતા કીમતી પત્થરો

ક્રેટેશિયસ યુગને અંતે થએલા અગ્નિપ્રલયનો લાવા રસ જેમ જેમ સુકાતો હતો તેમતેમ તે સંકોચ પામતો હતો. પરિણામે એના પેટાળમાં નાનાંનાનાં ગોળાકાર પોલાણો(Cavities) તથા ફાટો પડવા લાગી. એથી લાવા રસની અંદરનો પ્રવાહી સિલિકા (કાચનો મૂળ પદાર્થ) બીજા પદાર્થોના સંપર્કમાં આવતાં તેમનો રંગ પામીને એ પોલાણો અને ફાટોમાં ભરાવા લાગ્યો. કાળાંતરે એ પણ સોપાનશિલાઓ સાથે સુકાયો, અને આમ એ ગોળ પોલાણોમાં અકીકવર્ગના પત્થરો રચાયા તથા ફાટોમાં કૅલ્સાઈટ રચાયો. કૅલ્સાઈટ એ ચૂનાનો એક પ્રકાર છે. એ સંપૂર્ણ કે અર્ધ પારદર્શક પતરીઓ રૂપે હોય છે ને એને બાળીને 'પ્લાસ્ટર ઑફ પૅરીસ' તૈયાર કરવામાં આવે છે. ગુજરાતમાં સારામાં સારો કૅલ્સાઈટ છોટા ઉદેપુરના પ્રદેશમાં નીપજે છે.

ખંભાતનો અકીકનો ઉદ્યોગ આખી દુનિયામાં પ્રસિદ્ધ છે, એટલે અકીકવર્ગના પત્થરોનો સહેજ પરિચય અહીં ઉપયોગી થઈ પડશે. ઉપર દર્શાવ્યા પ્રમાણે, તેમ બીજી પણ કેટલીક રીતે સિલિકાના ત્રણ વર્ગ પડે છે: ચાલ્સીડૉની-Chalcedony, ફ્લિન્ટ અને ચર્ટ Flint and Chart, અને જૅસ્પર-Jasper. આ ત્રણે સમૂહના પેટામાં આવતા પત્થરો નીચે પ્રમાણે છે.

ચાલ્સીડૉની સમૂહ

- કૉર્નેલિયન લસુણીઓ
  - સાર્ડ (ભૂખરો)
  - પ્રાઝ (લીલો)
    - પ્લાઝમા
    - બ્લડ સ્ટોન
- ઍગેટ અકીક
  - ઑનિક્સ (સફેદ પડવાળો)
  - સાર્ડોનિક્સ (લાલ—વાદળી પડવાળો)

(૧) ચાલ્સીડોની સમૂહમાં કૉર્નેલિયન Cornalian એટલેકે લસુણીઓ પત્થરચિકાશવાળો, લસણના જેવો ને રંગે રતાશ કે પીળાશ પડતો હોય છે. એમાં જે ભૂખરા રંગનો હોય તે Sard કહેવાય છે ને લીલાશપડતો પ્રાઝ Prase તરીકે જાણીતો છે. એના વળી બે પ્રકાર છે. જે લીલા પત્થર પર સફેદ છાંટ હોય તેને પ્લાઝમા Plasma અને જેના પર લાલ છાંટ હોય તે બ્લડ્ સ્ટોન અગર હેલીઓટ્રૉપ Blood stone or helisotrope.

ઍગેટ Agate એટલે અકીક, એ આમ તો કૉર્નેલિયન (લસુણીઆ) જેવો જ હોય છે, પરંતુ તેમાં ફેર રંગનો નહિ પણ અંદરના બંધારણનો હોય છે. અકીકમાં સફેદ અગર તો બીજા રંગોનાં પડો-bands નજરે પડે છે, પછી રંગ ગમે તેવો હોય. એના બે પ્રકાર છે: ઑનિક્સ–Onyxમાં સફેદ કે ભૂખરા રંગનાં પડો હોય છે ને સાર્ડોનિક્સ–Sardonyxમાં વાદળી કે લાલ અગર બંને રંગનાં પડો હોય છે.

(૨) ફ્લિન્ટ અને ચર્ટ: ફ્લિન્ટ મુખ્યત્વે ખડી Chalkમાં થતો હોવાથી યુરોપમાં જ થાય છે. હિંદમાં સિંધ અને નર્મદા-ખીણમાં ક્યાંકક્યાંક જૂજ પ્રમાણમાં થાય છે. કેટલાક લોકો ફ્લિન્ટનો અર્થ ચકમક કરે છે તે ખોટું છે. ચર્ટ Chert તો આપણે ત્યાં પુષ્કળ થાય છે. તે લસુણીઆના જેવો જ છે; પણ તેમાં મેલાશ પડતા રંગોની છાંય ને ગઠ્ઠા હોવાથી તેનો દેખાવ સારો હોતો નથી.

(૩) જૅસ્પર-Jasper સાવ અપારદર્શક પણ ચિકાશવાળો, રંગે ખાસ કરીને ઘેરો લાલ અને ક્યાંક લીલો અને ભૂખરો પણ હોય છે. ગુજરાતની કેટલીક નદીઓના ભાઠામાં પણ એ મળી આવે છે.

હિંદમાં જ્યાંજ્યાં સોપાનશિલાઓ છે ત્યાંત્યાં સઘળે આ પત્થરો થોડાઘણા મળી આવે છે. પણ ગુજરાતમાં કેટલેક ઠેકાણે તે જેટલા કદ અને રંગના મળી આવે છે તેવા બીજે ક્યાંય મળતા નથી. દાખલા તરીકે કપડવણજની મોહાર નદીના ભાઠામાં લીલા અને બીજા કેટલાક રંગના પત્થરો તરબૂચ તરબૂચ જેવડા મળી આવે છે ને તેથી તેમાંથી મોટા પ્યાલા બનાવી શકાય છે. આ પ્યાલા રોમન સમ્રાટો મોટી કીંમત આપીને ખરીદતા. બ્રિટિશ મ્યૂઝિયમમાં આવા કેટલાક પ્યાલા છે, ને તેમાં રોમને ભડકે બાળીને ફિડલ વગાડનાર રોમન સમ્રાટ નીરોનો ખંભાતથી ગએલો પ્યાલો ખાસ જાણીતો છે. વળી ભરૂચ પાસે રતનપુરના ડુંગરમાંથી જેવા વિવિધ રંગના અકીક ને લસુણિયા નીકળે છે તેવા બીજે ક્યાંય થતા નથી. તેનું કારણ એ છે કે તૃતીય જીવકલ્પ (Tertiary Era)માં સાતપુડા પર્વત સુધી દરિયો પહોંચી ગએલો; એટલે તેમાં સાતપુડા પર્વત કે જેનો ઉપલો ભાગ સોપાનશિલાઓનો રચાએલો છે તેમાંથી, અકીકો પાણીના વહેળાઓ સાથે તણાઇતણાઇને દરિયાને તળિયે આવીને પડતા ને દરિયામાં તે સમયે બંધાતા રંગબેરંગી માટીના ખડકોમાં તે દટાઈ જતા. આ ખડકોના રંગને આ અકીકો ચૂસીચૂસીને રંગબેરંગી બનતા. કાળાંતરે સાતપુડાના તળેટી પ્રદેશમાંથી દરિયો ખસીને દૂર જતો રહ્યો અને તેનું તળિયું જમીનની સપાટી બન્યું. પછી હિમાલયના નિર્માણ વખતે થતા પ્રલયંકર ધરતીકંપોનાં મોજાં અહીં સુધી આવવા લાગ્યાં ને તેના પરિણામે આ સપાટીમાં કરચલીઓ પડીને નાનાનાના ટેકરા રચાયા. આ ટેકરાઓ વરસાદનાં પાણીથી ધોવાતાં અંદરના રંગબેરંગી અકીકો બહાર નીકળી નદીઓનાં ભાઠાંઓમાં ઘસડાઇને જવા લાગ્યા. રતનપુરનો ડુંગર આવી જ રીતે બંધાએલો એક ટેકરો છે. અગાઉ એમાંથી ખોદીને અકીકો કાઢવામાં આવતા. હવે નદીઓનાં ભાઠાંમાંથી એકઠા કરવામાં આવે છે. તાપી કાંઠા નજીકના તરકેશ્વરમાંથી પણ અકીક નીપજે છે.

ખંભાત આ અકીકોમાંથી જાતજાતની વસ્તુઓ (જેવા કે વીંટીના નંગ, મણકા, પ્યાલા, રમકડાં, બટન, ઇત્યાદિ) બનાવવાના ઉદ્યોગનું કેન્દ્ર છે. અહીં કાચો માલ રતનપુર, તરકેશ્વર, કપડવણજ અને સૌરાષ્ટ્રમાંથી રાણપુર તથા ટંકારાથી આવે છે. પ્રાગૈતિહાસિક કાળથી ખંભાતને આંગણે આ ઉદ્યોગ ચાલે છે. એકલા મોહેં-જો-દરોના અવશેષોમાંથી જ નહિ, પણ ઈરાક ને ઇજિપ્તની પ્રાચીન સંસ્કૃતિઓના અવશેષોમાં પણ ખંભાતમાં બનેલી અકીકની શૃંગારસામગ્રી મળી આવી છે. હાલ પણ મુસ્લિમ દેશો, આફ્રિકા ને ચીન ખાતે આ અકીકની વસ્તુઓ નિકાસ થાય છે (ચાલુ)

અમેરિકામાં અભ્યાસ

અભ્યાસાર્થે અમેરિકા જનારાઓના પત્રો અગાઉ 'કુમાર' તેમજ અન્ય પત્રોમાં પણ અનેકવાર આવી ગયા છે; છતાં આ પત્રોમાં ત્યાંના અભ્યાસને લગતી માહિતી કંઇક વિગતવાર તેમજ 'કુમાર'ના વાચકોને ઉપયોગી હોવાથી તારવી કાઢીને તે પ્રકટ કરીએ છીએ.

સ્ટીમશિપ 'સિલિશિયા' ૩૧મી જુલાઇ ૧૯૪૮ના રોજ સાંજે પાંચ વાગ્યે મુંબઇથી ઊપડી અને ગુરુવાર ૫ ઑગસ્ટે સવારે અમે એડન થઈ પસાર થયા.

પહેલા બેત્રણ દિવસ સ્ટીમર પરનું જીવન નવુંનવું લાગે, પણ પછી તો એ કંટાળાજનક બનતું જાય છે. રોજ સવારે પથારીમાંથી ઊઠો તે પહેલાં ચ્હા આવે, આઠ વાગ્યે નાસ્તો (બ્રેકફાસ્ટ), સાડા દસ વાગ્યે કૉફી, સાડા બાર વાગ્યે ભોજન (લંચ), પોણા ચાર વાગ્યે ચ્હા, સાંજે સાત વાગ્યે વાળુ (ડિનર) ને રાત્રે દસ વાગ્યે પાછો થોડો નાસ્તો (સ્મૉલ બ્રેકફાસ્ટ)! આમ આખો દિવસ ખાવું ને તુતક (ડેક) પર ફરવું તે સિવાય બીજો કાર્યક્રમ જ મળે નહિ. ખાવાનું એટલું બધું મળે કે ઘણીવાર નાગનું જ ખવાય. વળી જે હ્યો તે બધુ જ બાફેલું. લંચ અને ડિનર વખતે હમેશાં 'કરી ને ભાત' હોય જ. 'કરી' તે આપણા જેવી કઢી તો નહિ, પણ જુદાંજુદાં શાકનું મિશ્રણ. સાથે બટાટા હોય, પણ એનાં નામ હજાર જાતનાં. વાટેલા, બાફેલા, કાપેલા, ગમે તેમ પણ આખરે બટાટા જ. વાનીઓની યાદી જુઓ તો નામ મોટાં મોટાં હોય ને મંગાવો ત્યારે કાંઈ વિચિત્ર જ નીકળી પડે.

અમારી સ્ટીમર પર ધોબી (લૉન્ડ્રી) નથી. બધાને કપડાં જાતે જ ધોઈ લેવાં પડે છે. બધા મળી સ્ટીમર પર વીસેક હિન્દીઓ છે, તેમાં બાર વિદ્યાર્થીઓ છે. બધા જ જુદા જુદા અભ્યાસમાં ને જુદાજુદા સ્વભાવવાળા. છતાં ય ધાર્યા કરતાં હિન્દીઓ વધારે છે.

૨૬મી ઑગસ્ટે સવારે ઈંગ્લંડથી સાઉધમ્પ્ટન છોડયું. સવાર પડે ને મુંબાઇથી હું ચારસો માઇલ દૂર જતો જાઉં છું ને 'ઍન આર્બર' પહોંચતાં દુનિયાનો અર્ધ ગોળ પૂરો થશે.—બાર હજાર માઈલ.

જાતજાતના દરિયા જોવા મળ્યા છેઃ અરબ્બી સમુદ્ર, બિસ્કેનો અખાત, પણ મધ્ય આટ્લાંટિક જરા વધારેપડતો ખરાબ છે. અત્યારે અમારી સ્ટીમર નીચે ગલ્ફ સ્ટ્રીમનો પ્રવાહ વહે છે. એટલે સ્ટીમર પર નીચેથી થોડા આંચકા આવે છે. નસીબ જોગે હરિકેઇન (દરિયાઇ વંટોળિયો) અમારાથી હજાર માઈલ દૂર રહ્યો છે એટલે નડયો નથી; બાકી ચાર છ કલાક બધાંને ખૂબ ચિન્તા કરાવેલી.

આ સ્ટીમર એક ટ્રુપશિપ છે. તેના પર સાતસો વિદ્યાર્થીઓ છે. તેમાં પશ્ચિમના તમામ વિધવિધ દેશોના, અમેરિકન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે. ડૅનિશ, ફ્રેંચ, ઈટાલિયન, જર્મન, રશિયન, પોર્ચુગીઝ, હંગેરિયન, ઇંગ્લિશ, સ્વીડિશ વગેરે લગભગ બધી જ જાતનો શંભુમેળો છે. હિંદી પ્રવાસી હું એકલો જ છું. જાતજાતની ભાષાઓ સાંભળવાનો ને વિવિધ સંસ્કૃતિઓનો અનુભવ લેવાનો મળે છે. આ સ્ટીમર ધાર્યા કરતાં ધીમી છે. 'સિલિશિયા'ની સરખામણીમાં શાહીબાગ આગળ ઢાલગરવાડ જેવું લાગે છે. મારી પથારી દોઢ ફૂટ પહોળી ને સાડા પાંચથી છ ફૂટ લાંબી છે. એક મોટા ઘોડિયા જેવું લાગે છે. પાસું બદલો એટલે જાણે સંગીત ચાલે! આમ ચોવીસ જણ એક કૅબિનમાં ખડકાએલા છીએ. કપડાં બદલવા એટલી તો ઓછી જગ્યા છે કે એકસાથે બે જણથી કપડાં બદલી શકાય જ નહિ. એટલે ઊઠવામાં પણ 'ક્યૂ' ને ફરવામાં પણ 'ક્યૂ'. નહાવા માટે એક લાઇનમાં આઠ બાથરૂમ, ને બધી જ ઉઘાડી! બધા જો સાથે નહાવા બેસે તો એકનું સાબુનું પાણી બીજાના પગ તળેથી પસાર થાય. આવું બધી જ બાબતમાં છે. પણ આ યે એક જાતનો અનુભવ છે ને? આ સ્ટીમર પર અમેરિકાની પેઠે ત્રણ વખત જ ખાણું અપાય છેઃ સવારે આઠ વાગ્યે નાસ્તો, બપોરે બાર વાગ્યે જમવાનું અને અને સાંજે છ વાગ્યે વાળુ, એટલે દરેક વખતે ભૂખ એવી લાગે કે કહેવાની વાત નહિ.

હું એકલો જ હિંદી પ્રવાસી હોવાથી બધા જ પ્રવાસીઓ હિંદ વિષે ખૂબ સવાલો પૂછે છે; સ્વરાજ્ય મળ્યા પછીના ફેરફારો, ગાંધીજીના અવસાનની હકીકત, આપણી ન્યાતજાતની પદ્ધતિ, આપણી ભણવાની રીત, વગેરે. અમેરિકનો બહુ જ વાતોડિયા જણાય છે. 'કન્વેન્શન' જેવું કંઇ યે નહિ. ઇંગ્લંડમાં તો જમવા જવાનું હોય તો તે માટે યોગ્ય કપડાં પહેરવાં જ જોઇએ. લંડનમાં એક હિન્દી વિદ્યાર્થી ટાઈ પહેર્યા વગર હૉસ્પિટલમાં ગએલો, તે શરીરનો ભાગ ઉઘાડો રાખવા માટેનો અવિનય ગણાએલો! અમેરિકનો તો સામાન્ય વ્યવહારમાં ખમીસ ને પાટલુન પહેરીને જ ફરે છે. ઉપર એક ચામડાનું (અંદરથી ગરમ) જૅકેટ પહેરે છે. અમેરિકામાં કપડાં તૈયાર સીવેલાં મળે છે એટલે કેટલીક વખત પાટલુન લાંબાં હોવાથી બે ત્રણ વળ ચઢાવી પહેરનારા પણ પડયા છે.

ગયા પત્રમાં ઉલ્લેખ કર્યો હતો એ વંટોળિયાએ બીજી સપ્ટેમ્બરની રાત્રે બાર કલાક સુધી અમને ખૂબ જ હેરાન કર્યા. છેવટે ૩જી સપ્ટેમ્બરની રાત્રે સાડા નવ વાગ્યે ન્યૂયૉર્કના બારામાં લંગર નાખ્યું. ને હું લોકશાહી સત્તાવાળા પ્રદેશમાં ઉતર્યો. રસ્તામાં જ સ્વતંત્રતા દેવીના પૂતળાનાં દર્શન થયાં. એનું વજન ૪,૫૦૦૦૦ રતલ છે. એ ત્રણસો ફીટ ઊંચી છે ને એની પહેલી આંગળી આઠ ફીટ લાંબી છે. લગભગ સાડા ત્રણ માઇલ દૂર હોઇએ ત્યાંથી એ દેખાવા માંડે છે.

પહેલી જ કસ્ટમ તપાસ થઇ. અમેરિકન અમલદારો ખૂબ ચીકણા હોય છે. મારી એકેએક ટ્રંકની પૂરેપૂરી જડતી લીધી. ખાવાની ચીજો વધારે ચોકસાઇથી તપાસી. એ લોકોને સોપારી, કાજુ વગેરેથી ખૂબ જ નવાઈ લાગી. થોડુંથોડું ચાખી પણ જોયું!

તારીખ ૪ના રોજ બપોરે દોઢ વાગ્યે ઇન્ટરનૅશનલ હાઉસમાં આવ્યા. ડૉર્મીટરી (ધર્મશાળા)માં જગ્યા મળી. એક દિવસના બે ડૉલર આપવાના હોય છે. ન્યૂ યૉર્ક ખૂબ જ ખર્ચાળ શહેર છે. બધી જ વસ્તુઓ મોંઘી, રોજનું ખાધાખર્ચ બેત્રણ ડૉલર. શાકાહારી ન હોય તો એક ટંકના ત્રણ ડૉલર થાય.

'રૉકફેલર સેન્ટર' ન્યૂ યૉર્કનો બહુ જ જાણીતો વિસ્તાર છે. તેમાં ઘણાં ઊંચા મકાનો આવેલાં છે. સિત્તેર માળનું આર. સી. એ. બિલ્ડિંગ છે, એમાં એમનો ગંજાવર સ્ટૂડિયો છે. તેની નજીકમાં જ રેડિયો સિટી મ્યૂઝિક હૉલ છે, એ દુનિયામાં મોટામાં મોટું સિનેમાગૃહ છે. તેમાં ૭ હજાર માણસો એકીસાથે સિનેમા જુએ છે. રૉકફેલર સેન્ટરમાં સાયન્સ અને આર્ટ્સનું મ્યૂઝિયમ, એકતાલીસ માળવાળું ઈન્ટરનૅશનલ બિલ્ડિંગ, બ્રિટિશ ઍમ્પાયર બિલ્ડિંગ, લાઈફ ઍન્ડ ટાઈમ બિલ્ડિંગ, એસોસીએટેડ પ્રેસ, વગેરે સેંકડો ઊંચાનીચાં વિશાળ મકાનો આવેલાં છે. આખો દિવસ ધમાલ ચાલુ

જ હોય છે. સવારના નવ વાગ્યાથી રાતના એક વાગ્યા સુધી કોઈ જંપતું નથી. એક લાખ પચીસ હજાર માણસો ગમે તે વખતે ફરતા ચાલુ હોય છે. છવ્વીસ હજાર કારકુનો ને અમલદારો જુદી જુદી ઑફિસોમાં કામ કરે છે.

પહોળાઇમાં મોટાં મકાનોમાં રૉકફેલર ઇન્સ્ટીટ્યૂટ ઑવ મેડિકલ રીસર્ચ પહેલે નંબરે આવે છે. તે પાંચ રસ્તા લાંબું ને ચાર રસ્તા પહોળું છે. અમેરિકામાં રસ્તાને 'બ્લૉકસ' કહે છે. કોઇ મકાનની પૂછપરછ કરે તો જવાબ મળે: માત્ર ચાર બ્લૉક સીધા ને પછી બે બ્લૉક જમણા ચાલો એટલે પહોંચી જશો. પરંતુ એ 'બ્લૉકસ' એવા કે એટલું ચાલતાં બધું જ ખાધાનું પચી જાય!

ન્યૂ યૉર્ક યોજનાપૂર્વક રચાએલું શહેર છે. પૂર્વથી પશ્ચિમ જતા બધા રસ્તાઓને સ્ટ્રીટ કહેવામાં આવે છે ને ઉત્તરથી દક્ષિણ જતા રસ્તાઓ ઍવન્યુ કહેવાય છે. એવા દસ ઍવન્યુ અને બસોને પચાસ સ્ટ્રીટ છે. તે પાંત્રીસ માઇલ પહોળું અને એકસો ને પચાસ માઈલ લાંબું છે. લોકો મોટર છૂટથી વાપરે છે. દર ચાર માણસે એક મોટર છે. રાજમાર્ગો કે ગામડામાં ભાગ્યે માણસ ચાલતો નજરે પડે બધા જ મોટર-માલિકો! મોટર ચલાવવામાં લોકો બહુ જ બેપરવા હોય છે. અમેરિકામાં એક પણ વસ્તુ એવી નથી વેચાતી કે જે બાર માસ તમે સારીરીતે વાપરી શકો. તેથી જ વસ્તુઓ જથ્થાબંધ બનાવવાનો પવન છે. બધી ચીજો સસ્તી પણ ઘણી છે. પરંતુ કોઇપણ વ્યાપારી પર વિશ્વાસ મૂકી શકાય નહિ. અંગ્રેજો ને અમેરિકનો વચ્ચે આ મોટો તફાવત છે. આપણા મિલમાલિકો પેઠે દરેક અમેરિકન પૈસા ભેગા કરવામાં જ સમજે છે. ટ્રાફિક જમણી બાજુએ ચાલે છે. નવો માણસ ભૂલ ખાઇ જાય, ને ભૂલ ખાય તે સ્વર્ગે પણ જાય.

ન્યૂ યૉર્કની ટ્યૂબ સિસ્ટમ (ભૂગર્ભમાંની રેલવે) બીલકુલ સારી નથી. ભૂલ થયા વિના રહે જ નહિ ને કલાકો નકામા બગડે. બધું જ નંબરથી ગણવાનું હોય: ૧૨૫ સ્ટ્રીટ ૪ સિસ્ટમ પર આવે, એટલે ક્યાં ઊતરવું એનો ચપળ આંખો પર આધાર. લંડનની ટ્યૂબ સિસ્ટમ આનાથી લાખ દરજ્જે સારી છે. કદાચ દુનિયામાં શ્રેષ્ઠ હશે.

આ દેશમાં માણસની પુષ્કળ તંગી છે. બસમાં એકલો ડ્રાઇવર જ બધું ધ્યાન રાખે: ટિકિટ આપે, નાણાં લે, બારણાં વાસે ને મોટર ચલાવે. મોટા રસ્તાઓ ઉપર વાહનો થોભાવવાની બહુ જ તકલીફ પડતી હોવાથી ઓવર ગ્રાઉન્ડ મોટર પાર્કિંગ સ્ટૅન્ડ બનાવવાના છે. તેમાં લિફ્ટ રાખવામાં આવશે. મોટર લિફ્ટ રૂમમાં મૂકી દેવાની. બટન દાબો એટલે મોટર એની મેળે ઉપર જઈ નિયત જગ્યાએ ઉભી રહેશે ને જરૂર પડે ત્યારે બટન દબાવ્યે નીચે આવશે.

હૉટેલમાં જાતજાતનાં ખાનાંઓની લાઈન હોય છે. ચા માટે દરેક જણે પ્યાલો લઈ ઊભા રહેવાનું. ને ચકલી ખોલવા બટન દાબવાનું. ચા એટલી જલદી પડે કે ધ્યાન ન રાખો તો પ્યાલો ભરાઇ ઉભરાઈ જાય ને કપડાં બગાડશે એવું લાગે; પણ પોણો પ્યાલો ભરાય કે ચા આવતી જ બંધ થાય. ખાવા માટે ક્યૂ. આશરે બસો માણસની લાઈન તો લાગેલી જ હોય. એક એક ખાના પાસેથી પસાર થતા જાઓ અને જોઇતી ચીજ ટ્રેમાં લેતા જાઓ. છેડે બાર હોય ત્યાં એક બાઇ હોય તે બાફેલી (આ લોકો એને રાંધેલી કહે) વસ્તુઓ આપે ને પૈસા લે. પછી હાથમાંની ટ્રે સાથે જગા શોધી ટેબલ પર બેસી જવાનું. ટિપ અને ફેડરલ ટૅક્સ તમારા ખર્ચના વીસ ટકા સુધી પહોંચી જાય! ખાવાની દુકાન હોય કે હજામની, બધે જ ટૅક્સ. ને તે પણ ઘણો જ ભારે.

લોકો ઘણું જ ઝડપથી બોલે. શરૂઆતમાં આપણને સમજાય જ નહિ. સંસ્કારમાં અંગ્રેજો કરતાં સ્પષ્ટરીતે ઊતરતા છે. દરેક અમેરિકન પાસે સીગાર, વૅક્યુઅમ ક્લીનર, રેડિયો અને મોટરગાડી ખરાં જ. હમણાં હેન્ડ રેડિયો સો સવાસો રૂપિયામાં મળે છે. દાગીનાની નાની પેટી જેવો હાથમાં રાખી ફરી શકાય. રસ્તામાં ઘણા લોકો આ હાથ-રેડિયો વગાડતા જતા નજરે પડે છે.

અમેરિકામાં લાંબા અંતરનો પ્રવાસ કરવા માટે બે પ્રકારનાં સાધનો છે: (૧) રેલવે જેમાં એક્સપ્રેસ-પુલમૅન=૪૮ ડૉલર, લોકલ-કોચ=૨૬ ડૉલર; (૨) બસ-૧૩=ડૉલર. 'પુલમૅન' સ્લીપિંગ કાર છે. કોચ આપણા સેકન્ડ ક્લાસ જેવો. અહીંની પ્રજા ઘણુંખરૂં 'કોચ'માં જ મુસાફરી કરે છે. અતિ શ્રીમંત હોય તે જ બીજી રીતે. ટ્રેઇનની ગતિ સામાન્ય રીતે કલાકે સિત્તેરથી ઍંશી માઈલની હોય છે, એટલે એ માર્ગે રસ્તો જોવા મળે નહિ એ એક ગેરફાયદો.

ન્યૂ યૉર્કથી ઍન આર્બર મેં બસમાં પ્રવાસ કર્યો, એટલે ડૉલર બચાવ્યા ને દેશ જોયો. પરિણામે ઊતર્યા પછી બરડો તૂટ્યો ને પેટ દુખ્યું. એ પણ એક નવો અનુભવ હતો.

સવારે છ વાગ્યે અમે ન્યૂ યૉર્કથી ઊપડ્યા. રસ્તામાં ન્યૂ જર્સી, ટ્રૅન્ટન, ક્લીવલૅન્ડ અને ડેટ્રોઇટ, આ ઔદ્યોગિક નગરો જોયાં. ગાર્ડન ટાવર, પેરેડાઈઝ જેલી, લીટલ ફોલ્સ વગેરે જોતા જોતા ઍન આર્બર બીજે દિવસે સવારે આઠ વાગ્યે આવ્યો. લગભગ હજારેક માઇલનો પ્રવાસ થયો. ટ્રેઇન દ્વારા ૧૧ કલાક થાત. આ દેશનો ગ્રામપ્રદેશ ઘણો જ સુંદર છે. આવો પ્રવાસ કરવાથી ઘણું જાણવાનું મળે છે. અહીં આવતાં એમ લાગે છે કે લંડન મુંબઈથી ઘણું પાસે છે.

આબોહવા ઠંડી છે. હવામાનમાં દિવસ ને રાતમાં ઘણો ફેર પડે છે. દિવસે ટેમ્પરેચર ૯૧° થી ૯૫° હોય તો રાત્રે ૪૯°-૫૫° હોય ને આ તો ઉનાળો છે. શિયાળામાં ખૂબ હીમ પડે છે. ત્રણેક ફૂટ બરફનો થર પથરાઈ જાય છે ને ટેમ્પરેચર ૦ થી ૨૦° નીચે જાય છે. ભૂખ પણ ઘણી લાગે છે. ત્રણ કલાક થાય કે ખાવા તરફ દિલ દોડે.

અભ્યાસનું કામ ઘણું પહોંચશે એમ લાગે છે. હિંદમાં વાચન વધારે, પ્રૅક્ટિકલ ઓછું અને ઔદ્યોગિક તો કાંઈ જ નહિ. અહીં બધું જ ઔદ્યોગિક. બધા જ વિષયોમાં કોયડાઓને ફૂટ પ્રશ્નો.–'પ્રૉબ્લેમ્સ'–સિવાય બીજું કાંઇ મળે જ નહિ.

પહેલા સત્રમાં 'અંડર ગ્રૅજ્યુએટ'નો અભ્યાસ. હિંદમાં જે શીખ્યા છીએ તેનો 'પ્રૉબ્લેમ' વિભાગ. એક રીતે આ સારું છે; એથી ઘણું નવું જાણવાનું મળશે. બીજા સત્રમાં અર્ધું ગ્રૅજ્યુએટ અને પછી બીજાં બે સત્રમાં ગ્રૅજ્યુએટ.

પહેલા સત્રમાં વિષયો થોડા હોય છે: કસોટી રૂ૫. ફી ૧૭૫ ડૉલર+૧૭૫ ડૉલર+૯૦ ડૉલર=૪૪૦ ડૉલર. સ્ટેશનરી ૮૦ ડૉલર. ખાધા ખર્ચ ૯૬૦ ડૉલર. રહેવાનું ખર્ચ ૨૬૦ ડૉલર કુલ ૧૭૪૦. આમ વાર્ષિક ૧૭૦૦ થી ૧૮૦૦ ડૉલર ખર્ચનો અંદાજ કહેવાય.

આખરે મિશિગન શહેરમાં જગ્યા મળી. મિશિગન નાનકડું સુંદર શહેર છે. વિદ્યાર્થીઓ માટે અહીં સારું માન છે. શાકાહારમાં બટાટા, વાલ, કોબીજ, વટાણા વગેરે મળે છે. દૂધ અને ફળ પણ મળે છે એટલે ખાસ વાંધો આવતો નથી. પરંતુ ખોરાક ખૂબ જ મોંઘો છે. ઠંડી અને કામને લીધે ભૂખ પણ વધારે લાગે છે.

હવે અભ્યાસની વાત કરું. અત્રે આવીને હું પ્રથમ આંતરરાષ્ટ્રીય કેન્દ્રના પરદેશથી આવતા વિદ્યાર્થીઓના સલાહકાર મિ. ક્લીન્જર અને ડૉક્ટર ગેઇલને મળ્યો. એમણે બધી જ સમજ પાડી.

મારે પ્રયોગશાળામાં ઝાઝું કામ કરવું પડશે નહિ, કારણકે જે મેં કર્યું છે તે તેમને સંતોષકારક જણાયું છે, એટલે આ સત્રમાં મારે બે અન્ડર ગ્રૅજ્યુએટ કોર્સ અને બે ગ્રૅજ્યુએટ કોર્સ કરવાના છે. અહીં

'ક્રેડિટ' પદ્ધતિ છે. બી. એસ.ની ડિગ્રી માટે ૧૨૦ ક્રેડિટ મેળવવી જોઇએ. મારે ૭ લેવાની છે. એમ. એસ. માટે ૩૨ ક્રેડિટ. ક્રેડિટ એટલે દરરોજ એક કલાક અભ્યાસખંડમાં કામ અને ચાર કલાકનું ચોક્કસ ઘરકામ. આ સત્રમાં મારે ઓછામાં ઓછું દર અઠવાડિયે ૬૫ કલાક કામ કરવું પડશે, આવતા સત્રમાં દર અઠવાડિયે ૯૦ કલાક અને સમર સેશનમાં ૫૬ કલાક! અત્રે દર અઠવાડિયે પરીક્ષા થાય છે. તેની નોંધને 'બ્લ્યુ-બુક' કહેવામાં આવે છે. ફાઇનલ પરીક્ષા પણ આપવાની છે. માર્કનો ક્રમ નીચે મુજબ છે અ=ઉત્તમ=+૪; બ= સારો= + ૩; ક=સામાન્ય= +૨; ડ=પાસ= +૧; ઇ=નપાસ= ૦; ફ=અધૂરો= −૧. સામાન્યરીતે 'ઉત્તમ' વર્ગ તો કોઇ મેળવી જ શકતું નથી. 'સારો' વર્ગ મેળવવો પણ મુશ્કેલ છે. સામાન્ય રીતે હિંદીઓ ક વર્ગમાં આવે છે; ભાગ્યે જ બ માં. આ સત્ર માટે એક અઠવાડિયામાં લગભગ વીસ હજાર વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યાં છે.

પછી આવી દાક્તરી તપાસ. આ તપાસ ખૂબ જ કડક હોય છે. હિંદમાં કોઇ પણ સ્થળે એવી દાક્તરી તપાસ કરવામાં આવતી જ નથી. મારી તપાસ સવા કલાક ચાલી. લગભગ વીસેક ડૉક્ટરોએ મને તપાસ્યો. એક પણ દર્દની તપાસ બાકી રહી નહિ હોય. કાંઇ ને કાંઇ ઊણપ તો આ દાક્તરો શોધી જ કાઢવાના. છેવટે મને આરોગ્યનો અ વર્ગ મળ્યો. જો કાંઇ ખાસ વ્યાધિ-તંદુરસ્તીમાં ઊણપ જણાય તો તરત જ હૉસ્પિટલમાં દાખલ થવું પડે. પણ તેથી અભ્યાસમાં ખલેલ પડતી નથી. ટર્મ ગ્રાન્ટ થાય છે. તેવા વિદ્યાર્થીઓને ખાસ સગવડો અપાય છે.

કૉલેજ વીસમી સપ્ટેમ્બરે સવારે આઠ વાગ્યે શરૂ થઇ. દરરોજ આશરે ચાર કલાક કૉલેજમાં ગાળવાના હોય છે. દર કલાકે પ્રોફેસર વીસથી ત્રીસ પાનાં શીખવાડે છે. તે ઉપરાંત દરરોજ દર લેક્ચરે બે-ત્રણ પ્રૉબ્લેમ કરવાનાં હોય છે. આપણા દેશની માફક ભાષણ આપવાનો રિવાજ નથી, માત્ર કામ આપે. વિદ્યાર્થીએ મુશ્કેલી પૂછવાની. પૂછે તો જવાબ મળે. ઘરકામ એટલું બધું અપાય છે કે પૂરું કરવું જ મુશ્કેલ. રોજ બધી ચોપડીઓ કૉલેજમાં લઈ જાઓ અને મુશ્કેલીઓ નોંધી રાખી હોય તો પૂછો.

હું રોજ રાત્રે બારેક વાગ્યે સૂઇ જાઉં છું અને છએક વાગ્યે ઊઠું છું. લેક્ચરના વર્ણનાત્મક વિભાગને અગત્ય નથી અપાતી, પરંતુ એનો ઉપયોગ શીખવવા માટે દર અઠવાડિયે ફિલ્મ બતાવવામાં આવે છે. આ પદ્ધત્તિ છે. એથી વિષયની પકડ ઠીક આવે છે.

અમેરિકામાં પોસ્ટ ઑફિસ, તાર ઑફિસ, રેલ્વે વગેરે બધું ખાનગી પેઢીઓ જેવું જ હોય છે. કોઇ પણ કામ બદલ પહોંચ જેવું કશું જ આપવામાં આવતું નથી, એટલે કાગળ ટપાલે કર્યો કે તાર કર્યો આનો પુરાવો--રસીદ જેવું કશું જ હોતું નથી.

હિંદના અભ્યાસક્રમોનાં પ્રૉબ્લેમ્સ હોતાં જ નથી, બધાં જ વર્ણનાત્મક ને યાદ રાખવાના હોય છે. અહીં તો બધાની ઉઘાડી પરીક્ષા જ છે. જેમાં મુશ્કેલી પડે તો પુસ્તકો ઉઘાડી જોઇ શકો. આપણે ત્યાં બધુ રેસીટેશન જેવું હોય અને અહીં તો માત્ર મુશ્કેલીઓ પૂછવાની. તમે મુશ્કેલીઓ ન પૂછો તો તરત જ પ્રોફેસર તમને બોર્ડ પર જઈ નવું પ્રૉબ્લેમ ગણવા ફરમાવે! આમાં પરદેશીઓને ખૂબ મુશ્કેલી પડે છે. કોઈ વિષયમાં પાછળ પડયા તો તો આવી જ બન્યું. થએલું તૈયાર કરી લેતાં બહુ જ મહેનત પડે.

બધા જ વિદ્યાર્થીઓ હિંદમાંથી એકલી કેમિસ્ટ્રી કરીને આવે છે અને અહીં આવી એટલા બધા હતાશ થઈ જાય છે કે કહેવાની વાત નહિ. હિંદમાં Slide Rule પર વિદ્યાર્થી પૂરતું લક્ષ આપતો નથી. અહીં એના પર આધાર રાખીને જ પ્રૉબ્લેમ્સ કરવાનાં હોય છે.

આ યુનિવર્સિટીમાં કોઇ નવો પ્રોફેસર આવ્યો હોય ને પહેલી જ વાર પોતાનો વિષય શીખવવા જાય તો એમાં એક સિનિયર પ્રોફેસર વિદ્યાર્થી પેઠે બેસે અને તેના ભાષણની બધી જ નોંધ લે. આમ નવા પ્રોફેસરની પણ પરીક્ષા લેવાઇ જાય અને યુનિવર્સિટીની સમિતિ આગળ એનો અહેવાલ રજૂ થાય. ત્યાં હું શીખ્યો હતો તે કરતાં ઘણો જ ફેર છે. ત્યાં જે શરૂઆતમાં શીખવાતું તે અહીં છેલ્લે શીખવાશે ને જે છેવટે શીખવાતું હતું તે અહીં પહેલું લેવાય છે! હિંદના ઘણાયે ઉદ્યોગપતિઓ ને શિક્ષણશાસ્ત્રીઓ આ દેશમાં આવી આ બધું જોઈ જાય છે છતાં વિદ્યાર્થીઓને માર્ગદર્શક થાય તેવાં નિવેદનો કેમ પ્રસિદ્ધ કરતા નહિ હોય? સ્લાઇડ રૂલ અને એવા બીજાં સાધનો જે ખૂબ અગત્યનાં છે તે ઉપર ત્યાં બિલકુલ ધ્યાન અપાતું નથી એ જોઈ અત્રેના કેમિકલ ટેકનૉલૉજિકલ ખાતાને ખૂબ આશ્ચર્ય થાય છે. હિંદ અને ઇંગ્લંડમાં અંડર ગ્રૅજ્યુએટ કોર્સમાં જેમ વૅકેશન મળે છે તેવી વૅકેશનો મને મળશે નહિ. અહીં રજામાં માત્ર ચાર રાષ્ટ્રીય તહેવારો, દસ નાતાલ અને બે સત્ર વચ્ચે થોડાક દિવસ, એમ જ રજા મળે છે.

ખોરાક જરા વધારે મોંઘો પડે છે. છતાં ઇંગ્લંડ કરતાં સારો છે. દૂધ ને ફળ પુષ્કળ પ્રમાણમાં મળે છે: ખૂબ જ સસ્તાં છે. દૂધ દસ સેન્ટનું શેર, સફરજન દસ સેન્ટનું શેર (બે સેન્ટ=એક આનો). રોજ હું બશેર દૂધ ને બશેર ફળ ખાતો હોઇશ. કોઇ પણ પ્રકારની ચિંતા ન હોય ને ફક્ત મોજની મુસાફરી કરવા જો કોઇ આવે તો તેની તબિયત જરૂર સુધરે. એક વાર અહીંના ખોરાકથી ટેવાયા પછી ખાસ લાગતું નથી. અહીં કાજુ, દ્રાક્ષ, શેકેલી મગફળી, ધાણી, દૂધ, ફળ, ઈંડાં વગેરે ખૂબ જ પ્રમાણમાં અને ગમે તે જગ્યાએ મળે છે.

અત્ર પહેલા દિવસથી જ પુષ્કળ વાંચવાનું થઈ ગયું છે. મેં ચાર વિષયો લીધા છે. દરેક વિષયમાં દરરોજ ત્રીસ ચાળીસ પાનાં વાંચવાનાં ને તે પરથી દાખલા કરવાના જુદા. અઠવાડિયામાં ગમે તે દિવસે પરીક્ષા થાય. અહીં બધાં રેસીટેશન લેક્ચર્સ હોય છે. ક્લાસમાં પ્રોફેસર આવે એટલે any worries? crticism? comment? એમ પૂછે. આપણે કાંઇ પૂછીએ નહિ એટલે સીધો જ કોઇ પ્રૉબ્લેમ લે અગર મૂકે. પછી પ્રોફેસર ખુરસી પર બેસે ને વિદ્યાર્થી બોર્ડ પર જઈ ગણે. અહીં આપણી પેઠે એક જ બ્લૅક બોર્ડ નહિ, પણ દીવાલમાં ચોમેર બ્લૅક બોર્ડઝ હોય છે; એટલે એકીસાથે પંદર વીસ જણ દાખલા ગણે. એના પર grading મળે. Home Problems આપે તેમાં પણ ગ્રેઇડઝ મળે. દસમાંથી આઠથી ઓછા માર્ક મળે તો એમ મનાય કે વિદ્યાર્થી ઍવરેજથી ઊતરતો છે. A માટે દસમાંથી નવ, બી માટે આઠ-નવ. નહિ તો સી. આવતા અઠવાડિયાથી બ્લુ બુક્સ શરૂ થાય છે. પરિણામ માટે તારીખ જેવું હોતું જ નથી. વર્ષ થાય એટલે વિદ્યાર્થીને પોતાને જ ખબર પડે કે પોતે ક્યાં સુધી આવ્યો છે. પ્રોફેસર અને વિદ્યાર્થી વચ્ચે ખાસ ફરક લાગે જ નહિ. ગંજીફરાક પહેરીને વિદ્યાર્થીઓ ભણવા આવે!

છતાં કૉલેજના પ્રોફેસરો સારા કહી શકાય. એમનું જ્ઞાન પણ ઘણું વધારે. Unit operation elementsમાં પણ ૫૦૦૦ પ્રૉબ્લેમ વિદ્યાર્થીઓને આપનાર ડિપાર્ટમેન્ટમાં પડયા છે. દરેક પ્રૉબ્લેમમાં ચારથી પાંચ કલાકની મહેનત હોય છે. આપણે બધા yes sir કહીએ ત્યારે અહીં 'યા' કહેવાય છે. un...no-no કહીએ તો આપણે ત્યાં ના પાડી કહેવાય ત્યારે અહીં હા પાડી ગણાય!

આપણે ત્યાં કરેલા અભ્યાસનું રેકર્ડ અત્રે લઇ આવવામાં ઘણો

લાભ છે. અત્રે બી. એસ.ના અભ્યાસક્રમ ઘણા અધૂરા હોય છે, કારણ કે બહુ ઓછા અમેરિકન વિદ્યાર્થીઓ બી. એસ.થી આગળ જતા હોય છે. બી. એસ.માં બધું જ શીખવવામાં આવે છે. ત્યાં બી. એસ સી. (ટેક)માં હું જે રીતે ભણ્યો તેનાથી જુદી જ રીતે અહીં ભણવાનું છે હિંદુસ્તાનમાં ગિકૅનિકલ ઈક્વીપ્મેન્ટ પર વધારે પડતો ભાર મુકાય છે, અહીં પ્રૅક્ટિકલ ઍપ્લીકેશન્સ પર પણ તેથી મેથેમેટિક્સ સારા પ્રમાણમાં આવે છે. હિંદમાં બી. એસસી. થઇ આવેલાને બધું જ મૂળથી શરુ કરવું પડે છે. બી. એસસી. (ટેક) થઈ આવેલ નથી આમ રહેતા કે નથી તેમ રહેતા. જે વિષયો લઇએ તેની Prerequisite અહીંની રીત પ્રમાણે ન કરી હોય તો વધારે મહેનત કરવી પડે. Grading પદ્ધતિ પ્રમાણે ગ્રૅજ્યુએટ સ્કૂલમાં દાખલ થવા માટે ૨.૫ પૉઈન્ટ લાવવા પડે. તે પાછળ પડે ને બે વર્ષ ગાળવાં પડે.

એમ. એસ. માટે ૩ ગ્રેઈડ લાવવા પડે. A એટલે ૪ ગ્રેઇડ સુધી કોઈ જઈ શકતું નથી. દરેક વિષયમાં A આવે તો જ એ બને. વળી દરેક વિષયમાં બ્લુ બુક્સ ને અંતિમ પરીક્ષાઓ હોય છે. દરેક વિષયમાં દર અઠવાડિયે એક પરીક્ષા બ્લુ બુકસમાં નોંધાય છે.એ અને અંતિમ પરીક્ષા બન્ને ધ્યાનમાં લેવાય છે પરીક્ષામાં માકર્સ અપાય છે. બધાં જ વિષયના માકર્સ મળ્યા પછી ક્લાસની ઍવરેજ નીકળે. તેટલા માર્ક આવ્યા હોય તો C ગ્રેઇડ મળે; ઓછા હોય તો D ગ્રેઇડ. C થી દસ ટકા વધારે એટલે બી, અને પચીસ ટકા વધારે એટલે A. દર વિષયની ઍવરેજ જુદી હોય. આ પરીક્ષાઓ શરૂઆતમાં એક કલાકમાં પૂરી થતી નથી. ઍવરેજ માર્કસ પચાસથી વધારે આવે જ નહિ તેવી તેમની પ્રણાલિકા છે. ૬૦-૬૫ માકર્સ આવે તો ઘણું સારું કહેવાય. હિંદ તેમજ ઈંગ્લંડ કરતાં ભણવા-ભણાવવાની આ પદ્ધતિ જ જુદી છે. એ બધું સમજતાં પણ વાર લાગે છે. તેથી જ પહેલા સત્રમાં વિદ્યાર્થીઓએ બહુ વિષયનો ભાર વહોરવો ન જોઈએ. શરૂઆતમાં દરેક બાતમાં તકલિફ લાગે જ. આપણે ત્યાં અને ઇંગ્લંડમાં વર્ષમાં એક જ પરીક્ષા હોવાથી વાંચવાની અને પરીક્ષા બાબતની શાંતિ રહે છે તે અહીં નથી મળતી. બધા જ હિંદી વિદ્યાર્થીઓ કામના બોજાની બૂમો મારે છે. આ વખતે મેં લૅબૉરેટરી કોર્સ જાણી જોઇને લીધો નથી. તેમાં એવું હોય છે કે એક વાર પ્રયોગ શરુ થાય એટલે તે પૂરો કર્યે જ છૂટકો. કોઇ વખત સવારે છ વાગ્યાથી બીજે દિવસે સવારના છ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ કામ કરે છે! અંડર ગ્રૅજ્યુએટ કોર્સમાં પણ વિદ્યાર્થીઓ સવારના દસ વાગ્યાથી રાતના અગિયાર વાગ્યા સુધી ઘણી વખત પ્રયોગશાળામાં હોય છે.

અહીંના લોકો કામ કરવામાં બહુ જ હોસિયાર હોય છે. મારા ઘરધણીએ આખા ઘરનું ફર્નિચર જાતે બનાવેલું છે. હથોડી ને ખીલા લઈ રીતસર સવારથી સાંજ સુધી કામમાં મંડી પડે છે. આ લોકો કામ કઢાવવામાં પણ હોશિયાર હોય છે. અમારી આટલી મોટી યુનિવર્સિટી છે, પરંતુ તેમાં એક પણ પટાવાળો નથી! શહેરમાં મોટરો તથા લોકોનો આટલો બધો ટ્રાફિક છતાં એક પણ પોલીસ ન મળે! બધું જ કામ mechanical ચાલ્યા કરે. કૉલેજમાં કે પબ્લિક બાથ રૂમ્સમાં બેઝીન પર સાબુ ન હોય. ચકલી ખોલો એટલે સાબુનું પાણી આવે. જ્યાં જુઓ ત્યાં આવી રીતે જ સગવડ કરેલી.

પરીક્ષાનો ટાઈમ એક જ કલાક હોય છે. એટલું બધું પૂછે છે કે શરુમાં તો વખત જ મળતો નથી. અભ્યાસમાં પણ અધરા વિષયો હવે શરુ થયા છે. ટ્રેઈન જેમ ધીમેધીમે સ્પીડ પકડે છે તેમ પ્રોફેસરો પણ પકડતા જાય છે. મૅથેમૅટિક્સ 'હાઉ' છે એમ ન કહેવાય, કારણ કે એ વિષય લેવા કોઈ ફરજ પાડતું જ નથી, પરંતુ એકે વિષય એવો નથી કે જેમાં મૅથેમૅટિક્સની જરૂર ન પડે. હિંદુસ્તાનના અભ્યાસક્રમમાં કેમિસ્ટ્રી ફીઝિક્સ અને મૅથેમૅટિક્સ એમ ત્રણ વિષયોનો ડિગ્રી કોર્સ રાખ્યો હોય તો વિદ્યાર્થીઓને ખૂબ જ અનુકૂળ પડે.

અગારા અભ્યાસક્રમમાં વર્ષમાં બે સત્ર હોય છે. સપ્ટેમ્બર ૨૦ મીથી જાન્યુઆરી ૩૦ મી અને ફેબ્રુઆરી ૪થી મે ૩૦મી. ઉપરાંત 'સમર સેશન' જૂન ૧૦ મીથી ઑગસ્ટ ૧૫ મી સુધી. જેને લેવું હોય તે લે. નાતાલની રજા ૧૮ ડીસેમ્બરથી ૩ જાન્યુઆરી સુધી હોય છે, પણ રજા તરીકે ભોગવી શકાતી નથી કારણ કે જાન્યુઆરીમાં કૉલેજ ખૂલ્યા પછી તુરત જ પરીક્ષા હોય છે.

પરીક્ષા માટે અહીંના પ્રોફેસરો કેવી તકેદારી રાખે છે તેનો એક દાખલો આપું. અત્રે યુનિવર્સિટીમાં એક 'હેલ્થ સર્વિસ' પર ભાષણોની હારમાળા રાખવામાં આવી હતી. પહેલા ને બીજા વર્ષના બધા જ વિદ્યાર્થીઓને તેમાં હાજરી આપવા સૂચના આપી હતી. તંદુરસ્તીની કેટલી અગત્ય હોય છે તેનો વિદ્યાર્થીઓએ જાતે જ ખ્યાલ મેળવી લેવાનો હતો. વિદ્યાર્થીઓએ આ વાત બહુ અગત્યની લેખી નહિ. વર્ષ આખરે પરીક્ષા લેવામાં આવી અને ઘણા વિદ્યાર્થીઓ નપાસ થયા, એટલે બીજા સત્રમાં ફરી પરીક્ષા આપવી પડી! પ્રશ્નો સાવ સામાન્ય જ હતા: 'કોઇને તમારા દેખતાં હડકાયું કૂતરું કરડે તો શું કરશો? (૧) નાસી જશો? (૨) કૂતરાને પકડશો? (૩) ઘાયલ માણસની સારવાર કરશો? (૪) હૉસ્પિટલમાં મોકલશો?' ખરા જવાબ પર સહી કરવાની. કૂતરાને પકડશો એ ખરો જવાબ છે, કારણ કે તે વિના ડૉક્ટરને કયો ઉપચાર કરવો તેની સમજ શી રીતે પડે?

આ જ રીતે ગ્રૅજ્યુએટ માટે aptitude examination લેવાય છે. ફીઝિક્સ, કેમિસ્ટ્રી અને મૅથેમૅટિક્સમાંથી ગમે તે પૂછે. એક કલાકમાં સાઠેક સવાલ! આવા પ્રકારની પરીક્ષાઓથી અહીંના વિદ્યાર્થીનું સામાન્ય જ્ઞાન ખૂબ જ વધી જાય છે.

૧ ક્રેડીટ એટલે દર અઠવાડિયે એક કલાક ક્લાસવર્ક અને ચાર કલાક હોમવર્ક. હોમવર્કમાં જે પ્રૉબ્લેમ આપ્યાં હોય તે જ કરવાનાં ને તે કરતાં પહેલાં તેની રીત વાંચી લેવી જ પડે, એટલે સામાન્ય-રીતે સાતઆઠ કલાક કામ કરવું જ પડે. એટલે મેં ૧૩ ક્રેડીટ લીધી એનો અર્થ દર અઠવાડિયે સોથી એકસો ચાર કલાકનું કામ થયું!

ક્લાસવર્ક અને હોમવર્કથી જ પ્રોફેસર પર છાપ પડે છે. વર્ગમાં કેવા પ્રશ્નો પૂછો તે ઉપર કિંમત થાય. અહીંની પદ્ધતિમાં નિયમિત કામ કર્યા વિના છૂટકો જ નહિ. ઉડાવવાની વાત ચાલે જ નહિ. પહેલા સત્રમાં સારું કામ ન બતાવીએ તો બધું જ અંડર ગ્રૅજ્યુએટ માટેનું શીખવું પડે ને પ્રથમ એક વર્ષમાં બી. એસ. થવું પડે. પછી ૨.૫ ગ્રેઈડ આવે તો જ ગ્રૅજ્યુએટના અભ્યાસક્રમમાં દાખલ કરે. એક વિષયમાં C મળે તો બીજા વિષયમાં A મેળવી ખોટ પૂરી લેવી જોઈએ. એક બ્લુ બુકમાં દરેક વિષયમાં સરાસરીથી નીચે અભ્યાસ જાય તો બીજી બ્લુ બુકમાં એ તૈયાર કરી લેવો જ જોઇએ.

અહીં એક આખા વર્ગ જેવું હોતું જ નથી. બધા જ વિદ્યાર્થીઓ અમુક જ અભ્યાસ કરતા હોય એમ પણ હોતું નથી. દરેક જણ પોતાને મન ફાવતા અભ્યાસક્રમ લે છે અને જરૂરી ક્રેડીટ મેળવી લે છે. પ્રૅક્ટિકલ કામ માટે અમેરિકનો જાતે ફૅક્ટરીમાં નોકરી કરે છે ને અર્ધો વખત અભ્યાસમાં ગાળે. પણ પરદેશીઓને ફૅક્ટરીમાં કામ કરવા તક મળતી નથી—ખાસ કરીને કેમિકલ ફૅક્ટરીઓમાં. ત્યાંની Trade secrets પ્રોફેસરો પણ જાણતા નથી. અમેરિકનો આમ ગમે તેટલા બેપરવા જણાય, પણ ખરા કામની કે પૈસાની વાત આવી એટલે તે અમદાવાદી શેઠિયા જેવા જ બની જાય છે.

પ્રાચીન નાટચશાસ્ત્ર

પાત્ર-લક્ષણ

તથા તેની અનુષંગી અન્ય કળાઓનો પરિચય આપતી લેખમાળા ———લેખક——— હપતો - ૩૪

યોગેન્દ્ર પ્રિયદર્શી

પ્રાચીન સમયમાં ભજવાતા નાટકનાં પાત્રો સામાન્ય રીતે આ મુજબ રહેતાં : નાયક, નાયિકા; પ્રતિ-નાયક, પ્રતિ-નાયિકા; ઉપ-નાયક, ઉપ-નાયિકા; નટ, નટી; સૂત્રધાર, પારિપાર્શ્વક, વિદૂષક; વિટ, ચેટ, શકાર વગેરે. નાયક અને નાયિકા નાટકનાં મુખ્ય અને અનિવાર્ય પાત્રો છે, કારણકે તેમને આધારે જ નાટકની કથા રહેલી હોય છે. પરંતુ બીજાં પાત્રોનો આધાર નાટકના વસ્તુ કે પ્રકાર ઉપર રહે છે; એટલે તે પાત્રો નાટકમાં આવવાં જ જોઇએ તેવો નિયમ નથી. ઉપરનાં પાત્રોમાંથી નટ, નટી, સૂત્રધાર, વિદૂષક, વિટ, ચેટ વગેરે પાત્રોની પ્રથા હવે આધુનિક નાટકોમાં રહી નથી, પરંતુ પ્રાચીન કાળમાં તે ખૂબ જ પ્રચલિત હતાં.

હવે આ પાત્રોનાં લક્ષણ તથા કાર્યો જોઇએ.

નાયક : અંગ્રેજીમાં જેને આપણે Hero કહીએ છીએ તે નાટકના નેતા કે પ્રધાન પુરુષપાત્રને નાયક કહે છે. જેમકે શાકુન્તલમાં દુષ્યન્ત, ઉત્તર રામચરિતમાં રામચંદ્ર વગેરે. બીજી ભાષામાં કહીએ તો નાટકની ઘટના જેના પર અવલંબેલી હોય છે તે નાયક.

પ્રાચીન નાટકોનો નાયક સામાન્યરીતે રાજા હોય છે, પરંતુ તેવો નિયમ નથી; કારણકે કેટલાંક નાટકોનો નાયક રાજકુમાર, પ્રધાન, વીર પુરુષ કે નગરનો પ્રતિષ્ઠિત મહાજન પણ છે. જેમકે 'માલતી-માધવ'નો નાયક માધવ પ્રધાન હતો; મૃચ્છકટિકનો નાયક ચારુદત્ત પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી હતો. આમ નાયકનો આધાર નાટક માટે પસંદ કરેલી ઘટના પર રહે છે. માત્ર તે સમાજનો સન્માનિત પુરુષ હોવો જોઈએ.

જુદાંજુદાં નાટચશાસ્ત્રોમાં નાયકના વિવિધ ગુણ દર્શાવેલા છે, તેમાંથી ઉત્તમ અભિનેતા થવા માટેના જરૂરી ગુણોની તારવણી આ પ્રમાણે છે : ભાવદર્શન, અભિનય-પટુતા, રૂપસંપદ, મધુર કંઠ, અનુકરણ, સ્મરણશક્તિ, આત્મવિશ્વાસ, પરિશુદ્ધ વાક્યોચ્ચારણ, ભાવુકતા, મોહકતા, રસિકતા, ઉત્સાહ, પ્રાગલ્ભ્ય (ગભરાઈ ન જવાનો ગુણ) તેમજ સાહિત્ય-સંગીત-કલા પ્રત્યેની આસક્તિ વગેરે.

આ સિવાય નાટચશાસ્ત્રમાં નાયકના આઠ સાત્ત્વિક પૌરુષ ગુણ આ પ્રમાણે દર્શાવ્યા છે : (૧) શોભા (૨) વિલાસ (૩) માધુર્ય (૪) સ્થૈર્ય (૫) ગાંભીર્ય (૬) લાલિત્ય (૭) ઔદાર્ય ને (૮) તેજ તેમાં—

શોભા (Dignity) : શૌર્ય, દક્ષતા તથા સ્પર્ધામાં રહેલી શોભા. ખીલેલા રૂપયૌવન વડે, અંગોનું આભૂષણો વગર પણ શોભવું તેને પણ શોભા કહે છે.

વિલાસ (Majesty) : વીરત્વ પ્રવર્તક દૃષ્ટિ, વૃષભ સમી ધીરોદાત્ત ગતિ તથા મંદ હાસ્યયુક્ત વાચા વગેરેમાં રહેલી છટા.

માધુર્ય (Sweetness): સર્વ અવસ્થાને ચેષ્ટાઓમાં રમણીયતા.

સ્થૈર્ય (Steadiness) : શુભ કે અશુભ પ્રારબ્ધથી યા અર્થ, કામ વગેરે ઉપભોગથી ચલિત ન થવું તે.

ગાંભીર્ય (Gravity) : હર્ષ, શોક, ક્રોધ વગેરે અવસ્થાઓમાં પણ આકૃતિ ફરે નહિ—સમાન રહે તે.

લાલિત્ય (Swiftness) : ચેષ્ટાઓ વગેરેની સુકુમારતા.

ઔદાર્ય (Generosity) : સ્વભાવની ઉદારતા, ક્ષમા આદિ.

તેજ (Sharpness): ઓજસ, પ્રખરતા, અપમાનાદિકને મરતી વખતે પણ સહન ન કરવાં તે.

વળી, નાટચશાસ્ત્રમાં નાયકના બીજા સામાન્ય બાવીસ ગુણો પણ દર્શાવેલા છે. તે આ પ્રમાણે : (૧) વિનીત (૨) મધુર (૩) ત્યાગી (૪) દક્ષ (૫) પ્રિયંવદ (૬) રક્તલોક (૭) શુચિ (૮) વાગ્મી (૯) રૂઢવંશ (૧૦) સ્થિર (૧૧) યુવા (૧૨) બુદ્ધિમાન (૧૩) પ્રજ્ઞાવાન (૧૪) ઉત્સાહવાન (૧૫) સ્મૃતિવાન (૧૬) કલાવાન (૧૭) માની (૧૮) શૂર (૧૯) દૃઢ (૨૦) તેજસ્વી (૨૧) શાસ્ત્રચક્ષુ તથા (૨૨) ધાર્મિક: આમાંના મુખ્ય મુખ્ય ગુણોની સમજ આ પ્રમાણે છે :

વિનીત : વિનય આદિ સદ્ગુણોથી સંપન્ન.

મધુર : જેનું દર્શન પ્રિય છે તે (પ્રિયદર્શી).

પ્રિયંવદ : પ્રિય લાગે તેવું બોલનાર.

રક્તલોક : જનસમૂહમાં પ્રીતિપાત્ર થએલો (લોકપ્રિય).

શૂચી : સ્વચ્છતાના ગુણવાળો, નિર્મળ બુદ્ધિવાળો, પવિત્ર.

વાગ્મી : વાણીવિશારદ (વક્તા).

રૂઢવંશ : ઉચ્ચ કુળમાં જન્મેલો (કુલિન).

સ્થિર : મન, વાણી તથા કર્મમાં નિશ્ચલ.

પ્રજ્ઞાવાન : વિશેષ જ્ઞાનયુક્ત

કલાવાન : વિવિધ કલા-કારીગરીમાં કુશળ (કલાનિપુણ).

માની : સ્વમાનવાળો.

શાસ્ત્રચક્ષુ : શાસ્ત્ર રૂપી જેને ચક્ષુ છે તે; શાસ્ત્રના અર્થને સમજનાર, શાસ્ત્રવચન પ્રમાણે ચાલનાર. બાકીના ગુણો તો જાણીતા છે.

જુદાંજુદાં શાસ્ત્રોમાં પાત્રોના બીજા પણ અનેક ગુણો દર્શાવેલા છે. આ લક્ષણો યુક્ત પ્રાચીન સમયનાં પાત્રો તથા આજના આપણા અભિનેતાઓ વચ્ચેનો તફાવત આપણી દુર્ગતિનું દર્શન કરાવે છે.

વ્યક્તિએ વ્યક્તિની પ્રકૃતિમાં કંઈ ને કંઇ ભિન્નતા રહેલી હોય જ છે. આ પ્રમાણે નાયકના પણ જુદીજુદી પ્રકૃતિ અનુસાર અનેક ભેદો છે. પણ તે આપણે 'નાયકભેદ'ના જુદા જ લેખમાં જોઈશું.

નાયિકા : નાટકનું પ્રધાન પુરુષપાત્ર જેમ નાયક, તેમ પ્રધાન સ્ત્રીપાત્ર નાયિકા કહેવાય છે, જેને અંગ્રેજીમાં Heroine કહે છે. તે નાયકની સ્ત્રી કે પ્રિયતમા થવા માટે સર્જાએલી હોય છે, તથા રૂપ ગુણ વગેરેમાં નાયકની બરોબર તેમજ અન્ય સ્ત્રીઓથી ચડિયાતી હોય છે. સૌંદર્ય, શીલ, સ્નેહ, સૌમ્યતા વગેરે સ્ત્રીઓના ઉત્તમ ગુણોથી તે અલંકૃત હોય છે. નાયકની જેમ નાયિકાના પણ અનેક ભેદ છે તે 'નાયિકાભેદ'ના જુદા પ્રકરણમાં જોઈશું.

પ્રતિ-નાયક : નાયકના પ્રતિસ્પર્ધી કે હરીફને પ્રતિ-નાયક કહે છે. તે નાયકથી વિરોધી કે ઉલટા સ્વભાવનો હોય છે. જેમકે રામની સામે રાવણ વગેરે.

નાટકમાં પરાકાષ્ઠા (climax) લાવવા માટે ઘર્ષણ (conflict)-ની જરૂર હોય છે, કારણકે ઘર્ષણમાં જ પરાકાષ્ઠા રહેલી છે. આ ઘર્ષણ બે વિરોધી વસ્તુ કે પાત્રોથી લાવી શકાય છે. એટલા જ માટે નાટકમાં સત્કર્મપ્રેમી નાયકની સામે અસત્કર્મી પ્રતિનાયકનું આયોજન કરવામાં આવેલું હોય છે. આ બે પાત્રો વચ્ચેનું યુદ્ધ તે વસ્તુતઃ સત્ય અને અસત્ય (Good and evil) વચ્ચેનું હોય છે.

પ્રતિ-નાયક સિવાય પણ નાટકમાં તેનાં બીજાં સહાયક પાત્રો હોય છે. તે સ્વભાવે દુષ્ટ હોવાથી તેમને ખલપાત્રો તરીકે ઓળખવામાં આવે છે, તેને અંગ્રેજીમાં Villain Character કહે છે. પ્રતિ-

નાયક આ ખલ-પાત્રોનો નેતા હોવાથી તે ખલ-નાયક પણ કહેવાય છે. આમ, નાટકનાં સમસ્ત પાત્રો નાયક-પક્ષી તથા પ્રતિનાયક-પક્ષી એમ મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાએલાં હોય છે.

પ્રતિ-નાયિકા: નાયકની સામે જેમ પ્રતિ-નાયક તેમ, આપણે નાટકોમાં નાયિકાની સામે પ્રતિનાયિકા હોય છે. પ્રતિ-નાયકની જેમ તે પણ સ્વભાવે દુષ્ટ હોય છે. સામાન્યરીતે એક જ નાટકમાં આ બંને પાત્રો (પ્રતિ-નાયક તથા પ્રતિ-નાયિકા) હોતાં નથી.

ઉપ-નાયક: નાટકમાં આવતી ઉપકથાનો નાયક ઉપ-નાયક તરીકે ઓળખાય છે. તે નાયકનો અંતરંગ મિત્ર તથા મુખ્ય સહાયક હોય છે તથા ગુણોમાં તેનાથી સહેજ ઊતરતી કક્ષાનો હોય છે. કેટલાંક શાસ્ત્રોમાં તેને ઉપ-નાયકને બદલે 'પીઠમર્દ' નામ આપેલું છે.

ઉપ-નાયિકા: નાટકમાં આવતી પ્રાસંગિક કથાની નાયિકાને ઉપ-નાયિકા તરીકે ઓળખવામાં આવે છે. તે નાયિકાની સખી તથા ઉપ નાયકની પત્ની કે પ્રેયસી હોય છે. રૂપ, ગુણ, યૌવન વગેરે-માં તે મુખ્ય નાયિકાથી સહેજ ઊતરતી કક્ષાની હોય છે.

સૂત્રધાર: નાટકનાં સૂત્રોનો ધારણ કરનાર એટલેકે નાટકનો સર્વ દોર જેને હસ્તક હોય છે તેને સૂત્રધાર કહે છે. આજે તો આપણે તેને માત્ર કથોદ્‌ઘાતક તરીકે જ ઓળખીએ છીએ, પરંતુ પ્રાચીન કાળમાં તે જ નાટકનો મુખ્ય સંચાલક, વ્યવસ્થાપક કે દિગ્દર્શક હતો. આ પાત્ર પ્રાચીન કાળમાં મોટે ભાગે નાટ્યાચાર્ય પોતે જ ભજવતા હોવાનું પ્રમાણ શાસ્ત્રમાં મળે છે. નાટ્યશાસ્ત્રમાં સૂત્રધારનાં લક્ષણ જણાવતાં કહ્યું છે કે 'આવાં લક્ષણોવાળા નાટ્યાચાર્ય સૂત્રધારનું પાત્ર ગ્રહણ કરે.' નાટ્યાચાર્ય, સૂત્રધાર કે નાટકના દિગ્દર્શકનાં અનેક ગુણલક્ષણો શાસ્ત્રમાં આપેલાં છે તેની તારવણી આ પ્રમાણે છે:

વિવિધ વિજ્ઞાન તથા કલાશાસ્ત્રોમાં નિપુણ: જેમકે નાટ્યશાસ્ત્ર કાવ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરે. નાટ્યશાસ્ત્રમાં ગીત, વાદ્ય, નૃત્ય, રસ તથા ભાવ ને અભિનયનો સમાવેશ થઇ જાય છે; કાવ્યશાસ્ત્રમાં તાલ, છંદ, અલંકાર વગેરેનો સમાવેશ થાય છે; અને નીતિશાસ્ત્રમાં લોક-પ્રકૃતિ. મનુષ્ય-સ્વભાવ તથા દેશ-વ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નાટ્યને આનુષંગી અન્ય શિલ્પ-કૌશલ (કલા-કારીગરી તથા તેને લગતાં શાસ્ત્રોનું અધ્યયન) પણ જરૂરી લેખાયું છે.

સૂત્રધાર શબ્દનું મૂળ જાણવા જેવું છે. લાકડાની પૂતળીઓનો ખેલ તો સૌએ જોયો હશે. પુરાતન સંસ્કૃત સાહિત્યમાં 'કાષ્ઠ-પુતલી પ્રયોગ' તરીકે તેનો ઉલ્લેખ આવે છે. નાટકનું સૌથી પ્રારંભિક સ્વરૂપ આ પ્રયોગ ગણાય છે, ને તેમાંથી જ ધીમેધીમે નાટ્યાભિનયનો ઉદ્‌ભવ થએલો મનાય છે. એ આ કાષ્ઠ-પુતલી પ્રયોગોમાં લાકડાની પુતળીઓને અમુક કરામત વડે નચાવવામાં આવે છે. આ કરામત તે પુતળીઓ સાથે બાંધેલા દોરના સંચાલનમાં હોય છે. આ સંચાલન કરનાર માણસ તેનાં સૂત્રો (દોર) ધારણ કરતો હોવાથી તે સૂત્રધાર તરીકે ઓળખાયો. પાછળથી ધીમેધીમે પુતળીઓની જગ્યાએ જીવંત મનુષ્યોનો ચાલ શરૂ થતાં—અર્થાત નાટકની શરૂઆત થતાં તેનું નિયંત્રણ કરનાર પણ સૂત્રધાર કહેવાયો.

નટ: જૂના કાળમાં નાટકના પ્રારંભે કથાસ્ફોટ કરી જનાર વ્યક્તિ સૂત્રધાર નહિ પણ 'સ્થાપક' નામે નટ હતો. તે પ્રથમ આવીને નાટકનો વિષય, કથા, પાત્રો, તેનો કર્તા વગેરેનું વિવરણ કરી જતો. આ 'સ્થાપક' શબ્દ પણ કાષ્ઠ-પુતલી નાટકો (કૌતુક)ની શરૂઆતમાં પુતળીઓને યથાસ્થાને યથારીતે ગોઠવી જનાર–સ્થાપી જનાર વ્યક્તિ માટે વપરાતો. તે પરથી નાટકની વસ્તુ-સ્થાપના કરી જનાર પણ 'સ્થાપક' કહેવાયો.

વિવિધ રૂપ ધારણ કરનારને પણ નટ (Actor) કહે છે. નાટકનો આમુખ કે કથોદ્‌ઘાત નટી કે વિદૂષક સાથેના સૂત્રધારના સંવાદ દ્વારા કરવામાં આવતો. એ કથોદ્‌ઘાતના પણ ત્રણ પ્રકાર હતા.

નટી: નટની સ્ત્રી કે નાટકમાં આવતી નર્તકીને નટી કહે છે. 'અભિનય-દર્પણ'માં નર્તક-નર્તકી (નટ-નટી)નાં લક્ષણો વિસ્તારપૂર્વક આપેલાં છે તે આપણે જુદા લેખમાં જોઈશું.

પારિપાર્શ્વક: સૂત્રધારની બન્ને તરફ ચાલનાર સહાયકને પારિપાર્શ્વક કહે છે. તે હમેશાં સૂત્રધારની સાથે જ રહે છે. ચપળતા તથા કાર્યકુશળતા એ તેના ખાસ ગુણો છે.

વિદૂષક: નાયકના વિનોદી અને રસિક મિત્રને વિદૂષક તરીકે ઓળખવામાં આવે છે. તેનું કાર્ય નાયક તથા પ્રેક્ષકોનું મનોરંજન કરવાનું કે તેમને હસાવવાનું હોય છે. તેનો વેષ, વિન્યાસ, બોલવું, ચાલવું વગેરે સર્વ વ્યવહારો હાસ્યાસ્પદ હોય છે. તેને 'પાંડિત્યપૂર્ણ ધૂર્ત સંસારી પુરુષ' પણ કહે છે. તે વિનોદી, જોઈને જ હસવું આવે તેવો, હાજરજવાબી, તરતબુદ્ધિ, શીઘ્ર કવિ તથા વાક્‌પટુ હોય છે. તેનાં શારીરિક લક્ષણો આ પ્રમાણે કહ્યાં છે: વામન (ઠીંગણો), દન્તુર (મોટા દાંતવાળો), કુબ્જ (કુબડો), વિચિત્ર મોં વાળો, માથામાં તાલવાળો તથા પીળી આંખોવાળો વગેરે. તે ચાર પ્રકારના કહ્યા છે.

વિટ: વિદૂષક જેમ હાસ્યથી મનોરંજન પમાડે છે, તેમ વિટ સંગીત આદિ કળાઓથી નાયક તથા પ્રેક્ષકોનું મનોરંજન કરે છે. તેને વેશ્યોપચારકળામાં—અર્થાત્ ગીત, વાદ્ય, નૃત્ય આદિ રંજન કળાઓમાં કુશળ કહ્યો છે. તે મધુર, દક્ષિણ, ચતુર તથા કાવ્ય, તર્ક વગેરેમાં પ્રવીણ તેમજ વેષવિધિ (વસ્ત્રાલંકાર-ઉપચાર)માં નિપુણ હોય છે.

ચેટ: તે વિદૂષકથી ઊતરતી કોટિનો અને નાયકનો દાસ હોય છે. સરકસના જોકરની જેમ તે વિવિધ ચેન-ચાળાથી પ્રેક્ષકોને રંજન પમાડે છે. તેને કલહપ્રિય (તકરારી), બહુભાષી (બબડાટિયો), શોખીન તથા માન્ય-અમાન્ય પુરુષોને જાણનારો કહ્યો છે.

શકાર: આ ઉપરાંત કેટલાક ગ્રંથોમાં 'શકાર' નામનું પાત્ર પણ જોવામાં આવે છે. તે ગ્રામ્યભાષી (અભદ્ર ભાષાનો પ્રયોગ કરનાર) તથા અશ્લીલ પ્રકૃતિનો હોય છે.

ઉપરનાં બધાં જ પાત્રો બધા ગ્રંથોમાં દર્શાવેલાં નથી, તેથી સમય અનુસાર તેમાં ફેરફાર થતો રહ્યો હશે એમ જણાય છે. જેમકે કેટલાંક સંસ્કૃત નાટકોમાં નાયકના સાથી તરીકે માત્ર વિદૂષકનું આલેખન જોવામાં આવે છે. વળી ઉપરનાં 'શકાર' વગેરે વિકૃત પાત્રો પાછળથી પ્રવેશેલાં જણાય છે.

આ ઉપરાંત નાયકના બીજા કેટલાક સહાયકોનો ઉલ્લેખ પણ શાસ્ત્રોમાં જોવામાં આવે છે. જેમકે: શૃંગાર-સહાયક, દૂત, ધર્મ-સહાયક, દંડ-સહાયક વગેરે.

શૃંગાર-સહાયકોમાં માળી, તાંબુલી (તંબોળી) ગાંધી, અંતઃપુર ચાલક, દૂત વગેરેનો સમાવેશ થાય છે. તેમાં માળી પુષ્પ વગેરેના ઉપચારોમાં કુશળ તથા ગંધી અત્તર વગેરે સુગંધિત પદાર્થોનો પ્રબંધક હોય છે. અંતઃપુર ચાલક નાયકના અંતઃપુર (સ્ત્રીવાસ)નો વ્યવસ્થાપક હોય છે અને તે નાયકનો મૂર્ખ સાળો, નપુંસક કે શારીરિક ક્ષતિવાળો નમાલો પુરુષ હોય છે.

દૂત: નાયક તથા નાયિકાના સંદેશા એકબીજાને કુશળતાપૂર્વક પહોંચાડનાર, બન્નેમાં પરસ્પર અનુરાગ ઉત્પન્ન કરનાર તેમજ તેમનું સુભગ મિલન યોજી આપનાર વ્યક્તિ તે દૂત. તેના 'પ્રતિહારી', 'ગુપ્તચર', 'કાંચુકી' એવા અનેક પ્રકાર છે. પ્રતિહારી એ રાજદ્વારી દૂત છે, જ્યારે ગુપ્તચર ગુપ્ત વેશમાં ફરનાર જાસુસ છે. (અનુ પૃ. ૧૮૪મે)

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૬ · જેઠ ૧૯૯૦ (જુલાઈ ૧૯૨૪)

કુમારના છઠ્ઠા અંકની કેટલીક સામગ્રી હકીકતોની નજરે એટલી ખીચોખીચ રસભરી છે કે અમુક લેખ તો ટૂંકાવી શકાય તેમ જ નથી. એવો મુખ્ય લેખ તે અમેરિકાના કેન્ટુકી પરગણાની અદ્‌ભુત પાતાળ ગુફા તથા તેની ભયંકર અંધારી ખાઇમાં ઊતરવાનું જીવસટોસટનું જોખમ ખેડનાર એક છાતીધડા અમેરિકન કુમારના સાહસની રૂંવાં ખડાં કરે તેવી વાત.

બીજી એવી હિંમત કેળવતી વાર્તા છે 'રાજકુમાર હૃદયરત્ન'ની. પિતાની પાછળ ગાદીએ બેસવા માટે સિંહ સાથે યુદ્ધ કરવાની શરત માથે આવી પડતાં એ ભાગીને જ્યાં જાય ત્યાં સિંહ જ સામા મળે છે; તે પરથી તે છેવટે તે સિંહ સાથે લડવા તત્પર બને છે. એ વાત મુસીબતોથી ડરતા માણસમાં જીવનનો પુરુષાર્થ પ્રેરતું રૂપક છે.

એવા જ હૃદયનો બીજો ઉમદા ગુણ 'દિલાવરી'—પરને માટે પોતાની ન્યોછાવરી—નો ગુણ પ્રબોધતી ત્રણ કથાઓ 'અમૃતની કટોરીઓ' નામના એક લેખમાં આપી છે, તે અત્રે તારવીએ :

"ચંદ્રવંશી ભરત કુળમાં રન્તિદેવ કરીને એક દયાળુ અને દાનેશ્વરી રાજા થઇ ગયો. તેના પિતાનું નામ સંસ્કૃતિ. આજ પણ ત્રણ લોક રન્તિદેવનો જય ગાય છે. એ જે કાંઇ પોતાની પાસે હોય તેનું દાન કરી દેતો. કુટુંબ સુદ્ધાં પોતે કષ્ટ વેઠે, પણ જીવ જતાં યે અભ્યાગતને ખાલી હાથે પાછો ન વાળે.

એક સમે રાજ્યમાં બાર વરસનો દુકાળ પડયો. છેલ્લે વરસે તો પ્રજા અન્ન વિના તરફડવા માંડી. રાજકુટુંબને પણ ૪૮ ઉપવાસ પડયા. દૈવયોગે ૪૯મે પ્રભાતે પારણું મળ્યું. સૌ ભોજન લેવા બેસે છે ત્યાં એક બ્રાહ્મણ અતિથિ આવી ચડયો શ્રદ્ધા અને આદરથી રાજાએ તેને ભોજન કરાવ્યું. અતિથિ ગયા પછી રાજકુટુંબ જમવા બેઠું, તેટલામાં કોઇ શૂદ્ર આવી લાગ્યો. તેને પણ ભાવપૂર્વક ભોજન પીરસી જમાડયો. શૂદ્ર સંતોષ પામીને ચાલી ગયાને થોડી વાર ન થઈ ત્યાં કૂતરાંનું ટોળું લઇને કોઈક માણસ નીકળ્યો. તેણે રાજાને કહ્યું, 'હું અને આ કૂતરાં ભૂખ્યાં છીએ, માટે અમને ખાવાનું આપો.' સઘળાં પ્રાણીમાં પ્રભુને જોનાર રન્તિદેવનું હૃદય દયાથી ભરાઈ આવ્યું અને વધેલું અન્ન તેણે સૌ વચ્ચે વહેંચી આપ્યું.

હવે બાકી માત્ર એક જણને થાય તેટલું પાણી રહ્યું. તરશથી ટળવળતો રાજા જેવો જળનો પ્યાલો હોઠે ધરવા જાય છે, તે જ પળે એક ચંડાળ આવી પહોંચ્યો અને બોલી ઉઠયો, 'હે રાજા ! પાણી આપ.' મરતાં મરતાં પણ રાજા ચંડાળનું રંક વચન સાંભળી ગળગળો થઈ ગયો. મનમાં એણે ભગવાનનું સ્મરણ કર્યું કે 'દેવ, હું કાંઈ વૈભવ કે મોક્ષ નથી માગતો. માગું છું એક આટલું કે સર્વ પ્રાણીઓનાં ચિત્તમાં પેસીને હું તેમની બધી પીડા ભોગવું કે જેથી કોઇને દુઃખ નામ ન રહે.' મોટા મનવાળા રન્તિદેવે પ્રસન્ન વદને જળપાત્ર જેવું પેલા ચંડાળને આપ્યું કે તરત બ્રાહ્મણ અતિથિ, શૂદ્ર, ચંડાળ વગેરેના વેશધારી સ્વર્ગના દેવતાઓ સન્મુખ પ્રગટ થયા અને દાનવીર રાજાને કહ્યું, 'વર માગ, વર માગ.' સમસ્ત જગત પ્રત્યે દયાભાવવાળા ભક્ત રન્તિદેવે કશું ન માગતાં માત્ર પ્રણામ કર્યાં.

આના જેવી વાત સર ફિલિપ સિડનીની છે. એ ઇંગ્લંડની રાણી ઇલિઝાબેથના વખતનો એક વિદ્વાન, ગાયક, કુસ્તીબાજ, લડવૈયો, અને મોટો મુસાફર હતો, અને હૃદયની ખાનદાની, સદાચાર તથા શૌર્ય માટે એ અરસાના પ્રસિદ્ધ પુરુષ તરીકે ઇતિહાસ તેને ઓળખે છે.

એક વાર ઝુટફેનની લડાઈમાં સિડની સખ્તરીતે ઘાયલ થયો. છાવણીમાં એ મૃત્યુને બિછાને પડયો હતો, અને તરશે તેના પ્રાણ કંઠે આવ્યા હતા. મોટી મુશીબતે લડાઇના એ મેદાનમાંથી ફક્ત એક જ પ્યાલો પાણી મળ્યું. જેવો પ્યાલો ઉપાડી તે મોંએ માંડવા જાય છે, તે જ ક્ષણે તેણે કોઇ જખમી થએલા સીપાઇને દયામણી આંખે પોતાની તરફ ટીકતો જોયો. મરતાંમરતાં પણ એનું અમીર દિલ દયાથી દ્રવ્યું. દુઃખ ને દર્દ બધું તે ભૂલી ગયો, તરસ વીસરી ગયો ને હસતે ચહેરે પોતાનો ધ્રૂજતો હાથ લંબાવી પાણીનો પ્યાલો પેલા સિપાઇને આપતાં તે બોલ્યો, 'ભાઈ, મારા કરતાં તારી જરૂર વધારે છે.' પછી સાચું સુખ લેતો હોય તેમ સિડનીએ પ્રાણ છોડયો.

આવો જ એક બીજો પ્રસંગ ઑસ્ટ્રિયાનું રાજ્ય સ્થાપનાર ત્યાંના આદિ પુરુષ રૂડૉલ્ફ વિષે પણ છે. એક વેળા એક ખુનખાર લડાઈમાંથી હાર ખાઈ રૂડૉલ્ફ અને તેનાં માણસો નાસતાંનાસતાં કોઇ આગ વરસાવતી રેતાળ ભૂમિ પર જઈ ચડયાં. સૌ માણસો તરશે તરફડતાં હતાં. આવા સુક્કાભંઠ પ્રદેશમાં પાણી રત્નના મૂલ્યે પણ મળવું મુશ્કેલ. ચોતરફ બહુ જ શોધ કરી આખરે એક સિપાઈ મહામુશીબતે પાણીનો એક પ્યાલો મેળવી લાવ્યો. પાણી થોડું હતું; તરસ્યા ઘણા હતા.

જેટલી તરશ રૂડૉલ્ફને લાગી હતી તેટલી જ તેના સિપાઈઓને પણ લાગી હતી. પોતાના હોદ્દા અને સત્તાના બળે રૂડૉલ્ફ ધારત તો પોતે પાણી પી તરશ છિપાવી શકત. પરંતુ ખાનદાન ખવાસનો એ અશરાફ સરદાર પાણી ભરેલો પ્યાલો હાથમાં ધરી બોલ્યો, 'તમને સૌને મૂકીને હું એકલો આ પાણી પી શકું જ નહિ; અને આટલું પાણી સૌને માટે પૂરતું પણ નથી. સુખમાં આપણે સૌ સાથે રહ્યા છીએ, ને આ દુઃખમાં પણ સાથે જ રહીશું. મારા માટે માથાં દેનાર મારા વીર સિપાઇઓ પાણી પીશે ત્યારે જ હું પાણી પીશ.' આમ કરી, મહા મહેનતે મેળવેલો એ પાણીનો પ્યાલો તેણે જમીન પર ઢોળી દીધો અને ત્યાંથી કૂચ કરી સૌ થોડે દૂર ગયા તો બધાને પૂરતું થઈ રહે તેટલું પાણી મળી આવ્યું."

'ચીતરવાનું સહેલ છે' એ નામની એક નવી માળામાં, નાનું બાળક પણ મહાવરો પાડીને ચીતરતાં શીખી શકે એવી ઉપયોગી સૂચનાઓ સાથે ત્રણ પાનાં ભરીને ચીતરતાં શીખવાની તકતીઓ આપેલી છે.

એની જ એક બીજી નવી પ્રેરક માળા આ અંકથી શરૂ થઇ જેણે ભવિષ્યમાં 'કુમાર'માં ઊજળી કારકિર્દી મેળવી. 'પહેલું સુખ તે જાતે નર્યા' નામની એ માળામાંથી માત્ર થોડી જ ઉપયોગી વાનગી:

"શરીરની તન્દુરસ્તી મેળવવા માટે પ્રથમ મન સ્વચ્છ ને નિર્મળ થવું જોઇએ. ગુસ્સો ને ચીડિયાપણું, દ્વેષ ને વેરઝેર, લોભ લાલચ ને અભિમાન, તથા મલિન વિચારો મનમાંથી કાઢી નાખી તેને શુદ્ધ કરવું જોઈએ, ને તેમાં ઉત્સાહ ને આનંદ ખાખૂબ ભરવાં જોઇએ.

રહેણીકરણીમાં, ખાવાપીવામાં, ઊંઘઆરામ લેવામાં તથા વિચાર ને આચારમાં–બધે કુદરતનાં નિયમોનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ.

ખરી કકડીને ભુખ લાગ્યા વિના કદિ કાંઈ જ ખાતા નહિ; પછી ભલે સામે મિષ્ટાન્નના ગંજ ખડક્યા હોય. કુદરતી તરસ લાગ્યા વિના કાંઈ પીતા નહિ; સોડા-લેમન-શરબતની ભલે નદીઓ વહેતી હોય.

રાત્રે વહેલા સૂઈ પરોઢિયે નિયમિતપણે વહેલા ઊઠો; અને ત્યાં સુધી નિરાંતની મીઠી ઊંઘ લો. મોડી રાતના ઉજાગરા ને પહોર દહાડો ચડતાં સુધીનું ઘારણ એ તંદુરસ્તીનાં દુશ્મન છે.

વાંચવા લખવા કે કામકાજના નિયમિત વખત પ્રમાણે મહેનત કરો; અને વચ્ચે નિયમિત આરામ, ગમ્મત ને વિનોદ લો.

અને વિચાર નિર્મળ કર્યા એટલે આચાર એની મેળે શુદ્ધ બની જવાના. તંદુરસ્તીના આ રાજમાર્ગ છે."

નિયમિત ચાલ્યા કરતી 'આકાશદર્શન'ની માળામાં એ અંકમાં આકાશમાં જણાતા એક અદ્ભુત દૃશ્ય 'મણિમાળા'નો પરિચય આપ્યો છે, તે આ માસમાં પણ તમે રાત્રે પ્રયત્ન કરીને જોઇ શકશો :

"સપ્તર્ષિના છેલ્લા (મરીચિ તરફના) ચાર તારાઓથી જે વક્રાકાર થાય છે તેના વાંકને મરીચિની દિશામાં લંબાવશો તો તે લંબાવેલો વળાંક 'સ્વાતિ'માં થઇને જશે. સ્વાતિ બહુ ચળકતો તારો છે અને તેની આસપાસ તેટલો ચળકતો તારો બીજો કોઇ નથી. રાતના ૮ ક. ૧૦ મિનિટે તે ખ-સ્વસ્તિક (આપણા માથા ઉપર આવેલું આકાશનું બિંદુ) કરતાં થોડેક દક્ષિણે લટકતો દેખાશે.

સ્વાતિ સુધી લંબાવેલો એ વક્રાકાર તે ને તે દિશામાં આગળ ન વધારતાં, સ્વાતિ આગળ સહેજ ખૂણો બનાવી આગળ વધારીશું તો તે 'ચિત્રા'માં થઇને જશે.

તે લીટીને હવે ફરી ખૂણો પાડી લંબાવીએ તો તે પાંચ તારાના એક ઝૂમખામાં થઈને જશે. આ ઝૂમખાને 'હસ્ત' કહે છે, ઝૂમખાના પાંચ તારા તે હાથનાં પાંચ આંગળાંનાં ટેરવાં છે. આ પાંચમાંથી એક તારો (અંગૂઠો) બીજા ચારથી સહેજ વિખુટો પડેલો છે; ને બાકીના ચાર તારાઓમાં સૌથી પશ્ચિમ તરફનો પાંચમો તારો સૌથી ઝાંખો છે.

હવે એ સપ્તર્ષિ, સ્વાતિ, ચિત્રા અને હસ્તને એક કાલ્પનિક લીટીથી જોડીને ખ્યાલ કરશો તો બે બાજુએ બે આંકડાવાળી એક મણિમાળા આકાશમાં જડાઈ હોય તેમ લાગશે."

પ્રેરણા-પ્રવચનો કરતી 'મિજલસ'માં પણ આ અંકમાં એક ચોટદાર વાત કહી છે. છેલ્લા એક બે માસથી એમાં જે મધ્યવર્તી ફકરા શરૂ થએલા તેની વાનગી રૂપ 'છતી આંખે' નામે આ માસનો ફકરો જુઓ:

"છતી આંખે? હા, છતી આંખે! એ બહુ અજબ, પણ કડવી કરીને ગળે ઉતારવી પડે એવી વાત છે કે આપણામાંથી સેંકડે એંશી માણસો 'છતી આંખે આંધળા' હોય છે.

અણમૂલાં બે રત્નો જેવી પ્રભુની દીધેલી આ આંખોનો ખરો ઉપયોગ કેટલા ઓછા જણ કરે છે?

'જોવું' એ તો આંખનો સામાન્ય ઉપયોગ છે; ખરો ઉપયોગ તો 'અવલોકન કરવું' એ છે. દીઠેલી દરેકે દરેક વસ્તુને સમજીને મનમાં ઉતારવી એનું નામ 'અવલોકન કરવું.' આપણામાંના કેટલા માણસો આમ અવલોકન કરતા હશે?

ફળિયામાં ઓટલા પર બેસી એક છોકરો પોતાને ઘેર આવેલા મહેમાન સાથે વાતો કરતો હતો. મહેમાન બન્ને આંખે અપંગ હતો. એટલામાં એક માણસે આવી પૂછ્યું, 'હમણાં અહીં થઇને કોઇ ગયું?' છોકરાએ કહ્યું, 'કોણ જાણે; મને ખબર નથી.' પણ પેલા આંધળા મહેમાને તરત જવાબ આપ્યો, 'હા; બેએક મિનિટ પહેલાં એક પુરુષ અને એક સ્ત્રી વાતો કરતાં ગયાં ખરાં.' પૂછનારે કહ્યું 'હા, એ જ. એ કઇ તરફ ગયાં?' આંધળાએ હાથની ઈશારતથી દિશા બતાવી.

આ જોઇ છોકરો તો દિગ્મૂઢ થઈ ગયો. તેણે પૂછ્યું, 'તમે દેખતા નથી છતાં આટલું બધું કેમ જાણ્યું?' અંધ મહેમાને જવાબ આપ્યો, 'આપણે વાતો કરતા હતા ત્યારે બે જણ વાતો કરતાં આમથી આવીને આ તરફ ગયાં. તેમના અવાજ પરથી મેં ધાર્યું કે એક પુરુષ છે ને બીજી સ્ત્રી. મારી આંખે ખોટ રહી, એટલે કાન, નાક, સ્પર્શ વગેરેથી અવલોકન કરવાની ટેવ મેં પાડી છે. કેમ, તમે એમને ન જોયાં?' છોકરે કહ્યું, 'કોણ જાણે ભાઈ; મારું તો ધ્યાન ન રહ્યું.'

આપણામાંના કેટલા યે જણાનું આમ 'ધ્યાન નથી રહેતું.' એ આંધળાં કરતાં યે નપાવટ નહિ? રોજના જીવનમાં આપણે માત્ર 'ધ્યાન રાખીએ' તો અવલોકનથી જ્ઞાન વધારવાની કેટલી યે તક ગુમાવતા અટકીએ.

અવલોકન કરતાં શીખવાનો એક સહેલો માર્ગ છે. તમે જે કંઇ જુઓ તે થોડીવાર પછી યાદ કરો. તે વખતે તમને લાગશે કે તમે ઘણી વસ્તુઓ જોવાનું ભૂલી ગયા છો. ટપાલની ટિકિટ પર શું શું ચીતરેલું છે તે તમને યાદ છે? નથી; કારણકે તમે તે પર કદી ધ્યાનથી જોયું નથી. ઘેર જતાં તમારા રોજના માર્ગમાં કેટલા ખાંચા આવે છે તે તમે ભાગ્યે જ કહી શકશો. તમે કયા નંબરની ગાડીમાં બેસીને સ્ટેશને ગયા હતા? તમારા ઘરની નીસરણીને કેટલાં પગથિયાં છે? કાલે તમારી સભામાં કોણ ગેરહાજર હતું? વગેરે જવાબો તમે નિરીક્ષણ કર્યું નહિ હોય તો આપી નહિ શકો. ત્યારે જ તમને બરોબર જોવાની ટેવ પાડવાની જરૂર સમજાશે.

અવલોકનથી મોટો ફાયદો એ છે કે તે યાદશક્તિને પાકી બનાવે છે અને અનેક મૂંઝવણ વખતે ઉપયોગી કામ કરી દે છે.

જિંદગીની પ્રત્યેક પળે તમારી આંખો ઉઘાડી, અને બુદ્ધિને ચપળ તથા તત્પર રાખજો. અવલોકનની એક પણ તક ગુમાવતા નહિ; નહિતર પછી પ્રભુએ આંખો દીધી ન દીધી બધું સરખું છે."

પ્રાચીન નાટ્યશાસ્ત્ર (અનુસંધાન પૃ. ૧૮૨થી ચાલુ)

ધર્મ-સહાયક : નાયકના ધર્માચરણમાં માર્ગદર્શક થનાર વ્યક્તિઓ. જેમકે પુરોહિત, પંડિત, ગુરુ વગેરે. ગુરુઓમાં વળી રાજગુરુ, કુલગુરુ, વિદ્યાગુરુ, ધર્મગુરુ એવા ભેદ છે.

દંડ-સહાયક: શાસન કાર્યમાં સહાયક. જેમકે: અમાત્ય (મંત્રી), સેનાપતિ, સામંત, ઇત્યાદિ. તેમનું વિવરણ આગળ ઉપર નાયકના સાથીઓમાં આવશે.

આમ, પ્રાચીન નાટકોનાં પ્રધાન પાત્રોનું વર્ણન ટૂંકમાં જોયું આ પાત્રોના અન્ય કેટલાક ગુણો પણ છે, તે આપમેળે વિચારી લેવા.

નાટકમાં સારા ચારિત્ર્યનાં સારાં પરિણામો અને ખરાબ ચારિત્ર્યનાં ખરાબ પરિણામો બતાવવાં જોઇએ, જેથી લોકો ખરાબ કાર્ય પ્રત્યેથી વિમુખ થઈ સારાં કાર્ય પ્રત્યે પ્રવૃત્ત થાય. તેમાં જ નાટકનું સાર્થકય રહેલું છે જે નાટકમાં સારાં કામનાં ખરાબ પરિણામો ને ખરાબ કામનાં સારાં પરિણામો બતાવ્યાં હોય તે નાટક અધમ કોટિનું અને ત્યાજ્ય સમજવું. તેવું નાટક લોકોને અધર્મ પ્રત્યે પ્રેરી તેમને વિનાશને માર્ગે દોરી જાય છે. (ચાલુ)

Our Friends Abroad

નવાં પત્રમિત્રો: પરદેશનાં તેમજ દેશનાં

ભાઈ ભાનુકુમાર નાયકે ઈન્ટરનૅશનલ કૉરસપૉન્ડસ બ્યૂરો તરફનાં અગાઉ મોકલેલાં સરનામાંનો એક ભાગ (૧ થી ૧૪) અંક ૩૦૪માં પ્રકટ થયો હતો, તેનો બાકીનો ભાગ આ નીચે આપીએ છીએ. પત્ર-સંપર્ક સાધનારે ભાઈ નાયકના તથા બ્યૂરોના નામનો ઉલ્લેખ કરવો.

(15) Miss Rose Freeman, 6 Cosway Street, Marylebone Road, London N3/4W. L. (England); (16) Mr. C. C. Bhowal, 18 Pyaridas Rd, Dacca (Eastern Pakistan); (17) Miss S. L. Fersyth, 28 Lawa Street, Riccarton, Christchurch W. 1 (New Zealand);(18) Mr. K. Ch. Mathur, C/o Sh. A. Narain Mathur Shikohabad Dist. Mainpuri U. P. India; (19) Mr. P. B. Botha, P. O. Box No. 921, Durban, Natal,(South Africa); (20) Mrs. Marg. Wilson, 'Landale' 4 Bathwood Drive, Sutton-in-Ashfield,Nottingham(England); (21)Miss Claude J. Smith, 2521 South Oxford Street, Arlington/Virg.(U.S.A); (22) Mr. S. D. Krishna Shah, 299 Kalighat Rd. Calcutta 26 (India); (23) Mr. Ash. Abeyeratne, 120 Averiwatte Rd., Wattala (Ceylon); (24) Mr. Francis B. Udubuka, P. O. Box 50, Umnahia/Nigeria(Brit. West Afr.); (25) Mr. W. H. Fernando,'Chislehurst',202, Havelock Road, Havelock Town/Colombo (Ceylon); (26) Mr. P. Govind C/o Mr. Parthasarathy, 81 Rastaspeth, Poona (India); (27) Mr. H. U. Akpabio, St. John's Luther School, Okat, Eket District, Calabar/South Nig. (Brit.West Afr.);(28) Mrs. Maisie Buswell, 95 Burne Jones Houser, North End Road, London W. 14 (England); (29)Mr. A. Abeyeratne P.O.B. 120, I. P. S. Office, Colombo (Ceylon); (30) Mr. Jasper Fleming, 'Burlington Lodge', 135 Maxfield Ave. Half-way-Tree, Jamaica (Brit. West Ind.); (31) Mr. Keki J. Billimoria, 751, Parsee Colony, Bombay 14 (India); (32) Miss Freda L. Bent, 17 Milton Cresent Cheadle, Cheshire (England); (33) Mr. F. Swanepoel C/o Barclay's Bk. (D. C. O.), P. O. Box 285, Windhoek (South West Africa);(34) Miss Joan Savill, Freyberg St., North Clyde, Wairoda/H. B.(New Zealand);(35) Mr. A. Shankerji B. A., Salarjung Building, Hyderabad-Deccan (India); (36) Mr. Nani Gopal Das, 4, Justice Lal Mohan Das Lane, Dacca/Bengal (Eastern Pakistan); (37) Miss Bernice Wilson, Jerome, Iowa (U.S.A);(38)Miss L. Diedrich,R. R. 4 Wabash/Indiana (U. S. A); (39) Mr. Milo Pillay, P. O. Box 497, Port Elizabeth (South Africa) (40)Mr. B. E. Mbaba, Holy Trinity School, Mbiakong, Nwaniba P. O./Nig. (Centr. West Afr.); (41) Mr. S. Srinivasan C/o Mr. Partjasarathy,81-Rastaspeth,Poona (India);(42) Mr. Minoo Framji, Moonlight, Churchgate Reclamation; Bombay, (India); (43) Mr. Duncan Abyeratne, Averiwatte Road, Wattala (Ceylon); (44) Mrs. Elizabeth Blackwell, Hutching's Girls'High School, 7 Phayre Road,Poona 1 (India);(45)Mr.M.P. Sivashanmugam, C/o M. Varadappa Mudaliar & Sons-Yarn Merchants, Dharnsmpet, Gudiyatbam (South India); (46) Miss Ruby Tayasinghe, 'Hillside', Lady Havelock's Drive, Kandy (Ceylon); (47) Mr. R. Partha Sarathy, Assistant Engineer, Parry's Sugar Factory, Nellikuppan (South India),(48) Rev. Fr. V. Antody Lucas, Chemparuthivlay, Mulagumude P.O.S.Travanchore (South India); (49) Ecconomist Pandit Azaddeepak, Desai Manzil, Next to Khurshed Hall, Desai Street, Mota Falia/Navsari 5 (India).

જર્મન સરનામાં

ભાઇ રમેશ શ્રીધરાણી (મુંબાઇ) તરફથી આવેલાં

(1) Hanny Hass, 24 b Hussum, Bahnhofstr. 5 Brit. Zone of Germany, (Girl, 19 yrs.), Pen-friendship; (2) Anneliese Suhl, 24 b, Hussum, Norderstr. 3. British Zone of Germany, (Girl, 18 years), Pen-friendship; (3) Traute Thale, 24 b, Hussum, Neustadt, 73, Germany, (Girl, 16 yrs., with a boy,)Pen-friendship; (4) Harro Bohn, 24 b. Hussum, Woldsenstr,26 Brit. Zone of Germany,(Boy 25 yrs.); Stamps: (5) Gerhard Thiemann, 24 b, Hussum Asmussenstr 62 Germany, (Boy, 26 years), Pen-friendship; (6) Marianne Dagmar Petersen, 24 b, Friedrichstadt Mittelburgwall, 12, Germany, (Girl 17 yrs.), Music, Literature; (7) Lena Wohldorf 24 b, Schabull, Uber, Hussum, Germany, (Girl 17 years), Pen-friendship; (8) Elizabeth Reeder, 24 b, Garding, Suderstr. 59 Germany; (Girl, 15 years), Pen-friendship; (9) Karen Rieckhoff, 24 b Friedrichstadt, Prinzenstr, 18 Germany, (Girl, 16 years), History; (10) Frmgare Perplies, 24 b, Hussum, Lornsenstr, 45, Germany, (Girl, 17), Culture of People; (11) Gerhasd Pfeifer, 24 b, Hussum, Bahnhofstr, 48 III, Brit. Zone of Germany, (Boy, 15 years), Pen-ftiendship; (12) Horst Winkelewski, 24 b, Hussum, Ait Kirchenweg, 13 Brit. Zone of Germany,(Boy, 14 yrs.), Pen-friendship;(13) Almut Mueller, 24 b, Hussum Th. Stormstr. 23 Brit. Zone of Germany, (Girl, 16 years), Pen-friendship.

જર્મન કુમારીઓ

નીચેનાં બધાં નામ માટે સરનામું એક જ છે. આ પ્રમાણે: Therdr Storm-Schule, 24 b Hussum Nordsee. British Zone of Germany.

(1) Margot Nissen (17 years); (2) Brigitte Peters

(16 yrs); (3) Gisela Feschke (14 yrs); (4) Gudrun Dornbusch (Music, Arts); (5) Beate Chromik (14 yrs); (6) Nina Peters (17 yrs.); (7) Margot Kuhnast (15 yrs.); (8) Helga Schiefke (15 yrs.); (9) Hadwig Mannzen (15 years. Arts, Literature; (10) Lotte Schumann (14 years); (11) Frmela Brase (14 years).

હિંદી પત્રમિત્રો

(280) Dhaneshchandra Harilal Shah, C/o Harilal N. Shah, 18, Jiva Devsi Nivas. 2nd floor, Ranade Rd., Dadar, Bombay-14 (B. B. Rly.)—20, Drawing, Swimming, Reading; (281) Kanu N. Patel, Kakerkhad, Nadiad—18, Photography, Stamps; (282) Mahasukh D. Mehta, 30 Jambuewadi, Kalbadevi Rd., Bombay-2—19, Politics, Stamps, Coins, Photography; (283) Panchal Dayalal Nathalal, Bhanderi St., Lokhandwala Bld., 3rd floor, Room No. 64, Bombay 4—17, Drawing, Stamps, Literature, Coins, Music; (284) Bachu B. Mistry, Wadi, Bhatwada, Baroda—20, Maths., Science, Literature; (285) Avnindra M. Vohra, C/o M. G. Vohra, Raj-kunj, Lajpatrai Rd., Vile Parle, Bombay-24—16, Stamps, Cricket, Coins, Painting; (286) Arunkumar Maganlal, C/o Maganlal Antani, C15, Radio Colony, Kingsway, Old Dehli—17, Cricket, Politics; (287) Vijaykumar Sood Rampratap, 2693, Chuna Mandi, Pahar Gunj, New Delhi—18, Cartoons, Photography, Stamps, Painting; (288) Nagindas Malukchand Vadodaria, Botadker Rd., Botad—17, Stamps; (289) Chimanlal M. Vora, M. L. Vora Building, Station Rd., Morvi—17, Rubber Stamps, Coins; (290) Natvar Thakker, C/o Shivlal Chhaganlal Thakker, Bavavali Pole, Visnagar—18, Stamps, Photography, Drawing; (291) Vipinchandra M. Talati, Mahajan Sarvajantk High School, Halol—14, Politics, Reading; (292) Shantilal D. Parmar, Gandhi Chowk, Thasra (Dist. Kaira)—16, Photography, Drawing, Music; (293) Bhupeshkumar S. Patel, New Avenue Rd., Kothi, Baroda—16, Stamps, Cinema; (294) Ashutosh N. Oza, C/o N. B. Oza, 12, Lajapatrai Road, Vile-Parle (West) Bombay-24—15, Stamps, Cricket, Photography; (295) Harilal Maganlal Vaidya, Nagar Chakla, Bhuj (Cutch)—22, Reading, Swimming, Sports; (296) Bachubhai M. Patel, C/o Patidar Vidyarthi Ashram, Nanpura (Surat)—20. Literature, Drawing, Painting, Music; (297) Kantilal Raojibhai Patel, 52, Alkapuri, Baroda—18, Stamps, View-cards, Photography; (298) Pravinchandra B. Mehta, C/o J. H. Mehta, Kothi Pole, Baroda—16, Stamps, Reading, Literature; (299) Shantilal Chotalal Shah, Bills Dept., Telephones, Bombay Dist., Bombay—21, Stamps; (300) Jagdish M. Panchal, C/o M. A. Panchal, Lunsavada, Bapuji Sutar's Dehla, 924/2, Ahmedabad—18, Drawing, Photography; (301) A. D. Jambhekar C/o Rao Sahib Dr. N. R. Ghate, Tarapur (Dist. Thana); (302) Jayantilal Purushottamdas Karia, Mochi Chawk, K.V. Parekh St., Mahuva, (Saurashtra)—17, Stamps, Coins, Correspondence; (303) Harshkant Maganlal Kothari, Dhrafavala Plot, Dhoraji—18, Science, Cricket, Literature; (304) Ranchhodbhai A. Patel, C/o Govindbhai Ambaram Patel, Madalpur, Ellis Bridge, Ahmedabad—16, Stamps, Cricket; (305) Mahendrakumar T. Gandhi, P. O. Box No. 435, Dar-es-Salaam—16, Stamps, View-cards; (306) Harish C. Gandhi, Kalbadevi Rd., 46/2 Popat Vadi, Bombay-2—20, Touring, Photography; (307) Ghelani Ratilal N. Monghibai Ram Vilas, Gaushala Akoorly Rd., Kandivali (East), Bombay—19, Music, Touring, Swimming, Reading; (308) Harsukh J. Modi, B. SC., Juhu Rd., Bombay-24—22, Stamps, Chemical Engineering; (309) Vinaykant M. Mandalia, P.O. Box No. 19, Zanzibar (B. E. Africa)—17, Stamps, Magazines, Coins, First-day covers, Photography; (310) Mahmedi J. Tambawala, C/o M. Faizullabhoy Co., 39, Bhajipala lane, Bombay-3—19, Stamps, Coins, Photography; (311) Sandip S. Pakvasa, C/o S. V. Pakvasa, Ramanlal Blocks, Ghodbunder Road, Borivli, Bombay—14, Table-tennis, Cricket, Reading; (312) Balvantrai Karshanji Trivedi, Plot No. 941, Krishnanagar, Bhavnagar—18, Photography, Literature, Stamps, Painting; (313) Mukund K. Shah, C/o Chhotalal N. Shah, Vithalbhai Patel Rd., Sicca Nagar, Block c/14, Bombay-4—17, Plants, Seeds, Dryfruits; (314) Bhogilal K. Mistry, Opp. Fire Station, Ahmedabad-8—19, Photography, Drawing & Painting, Music; (315) Chandrasinh M. Ved, Gandhi-Chakla, Mundra (Cutch)—20, Stamps; (316) Chinubhai M. Shah, 601, Dev Sheri, Lakha Patel's Pole, Sankdi Sheri, Ahmedabad—16, Literature, Sports, Writing; (317) Indukumar P. Dave, C/o Natavarlal L. Bhatt, Rly. Dispensary. Junagadh (Saur.)—17, Literature, Stamps, History, Journalism; (318) Ramniklal Chhotalal Mehta, C/o Nimchand R. Sanghavi, Bhatia St. Vankaner, (Saurashtra)—20, Stamps, Swimming, Travelling; (319) Chhaganlal Naranji, Jayant Photo Studio, Station Rd., Morvi (Saurashtra)—18, Stamps, Match-labels; (320) Devendra Hiralal Devani, Mahadevbhai Desai Rd., Porbander—17, Literature, Autographs, Sports; (322) Musaji Mahamad Bardolia, Limda Vadi, Navapur, (S. V. Rly.)—20, Stamps; (323) Chimanlal Gokuldas Parmar, Ramtekari Rd., Porbander—17, Literature, Photography, Cricket.



મધુકરી

જીત હાર કુછભી મલે રખના અપની આન,
દટા રહે નિજ વચન પર નર કી યહ પહચાન.
જૈસા તુમ ચાહો કરે સબ તુમ સે વ્યવહાર,
વૈસા હી વ્યવહાર તુમ કરો સભી સે યાર.

—શ્રી ગન્નારાયણ અગ્રવાલ

સંગીતશાસ્ત્રી પંડિત વાડીલાલ શિવરામ નાયક

સદીઓ પહેલાં ગુજરાતે સંગીત, નર્તન ને નાટકનાં ક્ષેત્રોમાં જે ઉચ્ચ પ્રતિષ્ઠા મેળવેલી તેના અવશેષો હજી એના ઉત્તર ભાગમાં મળીઆવે છે. આ કળાઓનો વારસો જે જ્ઞાતિઓએ જાળવ્યો છે તેમાં 'નાયક' ને 'ભોજક' નામો ભાગ્યે જ કોઈથી અજાણ્યાં હશે. એ ઉત્તર ગુજરાતનું ગામ ઉંડાઇ—કે જેની સાથે મહાન સંગીતકાર તાનસેનની એક સુપ્રસિદ્ધ ગાથાનાં પાત્રો તાના ને રીરીનાં નામો જોડાએલાં છે એ ઉંડાઈએ ગુજરાતને અનેક કુશળ ને પ્રસિદ્ધ અભિનેતાઓ ને સંગીતકારો આપેલા છે. એ કળાકારોની શ્રેણીમાં પંડિત વાડીલાલજી એક પ્રખર સંગીતશાસ્ત્રી હતા.

પંડિતજીને સંગીત એક કુદરતી બક્ષિસ રૂપ હતી. જીવનના આરંભનાં વર્ષોમાં તેમણે ઘણા લાંબા સમય સુધી હિંદુસ્તાનભરના પ્રસિદ્ધ ગાયકો—ધ્રુવપદ, આલાપ અને ખ્યાલના ગાયકો, ને ખાસ કરીને જુદાજુદા મુસ્લિમ રાણાઓના પ્રતિનિધિઓ સાથે સહવાસ રાખ્યો હતો. ખાનસાહેબ નઝીરખાં તેઓમાં મુખ્ય હતા. આ પ્રમાણે મેળવેલી તાલીમ અને અનુભવ વડે તેમણે સંગીતના દરેક સંપ્રદાયની ઉચ્ચ અને શાસ્ત્રીય ગાયનશૈલી હાથ કરી હતી ને વિકસાવી હતી. આ પીઠિકા સાથે તેઓ મુંબઇ ગુજરાતી નાટક કંપનીમાં સંગીતકાર તરીકે જોડાયા અને એ કંપનીના 'સૌભાગ્ય સુંદરી'થી આરંભીને છેક 'મધુબંસરી'ના સમય સુધીનાં નાટકોમાં એમણે સંગીત આપ્યું. મુંબઈ ગુજરાતી નાટક કંપનીનો એ પણ યુગ હતો કે જ્યારે પંડિત વાડીલાલજી સંગીતકાર, કવિશ્રી મૂળશંકર ને શ્રી જયશંકરભાઈ 'સુંદરી' ગાનાર હતા, અને શ્રી બાપુલાલ નાયક માર્ગદર્શક ને મુખ્ય અભિનેતા હતા. આવા બાહોશ કળાકારોના સહકારથી પંડિત વાડીલાલજીએ વિરલ રાગો ને ગુજરાતી લોકગીતના રંગભર ઢાળો વડે ગુજરાતને નાટકો દ્વારા અનેરું સંગીત આપ્યું હતું જે સંગીત હજી યે એ સાંભળનારાઓના કાનમાં ગુંજારવ કરતું હશે.

પંડિતજીમાં એવી શક્તિ હતી કે લોકગીતોના ઢાળ એકધારા હોય તો પણ તેમના સ્વરો ને તાલોનો અભ્યાસ કરીને આંતરા તથા બીજા અંગો સ્વતંત્ર બનાવી શકતા. નાટકોની જરૂરિયાત ઉપરાંત પણ પંડિતજીએ ગુજરાતની સંગીતસંપત્તિ લોકગીતો, રાસો, ગરબાઓ વગેરેનો સંગીતદૃષ્ટિએ એટલો ઊંડો અભ્યાસ કર્યો હતો કે આજે તેમના મુકાબલામાં ભાગ્યે જ કોઇ બીજું આવી શકે.

નાટકો દ્વારા થએલી તેમની પ્રસિદ્ધીએ કેટલાક સંગીત-સંશોધકો અને ગાયકોને તેમના તરફ આકર્ષ્યા હતા. એ જમાનામાં પંડિત ભાતખંડે સાથે તેમનો સંપર્ક સંધાયો ને પંડિત ભાતખંડેજીના જીવનના અંત સુધી તે કાયમ રહ્યો. ભાતખંડેજીએ આરંભેલું કાર્ય જે બાકી રહ્યું હતું તે પૂરું કરવાની શક્તિ તેમના એકલામાં જ હતી. તેમની દેખરેખ નીચે તેઓ શાળા-અધ્યયન કરાવવા જતા હતા; ગવૈયાઓની સાથેની મુલાકાતો અને પરિષદોમાં પણ તેમની સાથે વાડીલાલજી જ ઘણે ભાગે રહેતા. ઉપરાંત લખનૌની મૉરિસ

માસમાસના પંખી ૪૧-અગન

ગયા અંકમાં વર્ણવેલા અખંડ ગાયક ભરતની જ જ્ઞાતિના આ પંખીમાં મિઠાશ ને માર્દવ ભરેલા બુલંદ સ્વર ઉપરાંત અન્ય પંખીઓનું અનુકરણ કરવાની અદ્‌ભુત શક્તિ પણ છે. એને લીધે ભરત કરતાં એ વિશેષ પળાય છે. પાલકો તેનું જીવની પેઠે જતન કરે છે ને ભારે પ્રયત્ને તેને સંગીતનાં જુદાંજુદાં ઘર પણ શીખવે છે.

કદે ને રૂપેરંગે ભરત જેવું જ હોઈ જમીન પર ટહેલતું હોય ત્યારે છેટેથી ઓળખવું પણ મુશ્કેલ પડે. તેની આંખ ફરતું શ્વેત કુંડાળું પણ ત્યારે દેખાતું નથી. એ તો ઊડે ને ગાય ત્યારે જ ઓળખાય. તે ભાગ્યે જ ૪૦-૫૦ ફૂટ ઊંચે ચડતું હશે. વળી તેનું ગાન પણ ભરત પેઠે અવિરત નથી ચાલતું; અને તેના કંઠમાં ભરત જેવી પ્રફુલ્લતાને બદલે કરુણતા વિશેષ હોય છે. તે ગાતાં ગાતાં ઊંચે ચડી, થોડીવાર પાંખો પર તરીને હેઠે ઊતરી વાડ કે ઝાડની ટોચે મૂંગું થઇ બેસી જાય છે; ને થોડીવારે ગાન શરુ કરી ફરી ઊડે છે. એકાદ કલાક બાદ બેસવાનું સ્થાન બદલી ફરી એ જ ક્રમ શરુ કરે છે. તેની આ ટેવને લીધે તેને પકડવું સરળ થઈ પડે છે.

ભૂમિતલનું વસનારું હોવા છતાં વાડ વગેરે પર બેસવાના સ્વભાવને લીધે એ મનુષ્યના વસવાટની નિકટ કયારીઓમાં કે વાડમાં રખડતું અને સવિશેષ વર્ષા ઋતુમાં ધૂળમાં નહાતું નજરે પડે છે. વન્ય દશામાં અનાજના કણ ને જીવાત પર તે નભે છે, પણ પિંજરાવસ્થામાં એના કંઠની શક્તિ ને મિઠાશ વધારવાના કોડથી ઉસ્તાદો તેને શેકેલા ચણાના લોટને ઘીમાં સાંતળી, બદામ પિસ્તાં મેળવીને બનાવેલ સથ્થુ કે ચોગો પણ આપે છે.

હાલ તેનો પ્રજનન કાળ ચાલે છે. એ દરમ્યાન એનાં બે જણતર થવાનું મનાય છે. એકાદ અવેડ ખેતર વચ્ચે કે વાડના થડ પાસે, ઘાસનાં તરણાંની ઓથે, ભોંય ખોતરીને એમાં, વરસાદ ન પડે એવા ઘુમટવાળો ઘાસનો માળો ગૂંથી ફિક્કા પીળા કે કેસરી રંગનાં છાંટણાં ને રેખાઓ વાળાં, ધૂળિયા સફેદ રંગનાં ૩-૪ ઇંડાં મૂકે છે. ('વનેચર' પરથી)



કૉલેજ ઑાવ મ્યૂઝિકમાં તેઓ પરીક્ષક હતા ને અવારનવાર અધ્યયન કરવવા માટે પણ જતા હતા.

વાડીલાલજી સાચા અર્થમાં પંડિત હતા. તેઓ પંડિત કેમ બન્યા એ પણ જાણવા જેવું છે. એક વાર ગવૈયા સાથે સંગીતચર્ચા કરતાં એમને લાગ્યું કે બીજાઓ શાસ્ત્રની વાત ખરી કરે છે કે ખોટી, એ જાણવા માટે ગાયન કે શાસ્ત્રનો સૂક્ષ્મ અભ્યાસ કરવો જોઈએ. એ જ ક્ષણે નિશ્ચય કર્યો કે મારે સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરવો. સીધા મુંબઈ આવ્યા ને એક શાસ્ત્રીને ગુરુ બનાવ્યા તથા પોતાના ચાલુ કામ સાથે એક વિદ્યાર્થી તરીકે સંસ્કૃત વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, સાહિત્ય ન્યાય ઇત્યાદિનો અભ્યાસ કર્યો અને સંસ્કૃત ભાષામાં રહેલા સંગીતશાસ્ત્રના ગ્રંથોનું સૂક્ષ્મ રીતે અન્વેષણ કર્યું. સંગીત રત્નાકર સરખા ગ્રંથના બે પ્રકરણોનું તેમણે કરેલું ભાષાંતર તેમની વિદ્વત્તાની પ્રતીતિ કરાવે છે.

મુંબઈ ગુજરાતી નાટક કંપની છોડ્યા પછી પંડિતજી અમુક સમય સુધી વાંસદા રાજ્યના સંગીતકાર રહ્યા હતા ને ત્યાર પછી એમના જીવનના અંત સુધી ગુજરાતના સુપ્રસિદ્ધ મિલમાલેક તથા શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં હતા.

પંડિત વાડીલાલજીનું વ્યક્તિત્વ એવું હતું કે જેની બીજાઓને ધાક લાગે. તેમને રાગો, શ્રુતિઓ, તાલો અને માત્રાઓનું ઊંચું જ્ઞાન હતું. શ્રુતિના હિસાબે થએલા ભિન્નભિન્ન સ્વરોના ભેદો તેઓ સુંદર રીતે દેખાડી શકતા હતા. સંગીતના કેટલાક અણુકેલ પ્રશ્નોના જવાબો પણ તેઓ પ્રમાણભૂતરીતે આપી શકતા. ઉપરાંત, ઉત્તર ભારતીય સંગીતપદ્ધતિનો ઇતિહાસ તથા વિકાસ અને જુદાજુદા ઘરાણાઓની સંપૂર્ણ માહિતી તેઓ ધરાવતા હતા.

એક પ્રમાણભૂત પંડિત હોવા ઉપરાંત તેઓ ઉચ્ચ કોટિના ગાયક હતા. છેલ્લાં ૪૦ થી ૫૦ વર્ષ દરમ્યાનનો ભાગ્યે જ કોઇ એવો સંગીતકાર હશે કે જેણે તેમને સાંભળ્યા ન હોય. આલાપ, ધ્રુવપદ, ધમાર, ખ્યાલ ને ઠુમરીની શાસ્ત્રીય ગાયનશૈલી કેવી હોવી જોઈએ તેનું તેઓ સુંદર દિગ્દર્શન કરાવી શકતા. યોગ્ય શિષ્યને ઊંચા ગાયક બનાવવાની શક્તિ તે ધરાવતા. છેલ્લાં ૪૦૦-૫૦૦ વર્ષ દરમ્યાન રચાએલાં સેંકડો પદો તેમની પાસે હતાં. પોતાનો આટલી હદે આત્મવિકાસ થવા છતાં યે પંડિતજીમાં પ્રસિદ્ધિનો લોભ ન હતો, અને તે જ કારણે તેઓ આખું જીવન એક છૂપા રત્ન રૂપે જ રહ્યા હતા. અફસોસની વાત તો એ છે કે ગુજરાતની ભૂમિમાં આવું રત્ન પાક્યું પણ તેની કદર તેના પ્રાંતે ન કરી. —ડૉ. ડી. જી. વ્યાસ

અનાજને કસવાળું કરવાના પ્રયત્નો

દેશભરમાં આજ ઘરઘરનો પ્રશ્ન એક જ છે: 'અન્નપરિસ્થિતિ.' સૌની એક જ ફરિયાદ છે કે પૂરતું ને કસવાળું અનાજ નથી મળતું. આ સ્થિતિ હિંદમાં જ નથી પણ અમુક અંશે જગતના ઘણાખરા દેશોમાં છે. એથી વૈજ્ઞાનિકો આ દિશામાં પ્રયત્નો કરવા માંડ્યા છે.

જીવન ટકાવી રાખવા અનાજ કાં તો ભરપૂર પ્રમાણમાં મળવું જોઇએ, અથવા સંજોગવશાત્ જો મર્યાદિત પ્રમાણમાં મળે તો તે પૂરતું કસવાળું-વિટામિનયુક્ત-હોવું જોઇએ. વૈજ્ઞાનિકોના પ્રયોગો આ બીજી દિશામાં ચાલે છે.

એ તો જાણીતી વાત છે કે વીજળીથી ચાલતી ઘંટીમાં દળેલા લોટમાંથી ઘણાંખરાં વિટામિન તથા પોષણતત્ત્વો નાશ પામ્યાં હોય છે, કારણ કે ઘંટીમાં દળાતી વખતે એટલી બધી ગરમી પેદા થાય છે કે તેથી વિટામિનો બળી જવા ઉપરાંત અનાજના દાણામાં જે મહત્ત્વના પોષણતત્ત્વયુક્ત બીજનો ભાગ હોય છે તે, ભૂકો થઈને બહાર ન પડતાં તેમાંના તેલી તત્ત્વને કારણે સપાટ લાંબો થઈને બહાર પડે છે, ને ચળાતી વખતે ફોતરાં ભેગો એ મહત્ત્વનો ભાગ પણ નીકળી જાય છે. આથી પાછળ જે લોટ રહે છે તે નિઃસત્ત્વ બની જાય છે. આ બગાડ અટકાવવા માટે અમેરિકામાં મિલર નામના માણસે એક એવી ઘંટી બનાવી છે કે જેમાં અનાજ દળનારાં ચક્રોને ખાસ ઠંડી કરેલી હવાદ્વારા ઠંડાં રાખવાની ગોઠવણ છે. ઘંટી ઠંડી રહેવાથી દાણામાંનું બીજ કડક રહે છે અને બાકીના ભાગ સાથે દળાઈ જઇને લોટમાં બરાબર ભળી જાય છે. આમ આ ઘંટીમાં દળાએલો લોટ આખા ઘઉંની માફક જ કસવાળો બનવા લાગ્યો છે. વળી તેમાંથી માત્ર ફોતરાં જ નીકળી જતાં હોવાથી તે દેખાવમાં સફેદ ને સ્વચ્છ હોય છે ને તે જલદી સડી પણ નહિ જતો હોવાથી લાંબો વખત ટકે છે. તેની મિઠાશ ને તાજાપણું પણ ઘણો સમય ટકી રહે છે. તે ઘંટીનું શાસ્ત્રીય તત્ત્વ બરાબર સમજી લઇને આપણા યંત્રવિશારદોએ તેની ઘંટીઓ આપણા દેશમાં બનાવવા જેવી છે.

તેવો જ એક બીજો પ્રયોગ ચોખાનાં પોષણતત્ત્વો ટકાવી રાખવા કરવામાં આવ્યો છે. મિલોમાં ચોખા છડાવાથી તેમાંનાં મહત્ત્વનાં પોષણતત્ત્વો ચાલ્યાં જાય છે. તે અટકાવવા અમેરિકાના મિ. હાવેલ અને બ્રિટનના શાસ્ત્રજ્ઞ મિ. હ્યુરેન લૅાબ, એ બન્નેએ ભેગા મળી, સેંકડો જાતની ડાંગર ભેગી કરી, તેના ઉપર જુદીજુદી પદ્ધતિથી પ્રયોગો કરી તેમાંનું પોષણતત્ત્વ નાશ ન પામે અને ચોખા છૂટા પડી આવે એવી અભિનવ પદ્ધતિ શોધી કાઢી છે.

ચોખાનાં અંદર ચાર પડમાંથી ઉપરનું એક પડ સાવ છૂટું હોય છે, જ્યારે બાકીનાં ત્રણ પડ ખૂબ દૃઢ હોય છે. મિલોમાં ચોખા સાફ કરતી વખતે આ ત્રણે પડો ખૂબ ઘસાઇ જાય છે અને તેથી તેમાંનાં વિટામિન તથા ક્ષાર તત્ત્વો નાશ પામી ફક્ત કાર્બોહાઇડ્રેટ જ બાકી રહે છે. આ પ્રમાણે ન થાય તે માટે એ બે સંશોધકોએ જે પદ્ધતિ શોધી કાઢી તે આ પ્રમાણે છે: એક મોટા પીપમાં સાફ કરેલી ડાંગર ભરવામાં આવે છે. પછી તે પીપને બરાબર બંધ કરી તેમાંની બધી હવા શોષી લેવામાં આવે છે. તેને લીધે અંદર જે વૅક્યૂમ—ખાલી અવકાશ નિર્માણ થાય છે તેમાં અતિશય દબાણથી ઊકળતું પાણી છોડવામાં આવે છે. આને લીધે ચોખામાંનાં સર્વ વિટામિન તથા ક્ષારતત્ત્વો એ પાણીમાં ઓગળી જઈ ચોખાના દાણાના મધ્યભાગ સુધી ધકેલાઇ જાય છે. ત્યાર પછી પાણી બંધ કરી વરાળ છોડવામાં આવે છે, આથી તે ક્ષાર તત્ત્વો ત્યાં જ સ્થિર થઈ જાય છે. ત્યાર પછી તેને સૂકવી નાખીને હમેશની રીત પ્રમાણે જ ડાંગરમાંથી ચોખા તૈયાર કરવામાં આવે છે. પણ આ વખતે તેને ગમે તેટલા ખાંડવામાં આવે, સાફ કરવામાં આવે કે ઘસવામાં આવે તો પણ તેનાં વિટામિન કે ક્ષાર તત્ત્વો નાશ પામતાં નથી અને ચોખા જોઇએ તેવા ધોળા થઈ શકે છે, એટલું જ નહિ પણ દબાણને લીધે તે કડક થતા હોવાથી તેમાં જીવાત જલદી પડતી નથી. આ ચોખાના ભાત કરતાં ૨૦ થી ૩૦ મિનિટ જ લાગે છે. આમ આ નવી પદ્ધતિથી ચોખામાં બી વિટામિન તથા બીજાં પોષક તત્ત્વો કાયમ રહે છે. વૈજ્ઞાનિકો કહે છે કે આ પદ્ધતિનો ઉપયોગ બીજા નિઃસત્ત્વ અનાજનો કસ વધારી તેમાં વિટામિન દાખલ કરવામાં થઈ શકશે. અમુક વિટામિનયુક્ત પાણી દ્વારા દબાણથી તેમાં તે દાખલ કરી શકાશે.

પરંતુ આ બધાં કરતાં એક તદ્દન નવી જ પદ્ધતિ દ્વારા અનાજનો કસ વધારવાનું શક્ય બન્યું છે. ઑર્હેમ અને શૅનેલ નામના બે રસાયનતજ્ઞોને ઘાસ, કુશ્કી તથા અનાજના સાંઠા ઉપર સંશોધન કરતાં એમ જણાઈ આવ્યું છે કે તેમાં એક વિટામિન 'ડી' સિવાય બધાં વિટામિનો તથા ક્ષારતત્ત્વો ખૂબ મોટા પ્રમાણમાં છે: તેમના જ

જેટલા વજનનાં સૂકવેલાં ફળો તથા શાકભાજીની સરખામણીમાં તેમનામાં વિટામિન વગેરે અઠ્ઠાવીસ ગણું છે! આ જણાયા પછી તેમણે ઘઉં, ઓટ્સ, બાર્લી વગેરે અનાજના સાંઠાં લઇને તેમાંનું જલ તત્ત્વ સંપૂર્ણરીતે કાઢી નાખ્યું અને તેના રંગનો નાશ કરી તેને સફેદ કર્યાં. પછી તેને દળીને ઝીણી ભૂકી કરી જેથી તે ઘાસ મનુષ્યો સહેલાઇથી ખાઇ તથા પચાવી શકે. છ મહિના સુધી તે શાસ્ત્રજ્ઞો જાતે એ ઘાસના લોટ ઉપર રહ્યા અને પછી બીજા ઉપર પણ પ્રયોગો કર્યા, અને તે સર્વ સફળ થયા. આ પ્રમાણે તૈયાર કરેલી એક શેર ભૂકી પાછળ માત્ર ૬ આના જ ખરચ થાય છે, અને એક મનુષ્યને આખું વરસ પોષણ તત્ત્વો પૂરતા પ્રમાણમાં મળી રહેવા માટે કેવળ ૧૨ પાઉન્ડ આવી ભૂકી પૂરતી છે એવો અહેવાલ તેમણે અમેરિકાની રાસાયનિક સંસ્થાને આપ્યો છે! એટલે જો એક માણસ આ જાદુઇ ભૂકી ઉપર ગુજરાન કરે તો તેને વર્ષનો માત્ર ૪॥ રૂપિયા ખરચ થાય!! રૅશનિંગના કસહીન ધાન્યમાં જો આ ભૂકી ઉમેરવામાં આવે તો તે ફરીથી કસવાળું થશે એમ સંશોધકોનું કહેવું છે.

હિંદની આજની કટોકટીભરી ધાન્યની પરિસ્થિતિમાં ઉપરના ત્રણે પ્રયોગોનો ઘણો ઉપયોગ થઇ શકે તેમ છે. ('કેસરી'પરથી)

દાંતનો સડો

સુધરેલા ગણાતા દેશોમાં દાંતનો સડો આજે સર્વસામાન્ય થઇ પડયો છે. અમેરિકાની વસતીમાં ૯૭ટકા જેટલાં માણસો સોળ વર્ષની ઉમરનાં થાય ત્યાં સુધીમાં તો તેમના દાંતમાં ઊંડા દરોડા પડી ગયા હોય છે. હમણાં આપણા દેશમાં પણ ડૉ. વિધાનચંદ્ર રાયે કહ્યું હતું કે દેશમાં અમુક હજાર દંતવૈદ્યો તૈયાર કરવાની જરૂર છે.

દાંતનો સડો શાથી પેદા થાય છે એ વિષે કશો નિર્ણયાત્મક ખુલાસો આપી શકાતો નથી. હમણાં ન્યૂ ઝીલૅંડના આરોગ્ય ખાતાના માજી મેડિકલ ઑફિસર ડૉ. ન્યૂમાને પ્રતિપાદિત કર્યું છે કે સડાનું કારણ દાંતોનો ઓછો ઉપયોગ છે. દાંતને સાબૂત રાખવા હોય તો ચાવવી પડે એવી વસ્તુઓ ભોજનમાં રાખવી જ જોઇએ. અત્યાર સુધી દાંતના સડા માટે જે જે કારણો સૂચવાતાં હતાં તેની તપાસ કરીને તેઓ તે કારણો રદ કરે છે, અને લખે છે કે જેમ કોઈ હાડકાંને કે, માંસપેશીને કે જ્ઞાનતંતુને કામ ઓછું મળે તો તેનો વિકાસ ઠીંગરાઈ જાય છે, તેમ દાંતને ઓછું ચાવવાનું મળે છે તો તે બગડવા માંડે છે.

ન્યૂ ઝીલૅન્ડમાં વસતા અંગ્રેજોનાં તથા ત્યાંના વતની જે જે માઓરી લોકોએ અંગ્રેજી ખોરાક અપનાવી લીધો છે તેમના દાંત ખૂબ ખરાબ છે, પણ જે માઓરીઓ પોતાના પરંપરાગત ખોરાકને વળગી રહ્યા છે તેમના દાંત સાબૂત છે, કારણકે અંગ્રેજોના ખોરાકમાં પોષક તત્ત્વોની ઊણપ છે જ નહિ, પણ તે ખોરાકની નજરે ચડે એવી વિશિષ્ટતા કોઇ હોય તો તેનું પોચાપણું છે. ત્યાં બીજા દેશો કરતાં પ્રોટીન વધારે અને સ્ટાર્ચ ઓછો ખાવામાં આવે છે, કારણ તેમના ખોરાકમાં માંસ, ઈંડાં, દૂધ, માખણ, તાજાં ફળ અને પનીર મુખ્ય હોય છે. પણ આ લગભગ બધી જ વાનીઓ ચાવ્યા વગર ગળી જવાય એવી હોય છે. માંસને ત્યાં એટલું બધું સમારવામાં આવે છે, કે ન ચાવે તો યે ચાલે. ડબલરોટી પરનું ઉપલું સખત પડ કાઢીને ફેંકી દેવામાં આવે છે, અને કોઈ તે ચાવે તો તે અશિષ્ટાચાર લેખાય છે.

ડૉ. ન્યૂમાનનું કહેવું એવું છે કે જે દેશમાં રોટીનો પોપડો જેટલો વધારે જાડો તેટલા દાંત વધારે સારા હોવાનો સંભવ છે. દાંતને પૂરતી કસરત મળી રહે એ માટે તે એક સૂચના એવી કરે છે કે રોજના ખોરાકમાં ખૂબ ચાવવી પડે એવી વાની હોવી જ જોઇએ. ગાજર, સફરજન વગેરે ફળોની ઝાઝી કિંમત નથી. સખત બિસ્કિટ, ટોસ્ટ કે કડકડતી વાની પણ નકામી છે. દાંતને મજબૂત બનાવવામાં શેરડી સારી છે, પણ ટેવ ન હોય તેણે શરૂઆતમાં સંભાળીને ખાવી.

જો ચોખા એ મુખ્ય ખોરાક હોય તો ચોખા જરા કાચા રહેવા દેવાની તે સૂચના કરે છે, જેથી ચાવીને ખવાય. ફિલિપ્પાઈન ટાપુઓમાં આવો રિવાજ છે અને ત્યાંના લોકોના દાંત ખૂબ સારા છે. ચીનના જે ભાગોમાં ભાત બરાબર ચડાવવામાં આવે છે ત્યાં લોકોના દાંત ખરાબ છે. આખી જિંદગી ચાવીચાવીને દાંત ઘસાઈ જાય અને ટૂંકા થઈ જાય એવું કદાચ ત્યાં બને—જેમ ઘરડા ઘોડાઓમાં બને છે--પણ તેને સડો તો લાગતો જ નથી. ઉપસંહારમાં ડૉ. ન્યૂમાન લખે છે: 'દાંતનો વપરાશ બંધ થવાને કારણે ઊપજતો સડો અટકાવી શકાય છે, અને થયો હોય તો તેનો ઈલાજ પણ કરી શકાય છે. તે એ છે કે દાંતને ચાવવાનું કામ પાછું સોંપવું.'

('મિરર' ઉપરથી 'બુદ્ધિપ્રકાશે' ઉતારેલા લેખનું તારણ)

બટાટા

બટાટા ખાનારાઓ મોટે ભાગે તેનાં છોડાં કાઢી નાખતા હોય છે; પણ બટાટાનું સત્ત્વ જ તેનાં છોડાંમાં છે. એમાં પોટાશ, સોડિયમ ને મૅગ્નેશિયમ જેવાં ઉપયોગી અને ફાયદાકારક ખનિજદ્રવ્યો છે. બટાટાનાં છોડાંવાળું પાણી પણ દવા તરીકે વાપરવા યોગ્ય છે. આ ખનિજદ્રવ્યો લોહીમાં જવાથી લોહી 'ઍસિડ' થતું અટકે છે અને શરીરને ઘણા રોગોથી દૂર રાખે છે. લોહીમાં યૂરિક ઍસિડનું પ્રમાણ વધે છે ત્યારે સંધિવા થાય છે. એ યૂરિક ઍસિડનો નાશ કરવાની શક્તિ ઉપરનાં ખનિજદ્રવ્યોમાં છે. પેટનાં ઘણાં દર્દો પણ આમ બટાટાથી મટી શકે છે. ડૉ. હિન્ડહેડે ઘણાં લોકોને બટાટા ઉપર રાખીને પ્રયોગો કર્યા હતા. બટાટાને પચતાં અરધા કલાકથી વધારે વાર નથી લાગતી. બટાટામાં વિટામીન 'બી' મોટા પ્રમાણમાં છે, પણ તેમાં કૅલ્શ્યમના તત્ત્વનો અભાવ છે. (કિશોર)

મુંબાઈ ઈલાકામાં

મુંબાઇ ઇલાકામાં કુલ ૨૧,૬૫૭ શહેરો તથા ગામડાંઓ છે. તેમાંથી ૧૨,૯૦૦ ઠેકાણે શાળાઓ છે. શિક્ષણસંસ્થા કુલ ૨૧,૫૯૮ છે ને તેમાં ૧૯,૬૧,૪૧૫ વિદ્યાર્થીઓ ભણે છે. તેમના શિક્ષણ પાછળ ગયે વર્ષે ૭,૨૩,૮૭,૨૪૩ રૂપિયા ખર્ચ થયો હતો, જેમાં સરકારે ૨૮,૫૫,૭૪૨ રૂપિયા ખર્ચ કર્યો હતો.

ઇલાકામાં આર્ટ્સ ને સાયન્સની મળી કુલ ૨૮ કૉલેજો છે, જેમાં ગયે વર્ષે ૨૦,૮૮૭ વિદ્યાર્થીઓ, તેમાં વિદ્યાર્થીનીઓ ૪૧૧૮ હતી. મેડિકલ કૉલેજમાં ૧૩૫૯, એન્જિનીઅરીંગ કૉલેજમાં ૪૨૯, ઍગ્રીકલ્ચર કૉલેજમાં ૪૩૯, કૉમર્સ કૉલેજમાં ૨૯૪૧, બીજા લૉ કૉલેજમાં અને કેમિકલ ટેક્નૉલૉજીમાં હતા. ઈલાકામાં ભણતા વિદ્યાર્થીઓમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ ૨,૪૦,૫૦૧ ને પછાત વર્ગના ૨,૩૬,૪૧૩ હતા.

બૃહદ્ હિંદ

પરદેશ જઇ વસતા હિંદીઓ વિષે આપણને બહુ ઓછી માહિતી છે. વિદેશમાં વસતા હિંદીઓના સત્તાવાર આંકડાઓ આ પ્રમાણે છે:— બ્રહ્મદેશ-૧૦ લાખ, સિલોન-સાડાસાત લાખ, મલાયા-સાડાસાત લાખ, મોરીશ્યસ-પોણાત્રણ લાખ, દક્ષિણ આફ્રિકા-પોણાત્રણ લાખ, દક્ષિણ અમેરિકા-બે લાખ, ટ્રિનિડાડ-પોણાબે લાખ, બ્રિટિશ ગિયાના-દોઢ લાખ, ફીજી ટાપુઓ-૧ લાખ, કેન્યા-પચાસ હજાર, ટાંગાનિકા-૩૫ હજાર, સિઆમ-ત્રીસ હજાર, યુગાન્ડા-૨૬ હજાર, જમૈકા-૨૬ હજાર, ડચ ઈસ્ટ ઈન્ડીઝ-૨૪ હજાર, ઇંગ્લંડ-૭ હજાર, ઉત્તર અમેરિકા-૬ હજાર, આ સિવાય દુનિયાના લગભગ ઘણાખરા દેશોમાં નાની સંખ્યામાં હિંદીઓ વસેલા છે.

આ માસ (જૂન) ઈતિહાસમાં

તા. ૧ ઑસ્ટ્રેલિયાના નગર મેલ્બોર્નની સ્થાપના—૧૮૪૩.
તા. ૨ બ્રિટિશ નવલકાર અને કવિ ટૉમસ હાર્ડીનો જન્મ—૧૮૪૦.
તા. ૭ દ૦ અમેરિકાના શહેરગ્વાટેમાલાનો ધરતીકંપથી નાશ-૧૭૭૩.
તા. ૧૦ લાઠી ઠાકોર સૂરસિંહજી–કવિ 'કલાપી'નું અવસાન–૧૯૦૦.
તા. ૧૭ બ્રિટિશ વૈજ્ઞાનિક સર વિલયમ ક્રૂકસનો જન્મ—૧૮૩૨.
તા. ૧૮ નેપોલિયનની હારની ખુશાલીમાં લંડનમાં 'વૉટર્લૂ બ્રિજ' નામનો ટેમ્સ નદી પરનો વિશાળ પૂલ ખુલ્લો મુકાયો--૧૮૧૭.
તા. ૨૧ સિકંદર સાથેની રાજા પોરસની લડાઇ શરૂ ઈ. પૂર્વે ૩૨૬.
તા. ૨૩ પ્લાસીના યુદ્ધમાં ક્લાઈવની જીત -- ૧૭૫૭.
તા. ૨૮ હિન્દમાં એક પૈસાવાળાં પોસ્ટ કાર્ડ નીકળ્યાં—૧૮૭૯.

આ માસની વ્યક્તિ વિશેષ: સર જૉન એવરેટ મિલે



પુરોગામી યુગની આડંબરી ઘરેડમાંથી ઇંગ્લૅંડની કળાને મુક્ત કરી તેમાં નવો પ્રાણ પૂરનાર 'પ્રી-રાફેલાઈટ બ્રધરહૂડ'ના સ્થાપક સર જૉન એવરેટ મિલેનો જન્મ ૧૮૨૯ની ૮મી જૂને સાઉધેમ્પ્ટન ખાતે થએલો. નાનપણથી જ અદ્ભુત શક્તિ ધરાવતો જૉન છ વર્ષની ઉમરે તો લોકોનાં આબેહૂબ ચિત્રો દોરતો. તેની આ પ્રતિભાએ ઈંગ્લંડની શાહી કળાશાળા (રૉયલ ઍકેડેમી)ના પ્રમુખને પણ આશ્ચર્યચકિત કરી દીધેલા.

બ્લૂકસબરીની હેનરી સારની ચિત્રશાળામાંથી એક જ વર્ષમાં ઉત્તમ કૃતિ માટે રૂપાનો ચંદ્રક લઈ ૧૧ વર્ષની ઉમરે તે રૉયલ ઍકેડેમીમાં દાખલ થયો, અને ત્યાં છ વર્ષ રહ્યો તે દરમ્યાન દર વર્ષે ત્યાંનાં બધાં જ ઇનામો મેળવ્યાં. પંદર વર્ષની ઉમરે તો તેણે મોટાં ભાવચિત્રો આલેખવા માંડેલાં.

તે વેળા તેણે બીજા બે ચિત્રકારો હૉલમન હન્ટ અને દાન્તે ગ્રૅબ્રીઅલ રૉઝેટી સાથે મળી મશહૂર 'પ્રી-રાફેલાઇટ બ્રધરહૂડ'ની સ્થાપના કરી. ૧૮૫૦માં એ મંડળના સિદ્ધાંતોના સમર્થનાર્થે 'જર્મ' (બીજક) નામનું માસિક પણ કાઢ્યું. અને એ નવી પદ્ધતિ પર 'પોતાનાં સુતાર માબાપનાં ગૃહમાં જીસસ' નામે ચિત્ર દોર્યું, જેને પરિણામે એટલો ઉહાપોહ થયો કે લોકપ્રિયતા ગુમાવી ને નિરાશ થઇ ગયો, પણ છતાંયે તે પોતાના સિદ્ધાંતોથી તો ચલિત ન જ થયો. છતાં રૉયલ ઍકેડેમીએ છેલ્ટે ૧૮૫૩માં તેને પોતાના 'એસોશિયેટ' (સહકારી) તરીકે ચૂંટ્યો. પણ નિયમાનુસાર એ વખતે તેની ઉમર ચોવીસ વર્ષની ન હોવાથી ત્રણ વર્ષ રહીને એની ફરીથી ચૂંટણી કરી.

૧૮૫૪માં જહૉન રસ્કિનની પત્નીએ રસ્કિનથી છૂટાછેડા લઇ તેની જોડે લગ્ન કર્યાં જે ઘણાં સુખપ્રદ નીવડયાં ને ધીમેધીમે ગુમાવેલી લોકપ્રિયતા પાછી જમાવી દઈ તે સાફલ્યની સિદ્ધિએ પહોંચ્યો

૧૮૬૩માં તેને રૉયલ ઍકેડેમિશીઅન બનાવવામાં આવ્યો. ૧૮૬૮માં ફરી તેણે શૈલી બદલી, જે કાયમ રહી. સરળ વાસ્તવિકતાનું સ્થાન ભવ્ય 'ઇમ્પ્રેશનિઝમ'થી ભરાયું. ૧૮૮૫માં તેને 'સર'નો ઈલ્કાબ આપીને બૅરોનેટ બનાવવામાં આવ્યો. ૧૮૯૬ના ફેબ્રુઆરીમાં તેને લૉર્ડ લેઈટનના મૃત્યુથી ખાલી પડેલું રૉયલ ઍકેડેમીનું પ્રમુખસ્થાન અપાયું, પણ એ સ્થાને માત્ર છ જ માસ રહી ૧૮૯૬ની ૧૩મી ઑગસ્ટે કૅન્સરના દર્દથી તે અવસાન પામ્યો અને તેના દેહને માનપૂર્વક સેંટ પોલના દેવળમાં દફનાવવામાં આવ્યો.

કલાકાર તરીકે છેવટ સુધી તપસ્વી, મનુષ્ય તરીકે ઉદાર, મિત્ર તરીકે સ્નેહભર્યો, દુશ્મન તરીકે દાનો, ને બાળકોને ખૂબ જ ચાહનાર મિલે બ્રિટિશ ચિત્રકારોમાં વરસો સુધી લોકપ્રિય થયો છે ને રહેશે.

કલા, પ્રણય, શ્રી ન ઘેન બનજો પછી એકનું,
રસાયણ રહો બની જીવનના રસોદ્રેકનું.

—જયંત પાઠક

નરસિંહરાવ દિવેટિયા દક્ષિણમાં આસિ. કલેક્ટર હતા ત્યારે લોકમાન્ય ટિળકની છબિ ગ્રંથાલયમાં મૂકવા માટે રાજદ્રોહના આરોપસર એક પુસ્તકાલયના સંચાલકનો મુકદ્દમો તેમની પાસે આવ્યો. ૧૯મી સદીની આખરના એ દિવસોમાં બ્રિટિશ સરકારનો દોરઆકરો હતો ને ટિળક તો ભયંકર ગણાતા. નરસિંહરાવને ગોરા ઉપરી તરફથી સૂચના મળી કે આરોપીને ગુનેગાર ઠરાવી સજા કરવી. ન્યાયના કામમાં થતી આ ડખલ સામે નરસિંહરાવે કોઇ સાથે આડકતરીરીતે તાતો ઉત્તર મોકલ્યો કે 'દિવેટિયા સદા ન્યાયપુરઃસર ચુકાદા જ આપે છે; એમને સલાહની જરૂર નથી.' પણ મુકદ્દમાનો ચુકાદો આવ્યો ત્યારે જનતામાં આનંદ ફેલાયો ને અમલદારોમાં ખળભળાટ; કેમકે આરોપી નિર્દોષ છૂટ્યો હતો! મનાય છે કે આ બનાવને જ કારણે નરસિંહરાવને પછીથી કલેક્ટરની પદવી મળી નહિ. પણ ન્યાયનિષ્ઠ નરસિંહરાવને મન તેનો લેશે વસવસો ન હતો.

કહેવતોના અર્થ: 'ભર્યા ચરુનો દાણો ચંપાય'—એ વાકય જ દર્શાવે છે તેમ અનાજની ભલે મોટી દેગ રંધાતી હોય, પણ એક દાણો ચાંપવાથી જ સમસ્ત રસોઇ ચડી ચૂકી છે કે નહિ તે જાણી શકાય છે; તેમ થોડા ઉપરથી સમસ્તની પરીક્ષા કરવાનું આ કહેવત દર્શાવે છે. એને મળતી બીજી કહેવતો: 'અંગુઠા પ્રમાણે રાવણ'; 'કાકા દીઠે કુટુંબ દીઠું ને મામા દીઠે મોસાળ દીઠું' વગેરે.

અનેકાર્થી શબ્દ: હાંસડી=ગળા આગળનું એક હાડકું; ગળામાં પહેરવાનું એક ઘરેણું; લોટાને કે તેવા વાસણને ઊંચકવા કરેલો ગાળો; ઘોડાને ગળે પહેરાવવાના સામાનનો એક ભાગ; કોસનું લોઢાનું ચકરડું; પૈડાના મોં પરનો લોઢાનો ગાળો.

જગતનું સૌથી મોટું છાપું ન્યૂ યૉર્કમાં એકવાર પ્રકટ થએલું. તેનું નામ 'ઇલસ્ટ્રેટેડ ક્વાર્ડુપલ કૉન્સ્ટેલેશન.' તે ૮।। ફૂટ લાંબું અને ૬ ફૂટ પહોળું હતું!

કોરા બ્રશને વાપરતા અગાઉ પાંચેક મિનિટ ઑલિવના તેલમાં બોળી રાખવાથી તે સરસ કામ આપશે; પછી પાણી કે હવા તેમાંથી પસાર થઇ શકશે નહિ.

ઘણા પ્રૌઢ લોકોને વાંચતી વખતે ચશ્માની જરૂર પડે છે; પણ જો કોઈ વાર ચશ્મા પાસે ન હોય અને વાંચવાનો પ્રસંગ આવે તો એક કાગળમાં ટાંકણી વડે ઝીણું કાણું પાડીને તે કાણું આંખ આગળ લાવી તેમાંથી લખાણ વાંચવા પ્રયત્ન કરવો. આ રીતે ઘણા ખરા સારી રીતે વાંચી શકે છે એમ જણાયું છે.

લઘુલિપિની સૌ પહેલી શોધ ઇ.સ. પૂર્વે ૪થી સદીમાં ગ્રીકોએ કરેલી. પરંતુ હાલની પદ્ધતિ પર તેની રચના કરવાનું માન રોમન કાળના માર્કસ ટુલિયસ ટિરો (Marcus Tullius Tiro) નામે એક ગુલામને ફાળે જાય છે. ઇ.સ. પૂર્વે પહેલી સદીમાં શોધેલી તેની એ પદ્ધતિથી સિસેરો, સીઝર, કેટો આદિનાં સેનેટમાંનાં ભાષણો નોંધવામાં આવતાં. પણ આધુનિક લઘુલિપિની પદ્ધતિ ૧૫૮૮માં ટિમોથી બ્રાઇટે શોધેલી.


ઇરાની ગાલીચામાં દર ચોરસઇંચે ૧૦૦૦ ગાંઠો હોય છે.

સગડી ચેતાવવાની બહુ ઉતાવળ હોય તો થોડી ખાંડ ભભરાવી જોજો; તુરત ચેતશે.

ફ્રાન્સમાં જગતનો સૌથી મોટો કાચબો છે. તેનું વજન ૧૩૨૪ રતલ છે.

શરૂઆતમાં જ્યારે ક્રિકેટ રમાતું ત્યારે પગે પદસંરક્ષક (લેગ-ગાર્ડ્ઝ) બાંધવામાં આવતાં નહોતાં; પણ આલ્ફ્રેડ મીન નામના પહેલા ફાસ્ટ બોલરને લીધે તેનું આગમન થયું.

લોહી નીકળતા ઘા ઉપર પાનમાં ખાવાનો ચૂનો જાડો ચોપડી તે પર મીઠા તેલનું પોતું મૂકી પાટો બાંધી દેવાથી ઘા રુઝાઈ જાય છે.



સાદા પૅડ અગર ફાઈલમાં છૂટા મૂકેલા કાગળો ઉપર-નીચેથી બહાર નીકળી ન જાય તે માટે ઉપર પ્રમાણે પૅડની બે બાજુ કાણાં પાડી તેને ઢીલી દોરી વડે જોઇએ તે પ્રમાણે બાંધી લેવાથી તે ભય દૂર થશે.



કલાકણિકા: આ અંકમાં 'માટી'ના લેખમાં જેનો ઉલ્લેખ છે તે ચીની માટીની કારીગરીમાં દુનિયાના લગભગ એકેએક દેશના કલાકારોની કલ્પના પૂરબહારમાં ખીલી ઊઠી છે; અને તે માત્ર વાસણોમાં જ નહિ, પણ અનેક વસ્તુઓમાં. તેનો એક નમૂનો તે આ ઉપર આપેલું તુર્કસ્તાનમાં ખલીફા ઉપરની મસ્જિદમાંના ચિરાગનું પાત્ર છે. એના મોહક ઘાટ ઉપરાંત એના પર અરબીમાં ધર્મસૂત્રો અને શોભનની ગિલાવટ કેવાં સપ્રમાણ અને રૂપસુંદર કરી છે!

માણસનું શરીર એક ડાયનેમો છે. ઘર્ષણથી, રેશમી ને ઊનનાં કપડાં પહેરવાથી, ને ચાલવાથી પણ માણસના શરીરમાં વિદ્યુત ઉત્પન્ન થાય છે. ઠંડા-સૂકા વાતાવરણમાં કેટલાક લોકોના શરીરમાં એટલી વિદ્યુત ઉત્પન્ન થાય છે કે તેમણે બીજાનો હાથ પકડતાં જ સામાને નાનો ધક્કો લાગે છે. આ રીતે ૧૨·૫ વોલ્ટ જેટલું વિદ્યુત દબાણ થઇ શકે છે.

અંગ્રેજી ભાષાની મહાન ગ્રેટ ઑક્સફર્ડ ડિક્શનરીમાં ૪,૧૪,૮૨૫ શબ્દોના અર્થ આપ્યા છે; ને એ શબ્દોના સ્પષ્ટીકરણ માટે ૧૮,૨૭,૩૦૬ શબ્દનો ઉપયોગ કરેલો છે.

વર્ષા ઋતુમાં અવારનવાર ઘરમાં લાલ કીડીઓ મોટા પ્રમાણમાં નીકળે છે. તે જગ્યાએ સિંધાલૂણનો ભૂકો ભરવાથી તેની ઝેરી વાસથી એ નાસી જશે.

અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેઈનને એક અંગ્રેજ સ્ત્રીએ પૂછ્યું 'તમે ઇંગ્લેંડમાં કેમ ન જન્મ્યા ને અમેરિકામાં જન્મ્યા?'

'કારણ, જન્મતી વખતે મારી મા મારી પડખે હોય તો સારું એમ મને લાગેલું એટલે!' ટ્વેઇને જવાબ વાળ્યો.



મદ્રાસ કળાશાળાનું જૂનું માટીકામ: આ અંકમાં અન્યત્ર પ્રકટ થએલા 'માટી'ના લેખમાં ચીની માટીનાં વાસણોની બનાવટનો ઉલ્લેખ આવે છે તેને અનુલક્ષીને હિંદી ઘાટ અને ચિત્રશોભનવાળાં વાસણોનો સમૂહ અહીં આપ્યો છે. હિંદમાં અંગ્રેજ અમલ સ્થિર થતાંની સાથે સરકાર તરફથી, આજથી છેક ૫૦ ૬૫ વર્ષ ઉપર સમર્થ પ્રયત્નોપૂર્વક હિંદની વિવિધદેશીય કલાકારીગરીની વિગતવાર નોંધણી અને સંશોધન કરવામાં આવ્યાં હતાં અને એ કારીગરીઓના ઉત્તેજન તથા વિકાસની દૃષ્ટિએ કલાશાળાઓમાં તેના વિભાગો ખોલી તેનું શિક્ષણ શરુ કર્યું હતું. તેમાં લૉકવૂડ કિપ્લિંગ તથા જૉન ગ્રિફિથ્સ જેવા હિંદી રૂપરચનામાં રસ ધરાવતા કલાશાળાના આચાર્યોએ પ્રશસ્ય પ્રયત્નો કરેલા. તેના નમૂના તરીકે આ ઉપરનો સમૂહ તથા આ અંકના પૂંઠા ઉપરનું રકાબીનું ચિત્ર આપીએ છીએ. તેમાં આપણી પ્રાચીન પરંપરાનું ઘાટવૈવિધ્ય તથા શોભનઆલેખનો ઉતારેલાં છે.